

માનવ વસવાટ વચ્ચે
હંજ (ફ્લૅમિંગો)ની વસતિ
ફોટો : પ્રાણલાલ પટેલ

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ


વર્ષ ૬૭મું • ઑગસ્ટ ૧૯૯૪

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

તંત્રી : ધીરુ પરીખ

સંપાદક : બિહારીલાલ ટાંક

સળંગ અંક
૭૯૯







જલવર્ષા
ત્રણે ફોટા : પ્રાણલાલ પટેલ

શ્રાવણની સાંજનો તડકો

શ્રાવણની સાંજનો તડકો ઢોળાયો મારા ચોકમાં;
જાણે હેમનો સોહાયો હાર ગરવી તે ગાયની ડોકમાં.

આવ્યા અતિથિ હો દૂરના કો દેશથી એવો સમીર તો ચૂપ,
તોય રે લજાઈને ક્યાંકથી રે આવતાં મંજરીનાં મ્હેક
મ્હેક રૂપ;
સૂરને આલાપતી ઘડીઓ ઘેરાય શું વાંસળીને વેહ કોક
કોકમાં.

આથમણા આભમાં કોઈ જાણે રેલતું અંતરના તેજનો સોહાગ,
વાદળની વેલ્યને ફૂટ્યાં રે ફૂલડાં જાણે અનંગનો બાગ;
રજનીના રંગનો અણસારો આવતો આભના રાતા
હિંગળોકમાં.

પ્રિયકાન્ત મણિયાર

જુલાઈ **કુમાર** ૧૯૯૪

કુમાર સળંગ અંક ૭૯૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ.
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમેન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ.
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫).
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૫૦૦; આજીવન રૂ. ૯૦૦;
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે

આજે ભક્તિમાં એક પ્રશ્ન છે : રામના માટે કામ કે કામના માટે રામ ? મોટા ભાગનો સમાજ ભગવાનનો પોતાની કામનાપૂર્તિ માટે ઉપયોગ કરે છે... આજે Have અને Have not બન્ને અશાંત છે. માણસ કથાવાર્તા સાંભળે છે, પણ મનોરંજનની રીતે. શ્રુત્વા પાપં પરિત્યજેત, શ્રુત્વા જ્ઞાનામૃતમ્ લભેત - આ તો થતું જ નથી. કથાઓની જાહેરાતો અહીંનાં અખબારોમાં આવે છે તે વાંચીને હસવું આવે છે. રુક્મિણી કે સીતાવિવાહના વરપક્ષમાં રહેવું હોય તો ૫૦૦૦ અને કન્યાપક્ષે રહેવું હોય તો ૩૦૦૦ ડૉલર ! પાછો દરેક જગ્યાએ ભાવ અલગ અલગ !! આવા અબુધ ભક્તો બહુ મોટું કામ કરી નાખ્યાનો ભ્રાન્ત આત્મસંતોષ લે. કથાઓ ઢીંગલા-ઢીંગલીના ખેલ બની ગઈ છે. કોઈ જગ્યાએ મારા વાંચવામાં નથી આવ્યું કે શુકદેવજી કે તુલસીદાસ આ રીતે કથા કરતા હતા. આજના કાળમાં બે ક્ષેત્રોમાં પ્રસિદ્ધિ મળતી હોય છે - સિનેમા અને ધર્મકથાઓમાં. ઍક્ટર અને કથાકાર બંને સમાજનું મનોરંજન કરે છે, ફક્ત પદ્ધતિમાં ફરક છે. સમાજને શેની જરૂર છે તે નથી બોલતા, પણ શું ગમે છે તે જોઈને બોલે છે.

શા માટે ભજન કરો છો ? ૯૦% લોકો પાસે યોગ્ય જવાબ નહિ હોય. તો તો આજના ભજનગાયકોને ભગવાન મળી ગયો હોત. આજના અહીંના વૃદ્ધો ભજનો ગાય-સાંભળે છે, પણ રામે આચરેલી નાનામાં નાની નીતિમત્તા દાખવવા તૈયાર નથી. રામને જંગલમાં ભરત કૈકેયી વશિષ્ઠ વગેરે પાછા બોલાવવા જાય છે. રામ કહી શક્યા હોત કે મા અને ગુરુ વશિષ્ઠ પાછા બોલાવે છે તો જવામાં વાંધો નથી. પરંતુ રામે નમ્રતા અને વિવેકપૂર્વક ના પાડી કે મેં પિતાને વચન આપ્યું છે માટે પરત નહિ આવું. જે રામ નીતિમત્તાનો આવો સૂક્ષ્મ ખયાલ ધરાવે છે તેના ભક્તો અહીં પરદેશમાં, સંપન્ન સંતાનો હોવા છતાં, હરામની સોશ્યલ સિક્યોરિટી લેતાં ખચકાતાં નથી ! બધાને નીતિ ગમે છે, પણ પોતાના સ્વાર્થમાં આડી ન આવે ત્યાં સુધી. નીતિમાન માણસ કટોકટીના સમયે ભૌતિક વાતો ધ્યાન પર નહિ લે, આપણે ત્યાં દુકાનદારો સાચું જ લખે છે : 'Honesty is our best policy'. સમય અને ઘરાક પ્રમાણે policy બદલી શકાય છે. પણ એવું કોઈ નથી લખતું કે 'Honesty is our Principle'. સમય કે ઘરાક પ્રમાણે Principle નથી બદલી શકાતો. શ્રાવણ માસનાં ધાડાં અહીં પણ આવી ધાડો પાડવા ઊમટી પડે છે ! કોણ જાણે સાચો ધર્મ ક્યારે સમજાશે !

- દેવેશ પટેલ (ઓહાયો, અમેરિકા)

શિવવંદના

જેનો રમ્યનિવાસ હિમ શિખરે કૈલાસમાં શોભતો
જેને મસ્તક મંદ મંદ ગરવી મંદાકિની મ્હાલતી;
ભાલે ભવ્ય શશાંક અંકિત અને અંગે ધરી ભસ્મ જો !
એવા સૌમ્ય, સદા ઉદાર શિવને પ્રેમે અમે વંદતાં.

પૂર્વે મંથન આકરું ઊદધિનું સહુએ કીધું સાથમાં
દેવો અન્ય તદા અશક્ત બનતા આસક્ત જે સ્વાર્થમાં;
દેખીને વિષ આકરૂં ઊભરતું વ્યાકુળ, સહુ કંપતાં
ત્યાગી, નિર્વિષયી શિવે વિષ તણું શીઘ્રે કર્યું પાન ત્યાં.

એવા દીનદયાળ હે પશુપતિ ! ત્રાતા ત્રણે લોકના !
આપો આશિષ આશુતોષ અમને પ્રેમે નમે શીશ આ;
ભક્તોની હરકાળ ભાળ લઈને ભીતિ હરો છો તમે
રિદ્ધિહીન સ્વયં રહી જ અમને સંતુષ્ટ રાખો તમે.

ગાતાં પાર ન આવશે અમથકી કોટિ ગુણો આપના
ત્રૈલોક્યે ત્રિપુરારિ હે ! તમ વિના દૃષ્ટા દીસે કોઈ ના;
વામાંકે સ્થિત પાર્વતી શિવપ્રિયા રક્ષા કરે વિશ્વની
માર્થું પ્રીત સદૈવ ચિત્ત વસજો શંભુ સ્વયંભૂતણી.

પ્રા. કિશોર બી. માંકડ

વિજ્ઞપ્તિ

- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ મોકલવું નહીં. સ્વીકૃત રચનાનો નિર્ણય સામાન્યતઃ બે માસમાં જણાવવામાં આવે છે. અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. આથી કૃતિની નકલ પાસે રાખવી હિતાવહ છે.
- ગ્રાહકે પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર જણાવવો જરૂરી છે. 'કુમાર'ની કોથળી પર તે દર્શાવ્યો હોય છે.
- સરનામામાં ફેરફાર કે એવી અન્ય કંઈ સૂચના જે માસની આખર સુધીમાં મળશે તેનો અમલ તે પછીના અંકથી શક્ય બનશે. આવી સૂચના મળ્યા પહેલાં રવાના થઈ ચૂકેલો અંક ફરી મોકલવો શક્ય નથી. ગુમ થયેલા અંકો અંગે જો અમને એકાદ માસમાં ફરિયાદ મળશે તો જ ને અંક સિલકમાં હશે તો તેનો નિકાલ થઈ શકશે. આવો અંક મગાવનારે રૂપિયા બેની ટપાલ ટિકિટ અવશ્ય મોકલવી. પરંતુ એથી જૂના અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી. શક્ય હોય ત્યાં સુધી તો ગુમ થયેલા અંકો અમે મોકલી જ આપીએ છીએ.
- 'કુમાર' અંગેની વહીવટી પૃચ્છા તેમજ અન્ય કંઈ બાબત અંગેના પત્રવ્યવહાર માટે જવાબી ટપાલખર્ચ મોકલવું.

મળીએ, પણ–/ જયન્ત પાઠક

(વસંતતિલકા-સૉનેટ)

તું તો સુવર્ણનગરીનૃપ, મ્હેલ તારે
અંતઃપુરે સુખવિલાસપલંગ પોઢચો;
હું તો અકિંચન પડચો ઝૂંપડીપથારે
હું એમ આવી શકું દૂરથી કેમ દોડચો!

સૌ દ્વાર બંધ, ફરતે વળી ચોકી-પ્હેરા
તેમાં પ્રવેશી ફરવા દીન જેમ ફેરા !
ને સાંકળો સજડ બે ખખડાવવાની–

ના, ના બને મુજથી એ વિધિ યાચનાની;
જાણે તું કે જણ હું છું ઘરથી સ્વમાની.
તું નામ કિંતુ સુણતાં જ ખડો થઈને
છોડી પલંગ, ગૃહખંડ વટાવતો કને
આવે બહાર યદિ હેતહડી દઈને
જો દ્વારકેશ સમ મામ મૂકી જ, સામો
તો હુંય ભેટી પડું મિત્ર તને, સુદામો.

ક્યારે સમજે છે!/ સતીન દેસાઈ

(ગઝલ)

સતત પ્રશ્નાર્થ ઘૂંટે છે કલમને ક્યારે સમજે છે !
કસોટીપત્ર જેવું મન ઈલમને ક્યારે સમજે છે !

ચઢાણોને અહીં ચારે તરફથી ઢાંકતાં વૃક્ષો,
ગગનનો સ્પર્શ તો પામે ચરમને ક્યારે સમજે છે !

સમયની પાર થાતાંવેંત ડૂબે સામટા દરિયા,
તમે સીંચેલ શ્વાસો દમ્-બ-દમને ક્યારે સમજે છે !

સરોવર બાંધવાની મૂર્ખતાના પ્હાડ જેવો હું,
મને તાગે છે દરિયા મારા ગમને ક્યારે સમજે છે !

તમે પણ આથમીને વ્હે જવાની કોશિશો કરજો,
રટેલા વેદવેદાંતો ભસમને ક્યારે સમજે છે !

હથેળી પારકી માનીને ખોદે છે કબર એમાં,
લકીરોના ફરિશ્તાઓ જનમને ક્યારે સમજે છે !

લગામોની સમજ અશ્વોને આપી થાકશે શ્વાસો,
પરમને ઠેકનારા પણ પરમને ક્યારે સમજે છે !

પ્રાર્થના / જગદીશ ત્રિવેદી

(પૃથ્વી-સૉનેટ)

કરી કરી અને કૃપા અછડતી કરી કાં ભલા !
હતી હૃદયઝંખના : નયનતેજ લ્યો સંહરી –
નથી નીરખવું હવે કશુંય : ચક્ષુ જ્યાં જ્યાં ફરે
મનુષ્ય મનુવંશમૂળ ખણીખોદવા પાગલ;
પ્રયત્નરત ઘેનચૂર વળી રાજ્યસત્તાવીરો –
રસાળ મુજ માતૃભૂમિ કરી મૂકવા ઊપર !
નથી જ નીરખ્યું જતું : નયનતેજ લ્યો લ્યો હરી !

પ્રલોભન ન કે મને : નયનદીપ ઠારી અને
જરીક ઉરપોપચાં ફરફરે – ઉઘાડો પૂરાં –
અજાણ નવ : ચર્મચક્ષુ થકી તેજીલાં કેટલાં –
હજાર-લખ જોજનો હૃદયલોચનો ભાળતાં !
ભર્યું ભીતર ભાવિના - ક્ષણ મહીં જ દેખાડશે !
નમાવી શિર પ્રાર્થના : નયનતેજ તો સંહરો
પરંતુ પ્રભુ બક્ષજો બધિરતાય સંગાથમાં.

ચોમાસું વીંઝે તલવાર / પાર્થ મહાબાહુ

(ગાન)

એલા ગોવિંદા ! જો
ચોમાસું વીંઝે તલવાર.....

છત્રીની સોંસરવો ભીનો ભીનો આવ્યો અણસાર
ઘટાદાર દંદૂડે ઓગળીને થઈએ તલભાર

એલા ગોવિંદા ! જો
ચોમાસું વીંઝે તલવાર.....

બંગલામાં કોરોકટ્ટ ફરફોલો પાંગરે ને ઝૂંપડામાં સૂનમૂન મૂંઝારો પલળે
કોથળામાં ઢબુરાઈ ગરીબાઈ મ્હાલે ને યુનિફૉર્મ ઓઢેલો ફોજદાર પલળે

મીણબત્તી જેમ કેમ ઊભો તું પ્હેરી સૂનકાર ?.....
એલા ગોવિંદા ! જો
ચોમાસું વીંઝે તલવાર.....

ગોઠણલગ ઉઘાડું શ્હેર જોઈ છાનુંછાનું ખળખળતા રસ્તાનું જોને હરખાવું
પીડાનાં પૂતળાંને પળવાર પલાળીને નથી તારે થોડુંથોડું કૂણુંકૂણું થાવું ?

તારામાં ટપક ટપક ટપકે તે સાંભળ ભણકાર.....
એલા ગોવિંદા ! જો
ચોમાસું વીંઝે તલવાર.....



આઝાદ હિન્દ ફોજ દ્વારા દેશના સ્વાતંત્ર્ય કાજે દેશ બહારથી પુરુષાર્થ કરનાર

નેતાજી સુભાષચન્દ્ર બોઝ

ચન્દ્રકાન્ત મહેતા

ભારતમાતાની પરતંત્રતાની જંજીરો તોડવામાં નેતાજી સુભાષચન્દ્ર બોઝનું પણ અત્યંત મહત્ત્વનું યોગદાન રહ્યું છે. તેમનો જન્મ ઓરિસ્સા રાજ્યના તીર્થધામ જગન્નાથપુરીમાં ઈ. ૧૮૯૭ની ૨૩મી જાન્યુઆરીએ બપોરના બાર વાગ્યે થયો હતો. એમના પિતા જાનકીનાથ બોઝ સરકારી વકીલ હતા અને માતા પ્રભાવતીદેવી રામકૃષ્ણ પરમહંસનાં પરમ ભક્ત હતાં. અત્યંત ધનિક પિતાના પુત્ર હોવા છતાં સુભાષ બારેમાસ ભોંય પર જ સૂવાનું પસંદ કરતા. એ કહેતા 'આપણા પૂર્વજો ઋષિમુનિઓ પણ આમ જ ભૂમિ પર સૂતા હતા.'

પિતાનું સરકારમાં સારું માન હતું, અને સરકારે એમને રાવબહાદુરનો ખિતાબ પણ આપ્યો હતો. સુભાષને પાંચ વર્ષના હતા ત્યારે એમને પી.ઈ મિશનરી શાળામાં ભણવા મૂક્યા.

એકવાર એ શાળામાંથી દરવાનની નજર ચૂકાવી પિતાજીની કચેરીમાં ગયા. પિતા કોઈ અગત્યના મુકદમાની તૈયારી કરવામાં રોકાએલા હતા. વળી, એમને સાંજે પટણા જવાનું હતું. એકાએક પુત્રને આવેલો જોઈ એમણે પૂછ્યું, 'સુભાષ, ! આજે નિશાળે નથી ગયો ?'

ગયો હતો. આજે તો અમારી શાળાનો સ્થાપનાદિન છે. ઈનામો પણ અપાશે. આ અમારી નિમંત્રણ - પત્રિકા?

પુત્રને ગંભીર જોઈ પિતાએ પૂછ્યું, 'સુભાષ, તું આમ મૂંઝાયેલો કેમ લાગે છે ?'

સુભાષની આંખો આંસુથી છલકાઈ. એણે કહ્યું. 'આજે જે ઈનામ વહેંચવા આવવાના હતા એમનો તાર આવ્યો છે કે તેઓ નહિ આવી શકે. 'પિતાજી તમે ન આવો ઈનામ વહેંચવા ?'

'હું આવીશ. તારા શિક્ષકને કાગળ લખી આપું છું. અને જાનકીનાથે કાગળમાં લખ્યું હતું : ચારને ટકોરે આવીશ. ફક્ત વીસ મિનિટ બોલીશ. ઈનામો વહેંચીશ. બે શબ્દ કહીશ. સ્વાગત-ભાષણ નહિ. આભાર માનવાનો નહિ. હાર તો નહિ જ. ચાપાણી નહિ. વાહન પણ મારે નહિ જોઈએ. કોઈ બોલાવવા ન આવે. તૈયાર રહેજો.' જાનકીદાસ આવા શિષ્ટાચારના વિરોધી હતા.

એમણે આધીને ઈનામો વહેંચ્યાં, અને એમના ભાષણમાં વિદ્યાર્થીઓને કહ્યું, 'તમારો સાચો શિક્ષક તો તમારા અંતઃકરણમાં છે. એને ઓળખો અને એ કહે તેમ કરો. એ જ તમારો રાહબર. તમારું પહેલુ કામ આપણી માભોમને આઝાદ કરાવવાનું છે. એ માટે સાહસ ખેડવાં જોઈએ, હિંમત રાખવી જોઈએ ને અન્યાયનો સામનો કરવો જોઈએ. ધ્યાનમાં રાખો કે પહેલાં સ્વરાજ માટે ને પછી સુરાજ્ય માટે તમારે લડવાનું છે. ભગવાન તમને એ શક્તિ આપે. વંદે માતરમ્.'

એક મિશનરી શાળામાં, પોતે સરકારી અમલદાર હોવા છતાં, એઓ છોકરાઓને સ્વરાજનો મંત્ર આપતા હતા, સ્વતંત્રતા માટે લડવાનું કહેતા. એવી એમની નિર્ભીકતા. એ સમયે બંગભંગની વિરુદ્ધ આંદોલન ચાલતું હતું. આંદોલનકારીઓ અને ભારતના બધા દેશપ્રેમીઓ 'વંદે માતરમ્' બોલતા, અને 'વંદે માતરમ્'ના ઉચ્ચારણ કરનાર ઉપર સરકાર પણ અમાનુષી જુલ્મો કરતી. એવા એ કાળમાં આ રાવબહાદુરના ખિતાબધારીએ શાળાનાં બાળકો પાસે 'વંદે માતરમ્' બોલાવ્યું હતું.

બંગભંગ વિરોધનું આંદોલન જોરશોરમાં ચાલતું હતું. અનેક નવયુવાનો ફાંસીને માચડે ચઢી ચૂક્યા હતા. એકવાર જિલ્લા ન્યાયાધીશે જાનકીનાથને બોલાવીને કહ્યું કે તમારી વિરુદ્ધ પોલીસખાતાની ફરિયાદ છે કે તમે સરકારી વકીલ હોવા છતાં પકડાયેલા ક્રાંતિકારીઓ છૂટી જાય છે. જાનકીદાસે નીડરતાથી જવાબ આપ્યો, 'સાહેબ, કાયદો સત્ય જુએ છે, સત્તા નહિ. એ

ન્યાયની બાજુએ ઢળે છે, અન્યાયની બાજુએ નહિ. ખોટાં પંચનામાં, અને જુઠ્ઠા સાક્ષીઓ પર આધાર રાખી સજા ન જ થાય.' અને ઘેર આવીને એમણે સરકારી વકીલ તરીકે રાજીનામું આપી દીધું એટલું જ નહિ, પણ રાયબહાદુરનો ખિતાબ પણ સરકારને પરત કર્યો.

બાર વર્ષના સુભાષ એકવાર નિશાળેથી રડતા રડતા આવ્યા. પ્રભાવતીદેવીને થયું કે શાળામાં કંઈ થયું હશે. થોડા સમય સુધી ખૂબ રડ્યા. પછી એણે માને કહ્યું, 'મા, હું આ શાળામાં નહિ જ જાઉં.'

'તારાં ભાઈબહેનો તો એ શાળામાં જાય જ છે. તો પછી તને શો વાંધો છે ?'

'એ શાળા ખરાબ છે. મને કહે તું હિન્દુસ્તાની છે.' પાસેના ખંડમાં જાનકીનાથે આ સાંભળ્યું, એ ત્યાં આવ્યા, અને કહ્યું 'હિન્દુસ્તાની હોવાનું તો અભિમાન હોવું જોઈએ. રામકૃષ્ણ, વિવેકાનંદ, ટિળક, અરવિંદ એ બધા હિન્દુસ્તાની નથી ?'

'પણ પિતાજી, તો પછી મને આટલો અન્યાય શા માટે ? મને પહેલો નંબર મળે, પણ હું હિન્દુસ્તાની એટલે છાત્રવૃત્તિની પરીક્ષામાં ન બેસી શકું. મને સરસ કવાયત આવડે, પણ હું હિન્દુસ્તાની એટલે સૈનિક ન બની શકું. હું સરસ પિસ્તોલ ચલાવી શકું, પણ હું હિન્દુસ્તાની એટલે એનું શિક્ષણ ન મેળવી શકું.'

'અરે તારી પી.ઈ. શાળા માત્ર ખ્રિસ્તીઓ માટે છે. ત્યાં ફક્ત પંદર ટકા જ હિન્દુસ્તાનીને પ્રવેશ મળે છે. તને સારું અંગ્રેજી આવડે અને સારી શિસ્ત શીખે એટલે તો તને ત્યાં મૂક્યો.'

'તો પણ હું ત્યાં નથી જવાનો, કારણ કે ત્યાં એક ખરાબ શિરસ્તો છે.' 'બંગાળીમાં જરા વાત કરો તો દંડ થાય.'

'હા. એ બહુ ખરાબ છે. એ બદલાવીએ પણ.....'

સાત વર્ષથી સુભાષ એ નિશાળમાં જાય. પણ ઘર અને નિશાળ બંનેનું તદ્દન જુદું વાતાવરણ. ઘરમાં સાદો બંગાળી પોશાક, પણ નિશાળમાં કોટ-ટાઈ પહેરવાનાં. ઘરમાં દુર્ગાપૂજા, ધાર્મિક ગ્રંથવાચન; ત્યારે નિશાળમાં બાઈબલનું સામૂહિક પઠન. ઘરમાં લાડુ, સંદેશ, રસગુલ્લાં; ત્યારે નિશાળમાં પાંઉ, સેન્ડવીચ, ટોસ્ટ મળે. ઘરમાં સંસ્કૃત, બંગાળી; ત્યારે નિશાળમાં અંગ્રેજી.

જાનકીનાથે પુત્રને રેવ્હનશા શાળામાં દાખલ કર્યો. ત્યાં આચાર્ય વેણીમાધવદાસ હતા. એ સુભાષથી અત્યંત પ્રભાવિત થયા. ત્રૈમાસિક પરીક્ષામાં સુભાષ પહેલે નંબરે પાસ થયા. વેણીમાધવદાસે એને અભિનંદન આપ્યાં, અને સ્વામી વિવેકાનંદ જેવા થઈ શાળાની અને માતાપિતાની કીર્તિ ઉજ્જવળ કરવા આશીર્વાદ આપ્યા.

વિદ્યાર્થી અવસ્થામાં જ આ ગુરુશિષ્ય વચ્ચે પત્રવ્યવહાર ચાલતો. વેણીમાધવે એક પત્રમાં લખેલું, 'દેવ શોધવાથી નથી મળતા, એ હૃદયમાં જ રહેલા છે. પીડિતોની સેવા કર. દેવ તને શોધતા આવશે!' આ વાક્યો સુભાષને માટે જીવનપાથેય નીવડ્યાં. એમના પ્રભાવને કારણે સુભાષ નાની વયમાં પણ આધ્યાત્મિકતા તરફ વળ્યા. એવામાં ડૉકટર સુરેશે મિર્ઝાપુર સ્ટ્રીટમાં એક આશ્રમ ખોલ્યો. એ એવા યુવકોની શોધ કરતા હતા, જે જીવનભર બ્રહ્મચારી રહીને દેશસેવાના કાર્ય માટે જીવન સમર્પિત કરે. સુભાષબાબુ અને એમના મોટાભાઈ શરત્ચન્દ્ર એ આશ્રમમાં જોડાયા.

એ સમયે ગામમાં કૉલેરા ફાટી નીકળ્યો. લોકો ટપોટપ મરવા લાગ્યા. કિશોર સુભાષ પણ વેણીમાધવના પ્રભાવથી પ્રેરાઈ સાથીઓને એકત્રિત કરી ગરીબ વિસ્તારોમાં જઈ સફાઈકામ કરવા લાગ્યા. જે ઘરમાં રોગી દેખાય ત્યાં જઈને રોગીને દવા આપે અને ગંદકી દૂર કરે.

આ સમયમાં સુભાષના મનમાં બે બાજુનું પ્રબળ ખેંચાણ હતું - એક આધ્યાત્મિક્તા અને બીજો દેશપ્રેમ. શાળામાં એમણે વિવેકાનંદનાં પુસ્તકો વાંચ્યાં. પરિણામે એમને આત્મજ્ઞાનની ભૂખ જાગી. એમને યોગાભ્યાસ શરૂ કરવો હતો. એમણે એ માટે ગુરુની શોધ આદરી. ઘરમાં રહીને તો એવા કોઈ ગુરુ મળે નહિ. એથી કોઈને કહ્યા વિના એ ઘર છોડી ચાલી નીકળ્યા. અનેક તીર્થસ્થાનોમાં ઘૂમી વળ્યા, અનેક મહાત્માઓને મળ્યા. પણ કોઈ સાચો યોગી સાંપડ્યો નહિ. અહીં એમના જવાથી માતાપિતાના દુઃખનો પાર નહોતો. એમણે બધી જગાએ શોધ કરી, પણ સુભાષને પત્તો લાગ્યો નહિ.

આખરે હિમાલયાદિ સ્થાનોમાં ઘૂમી વળવા છતાં જ્યારે સાચો ગુરુ હાથ ન લાગ્યો ત્યારે છ મહિને એ ઘરે પાછા આવ્યા. સતત રખડપટ્ટીથી એમનું શરીર લેવાઈ ગયું હતું. એ બીમાર પડ્યા. મહિનાઓ સુધી સારવાર લેવી પડી.

ફરી અભ્યાસ શરૂ કર્યો. પણ એમને બીજું ખેંચાણ પણ હતું. બંગભંગ વિરોધી આંદોલનમાં ખુદીરામ, પ્રફુલ્લ ચાકી જેવા અનેક યુવાનો 'વંદે માતરમ્' બોલતા ફાંસીને માંચડે ચઢી ગયા હતા. આ અસર તળે સુભાષ હવે દેશભક્તિ તરફ ઢળ્યા.

આવી મનઃસ્થિતિમાં એમણે મૅટ્રિકની પરીક્ષા આપી અને ૧૯૧૩માં પંદર વર્ષની ઉંમરનો એ યુવક કલકત્તા વિશ્વવિદ્યાલયની મૅટ્રિકની પરીક્ષામાં દ્વિતીય સ્થાને ઉત્તીર્ણ થયો. પિતાએ એને કટકની કૉલેજમાં ન મૂકતાં, કલકત્તાની પ્રથમ કક્ષાની પ્રેસિડન્સી કૉલેજમાં ભણવા મૂક્યો.

ઈ. ૧૯૧૫માં એમણે કૉલેજમાં પ્રથમ વર્ષની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. અભ્યાસમાં એમણે મન પરોવ્યું હોવા છતાં, એમની જીવનમાર્ગની ખોજ તો ચાલુ જ હતી. એમણે દલિતો તથા પીડિતોની સેવા કરવાનું મનોમન નક્કી કર્યું હતું. ગુરુદેવ રવીન્દ્રનાથને મળ્યા. રવીન્દ્રનાથે એમને કહ્યું, 'કલકત્તા એ ભારત નથી. ભારત ગામડાંઓમાં છે. ગરીબ ખેડૂતોની સેવા એ જ ભારતમાતાની સેવા છે.' એમણે શાન્તિનિકેતન તથા વિશ્વભારતી સંસ્થાઓ પણ જોઈ. અને ભવિષ્યમાં સેવી શિક્ષણ-સંસ્થાઓની



• હરિપુરાની મહાસભાના પ્રમુખ સુભાષચંદ્ર બોઝ •

સ્થાપના કરવાનો નિશ્ચય કર્યો.

વિશ્વવિદ્યાલયની બીજા વર્ષની પરીક્ષા (ઇન્ટર)માં પણ એમણે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. એમણે બી.એ.માં ઐચ્છિક વિષય તરીકે તત્ત્વજ્ઞાનની પસંદગી કરી. એ સમયે એમના પિતાજીએ એમને લખ્યું, 'તેં બી.એ.માં તત્ત્વજ્ઞાનનો વિષય પસંદ કર્યો છે; પણ એ વિષયનનો આંધળો અભ્યાસ માણસને નિર્ગુણ, નિરાકાર, નિવૃત્તિને માર્ગે ચઢાવી દે એવી એમાં ફસામણી છે. અત્યારે દેશને જરૂર છે કર્મયોગીની. પશુઓ જેવું જીવન જીવતા પતિતોને પરમેશ્વર માનીને, તેમની ઉપાસના કરવાની. જીવનના ધ્યેય વિષે વિચાર કરવાની આ તારી વય છે !' પિતાજીના કર્મયોગની વાત એમના હૃદયમાં ઊંડે ઊતરી ગઈ.

પ્રેસિડન્સી કોલેજના અંગ્રેજ અધ્યાપકો પણ ભારતીય છાત્રો સાથે બહુજ તોછડી અને અપમાનજનક રીતે વર્તતા હતા. એમાં ઇતિહાસનો પ્રાધ્યાપક ઓટન તો ઘુરકિયાં જ કરતો. એકવાર એના વર્ગ આગળથી મોટે મોટેથી વાતો કરતા જતા કેટલાક હિન્દી વિદ્યાર્થીઓને એણે વર્ગની બહાર આવીને ધક્કા મારી ખસેડ્યા અને પછી દંડ કર્યો. સુભાષથી આ સહન થયું નહિ. એમણે છાત્રોનું સંગઠન કર્યું અને હડતાલ પડાવી. એ સમયે ઓટને એક છાત્રને પકડીને માર્યો, ત્યારે ,એ સહન ન થતાં સુભાષે ઓટનને તમાચો ચોડી દીધો. કૉલેજમાં ધમાચકડી મચી ગઈ, અને કોલેજના પ્રિન્સિપાલને બરતરફ કરવામાં આવ્યા. પ્રિન્સિપાલે સુભાષને બોલાવ્યા, અને એને બરતરફ કર્યા. નમ્રતાપૂર્વક 'આભાર' એટલું કહી સુભાષે ચાલતી પકડી. બરતરફ થયેલ પ્રિન્સિપાલ સુભાષને બરતરફ શી રીતે કરી શકે ? એવો એક મુદ્દો કલકત્તાનાં છાપાંઓએ ચગાવ્યો. અને બીજો મુદ્દો એ કે સુભાષને બીજી કૉલેજમાં પ્રવેશ મળવો જ જોઈએ. એટલી બધી હોહા થઈ કે સરકારે કલકત્તાના વડી અદાલતના ન્યાયમૂર્તિ આશુતોષ મુકરજીની તપાસ સમિતિ નીમી. સુભાષે એમની જુબાનીમાં કહ્યું કે અધ્યાપકને મારવો એ સારું નથી, પણ જ્યારે બકરીને ખાતરી થાય છે કે વાઘ એને ખાઈ જવાનો છે, તો પછી એ વાઘને શીંગડાં માર્યા વગર શી રીતે રહી શકે ?'

સમિતિએ સુભાષની બરતરફીના હુકમ વિષે કશો નિર્ણય ન આપ્યો.

જાનકીનાથને આ ઘટનાની જાણ થતાં એમણ સુભાષને કટક બોલાવી લીધો. આ પ્રશ્નનો કાનૂની ઉકેલ આવવામાં વાર લાગે તેમ હોઈ પિતાના સૂચનથી સુભાષ રુગ્ણાલયમાં જઈ રોગીઓની સેવા કરવા લાગ્યા. ઐતિહાસિક સ્થળોની યાત્રા કરી, દેશની પ્રાકૃતિક સુંદરતા જોઈ અને ભારતમાતાનાં વિવિધ સ્વરૂપોનાં દર્શન કર્યાં. આમ, એકાદ વર્ષ વીતી ગયું. સુભાષની ઇચ્છા હવે સૈનિક-શિક્ષણ લેવાની હતી. એમણે સૈનિક સંસ્થાનમાં પ્રવેશ માટે પ્રયત્ન કર્યો. બધી ચકાસણીમાં સફળ થયા, પણ એમની આંખ નબળી છે એમ દાકતરી તપાસમાં જણાયું અને પ્રવેશ મળ્યો નહિ.

અંતે કલકત્તા વિશ્વવિદ્યાલય તરફથી એમને પત્ર મળ્યો કે, એમને કલકત્તાની બીજી કોઈ પણ કૉલેજમાં પ્રવેશ મળી શકશે. કલકત્તા વિશ્વવિદ્યાલયનો આ નિર્ણય એ તપાસ સમિતિના પ્રમુખ આશુતોષ મુકરજીના જ પ્રયત્નોનું પરિણામ હતું. સુભાષને સ્કૉટિશ ચર્ચ કૉલેજમાં તત્ત્વજ્ઞાનના વિષયમાં બી.એ.માં પ્રવેશ મળ્યો.

સુભાષે હવે અભ્યાસમાં ચિત્ત પરોવ્યું. એ સમયે કૉલેજમાં યુ.ટી.સી. (વિશ્વવિદ્યાલય સૈનિક શિક્ષણ દલ) શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. એમાં એમને સહેલાઈથી પ્રવેશ મળ્યો. વિશ્વવિદ્યાલયના છાત્રોને તેમાં સૈનિક શિક્ષણ અપાતું અને એમાંથી એક સૈનિક ટુકડી તૈયાર કરવાની હતી. સુભાષે એમાં બધા પ્રકારની તાલીમ લીધી. પરીક્ષાની તૈયારી કરતાં જે સમય ફાજલ પડતો તેમાં એ સૈનિક શિક્ષણ માટે ધ્યાન કેન્દ્રિત કરતા. છેવટના ચાર મહિના એમણે પરીક્ષાના વાચન માટે દિવસરાત એક કર્યા. પરિણામે પરીક્ષામાં એ પ્રથમ વર્ગમાં સફળ થયા.

એ પછી સુભાષની ઇચ્છા તો તત્ત્વજ્ઞાના વિષયમાં એમ.એ. કરવાની હતી, જ્યારે પિતાજીની ઇચ્છા એમને આઈ.સી.એસ.ના અભ્યાસ માટે વિલાયત મોકલવાની હતી. પણ આઈ.સી.એસ. થઈ અંગ્રેજ સરકારની નોકરી કરવા માટે મન જરાય માનતું નહોતું. પિતાએ એક મિત્ર હેમંતને સાધ્યો. એણે સુભાષને સમજાવ્યું કે


આઈ.સી.એસ.ની પરીક્ષા જાણે અંગ્રેજ વિદ્યાર્થીઓ માટે જ છે અને હિંદીઓ માટે નથી એવું લાગે છે, કારણ અંગ્રેજોને મુકાબલે હિંદી વિદ્યાર્થીઓ ઊણા ઊતરે છે. આ તારે માટે પડકાર છે.

પડકારની વાત સાંભળી સુભાષ પડકાર ઝીલવા તૈયાર થઈ ગયા. પણ એ પછી પોતે અંગ્રેજ સરકારની નોકરી નહિ કરે એ પણ કહી દીધું. પિતાએ એ સ્વીકારી લીધું અને સુભાષ વિલાયત ગયા. એમણે જોયું કે અંગ્રેજો પોતાના દેશમાં લોકશાહીનો આગ્રહ રાખે છે, પરંતુ સામ્રાજ્યના અધિકારી તરીકે એ અત્યંત ક્રૂર હોય છે. એ સમયે લોકમાન્ય ટિળક લંડનમાં હતા. સુભાષ તેમને મળ્યા. અંગ્રેજોની નોકરી નહિ કરવાનો એમનો નિર્ધાર ટિળકની મુલાકાતથી વધુ દૃઢ થયો. એ સમયે હિન્દની વડી ધારાસભાના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ પણ લંડન આવ્યા હતા. તેમને પણ સુભાષ મળ્યા. ઘણી ચર્ચા થઈ. સુભાષથી એ ખૂબ પ્રભાવિત થયા, અને સ્વાતંત્ર્યની લડતમાં ઝુકાવી દેવા સૂચવવા સાથે જ્યારે આર્થિક મશ્કેલી આવે તો અને ત્યારે એમની પાસેથી સહાય માગવામાં જરા જેટલો સંકોચ ન રાખવાને કહ્યું.

સુભાષ નોકરી ન કરવાનના ઇરાદા સાથે જ પરીક્ષામાં બેઠા અને ચોથા સ્થાને આવ્યા. ભારત આવ્યા ત્યાં અભિનંદનનો વરસાદ વર્ષ્યો. સમારંભો ગોઠવાયા, પણ સુભાષના મુખ પર આનંદની આછી રેખા પણ નહોતી. એનું કારણ એમના મોટાભાઈ શરચ્ચન્દ્ર જાણતા હતા. સુભાષે એમને લખેલું કે 'જે સરકાર જલિયાંવાલા બાગ જેવા હત્યાકાંડો સર્જે છે, તે સરકારના અમલદાર બનીને હું મારા દેશબાંધવોનો શત્રુ શી રીતે થઈ શકું ?'

એમણે તરત જ બ્રિટનના હિંદુસ્તાન અંગેના મંત્રી મોન્ટેગ્યુને રાજીનામું મોકલ્યું, અને જણાવ્યું કે ૧૯૨૦માં ઇંગ્લંડમાં હું આઈ.સી.એસ.ની પરીક્ષામાં પાસ થયો, પણ મારાથી મારા દેશની તથા અંગ્રેજ સરકારની એમ બંનેની સેવા સાથે કરવાનું અશક્ય છે. તેથી સરકારની નોકરી સ્વીકારતાં પૂર્વે જ હું રાજીનામું આપું છું. અને હવે હું મુક્ત રીતે દેશના સ્વાતંત્ર્ય માટેની લડતમાં ભાગ લઈ શકીશ.' આમ ઊગતી જવાનીમાં જ એમણે સત્તા અને સંપત્તિ બંને જતાં કરી દેશના યુવાનોને એક ઉજ્જવળ દૃષ્ટાન્ત પૂરું પાડ્યું.

સુભાષે હવે દેશસેવાના કાર્યમાં ઝંપલાવ્યું. ત્યારે અસહકાર આંદોલન ચાલતું હતું. ઠેરઠેર વિદેશી વસ્ત્રોની હોળીઓ થતી હતી. વન્દે માતરમ્‌ના નારાથી વાતાવરણ ગૂંજતું હતું. સરકારી શાળાઓ તથા કૉલેજોનો વિદ્યાર્થીઓ બહિષ્કાર કરતા હતા. રાષ્ટ્રિય શાળા તથા રાષ્ટ્રિય મહાવિદ્યાલયો સ્થપાતાં હતાં. અસહકારના કાર્યક્રમને બરાબર સમજી લેવા સુભાષ ગાંધીજીને મળ્યા. સુભાષે એમની જોડે ઘણી ચર્ચા કરી. સુભાષને તો ઉગ્ર કાર્યક્રમ જોઈતો હતો. એથી એમને પૂરો સંતોષ થયો નહિ. એ પછી બંગાળના દેશખ્યાત ચિત્તરંજન દાસને મળ્યા. દાસને એમણે



• પોતાની કેબિનેટ અને સલાહકારો સાથે સુભાષચંદ્ર બોઝ •

કૉલેજમાં જે પરાક્રમ કરી બરતરફી વહોરી લીધી હતી અને આઈ.સી.એસ. થવા છતાં નોકરી સ્વીકારી નહોતી એ બધાની જાણ હતી. એમણે સુભાષની અસાધારણ શક્તિનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. એમણે એક રાષ્ટ્રિય મહાવિદ્યાલય સ્થાપ્યું હતું. તેના પ્રાચાર્ય તરીકે સુભાષને નીમ્યા. આમ, સુભાષને ક્રાન્તિ માટે નવયુવાનોને તૈયાર કરવાનું મનવાંછિત કામ મળી ગયું. સાથેસાથે દેશબંધુને સત્યાગ્રહમાં પણ એમણે પ્રબળ સાથ આપ્યો. સરકાર એમની પ્રવૃત્તિથી ચોંકી ગઈ. દેશબંધુ અને સુભાષ બંનને પકડ્યા, અને ૭ મહિનાની જેલની સજા કરી.

કૉંગ્રેસમાં જ એક દળ ધારાસભા તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પ્રવેશ કરવાના મતનું હતું. સુભાષે સ્વરાજપક્ષની સ્થાપના કરી. કલકત્તા નગરપાલિકાના અધ્યક્ષ (મેયર)ની ચૂંટણીમાં દેશબંધુ ઊભા રહ્યા અને ભારે બહુમતીથી ચૂંટાઈ આવ્યા. એમણે નગરપાલિકાના કાર્યકારી અધિકારી તરીકે સુભાષબાબુની નિમણૂક કરી. સુભાષે એ સ્થાનેથી કલકત્તાની નગરપાલિકાની કાર્યપદ્ધતિમાં ક્રાંતિકારી ફેરફાર કર્યા. નગરપાલિકાના કર્મચારીઓ માટે ખાદી પહેરવાનું ફરજિયાત બનાવ્યું. પ્રાથમિક શાળાઓમાં પાંચમા ધોરણ સુધીનું શિક્ષણ મફત બનાવ્યું. રોગીઓને માટે રુગ્ણાલયો ખોલ્યાં. એમના હાથ નીચેના જે અંગ્રેજ અધિકારીઓ નાનામોટા હિન્દી અધિકારીઓ જોડે તોછડાઈથી તથા અપમાનજનક રીતે વર્તતા, તેમને સખ્તાઈથી નરમઘેંસ બનાવી દીધા. સાથોસાથ ક્રાન્તિકારીઓના દલ જોડે પણ એમણે ગાઢો સંપર્ક રાખ્યો.

ઈ. ૧૯૨૪માં ક્રાન્તિકારીઓની પ્રવૃત્તિએ વેગ પકડ્યો એટલે સરકારે તરત જ સુભાષને ઝડપી લઈ એમને કલકત્તાની અલીપુર જેલમાં રાખ્યા. ત્યાંથી પણ છ મહિના સુધી એમણે નગરપાલિકાનું કાર્ય કર્યું.

અલીપુર જેલમાં રાખેલા બીજા ક્રાંતિકારીઓને એમનાથી દૂર રાખવા સરકારે સુભાષબાબુને બહરામપુર જેલમાં ખસેડ્યા. પછી એમને ત્યાં રાખવામાં પણ સલામતી ન લાગતાં હદપાર કરી

બ્રહ્મદેશની માંડલેની જેલમાં મોકલ્યા.

૧૯૨૬માં એમણે જેલમાં દુર્ગાપૂજાનો ઉત્સવ ઉજવવાનો નિર્ણય જાહેર કર્યો. એમની જોડે બીજા પણ રાજકીય કેદીઓ હતા. સરકારે આ માટે મંજૂરી ન આપી. એમણે અનશન શરૂ કર્યા. આખરે સરકારને નમતું જોખવું પડ્યું અને પૂરી ધામધૂમથી જેલમાં દુર્ગાપૂજાની ઉજવણી થઈ.

માંડલેમાં એમની તબિયત લથડવા માંડી. ફેફસાં બગડ્યાં. પાંડુરોગની અસરો જણાવા માંડી. સરકારે એમને જણાવ્યું કે જો સ્વીટ્ઝરલૅન્ડ જઈને ચિકિત્સા કરાવવી હોય તો સરકાર એમને છોડે. સુભાષને એ માન્ય નહોતું. આના વિરોધમાં સમગ્ર દેશમાં સભાઓ ભરાઈ અને ચારેતરફથી એમની મુક્તિની જોરદાર માગણી થઈ. અંતે લાચારીથી સરકારે સુભાષને મુક્ત કરવા પડ્યા.

ઈ. ૧૯૨૮માં સુભાષ ગાંધીજીને મળવા સાબરમતી આશ્રમ ગયા. એમણે ગાંધીજીને કહ્યું, 'આ સમય છે કે જ્યારે આપણે સત્યાગ્રહ શરૂ કરવો જોઈએ. હવે તો માતૃભૂમિને આઝાદી અપાવીને જ આપણે જંપવાનું છે.' પણ ગાંધીજીએ કહ્યું : 'મને પ્રકાશ દેખાતો નથી.' સુભાષબાબુ નિરાશ થઈને પાછા ગયા.

તે પછી કલકત્તાની નગરપાલિકાના પ્રમુખની ચૂંટણીમાં સુભાષબાબુ નગરપતિ તરીકે ચૂંટાયા. કૉંગ્રેસે ૧૯૩૦ની ૨૬મી જાન્યુઆરીનો દિવસ સ્વાધીનતા દિવસ નક્કી કર્યો હતો. એ દિવસે સરકારે કલકત્તામાં સરઘસ કાઢવા પર પ્રતિબંધ મૂક્યો. પણ સુભાષ જેવા સરઘસ કાઢ્યા વિના રહે ? નગરપતિની પાછળ હજારોની સંખ્યામાં સરઘસ ચાલ્યું. કૉર્પોરેશન સ્ટ્રીટ પાર કરીને સરઘસ ચૌરંગી તરફ આગળ વધ્યું. સામે જ લાઠી અને બંદૂકધારી પોલીસ ઊભી હતી. પોલીસે સરઘસને વિખેરાઈ જવા હુકમ કર્યો. સુભાષ એમના સ્થાન પર દૃઢતાથી ઊભા રહ્યા. પોલીસે લાઠી ચલાવી. સુભાષબાબુના હાથ અને શરીર લોહીથી રંગાયાં. પછી પોલીસે એમને પકડ્યા નવ મહિનાની સજા ફટકારી, અને અલીપુર જેલમાં ખસેડ્યા. એ જેલમાં બીજા ક્રાંતિકારી કેદીઓ હતા, જેમને અદાલતમાં રજૂ કરવાના હતા. જેલ-અધિકારીઓના અમાનુષી વર્તાવને કારણે ઓએ કેદીઓની ગાડીમાં જવાની ના પાડી. જેલ-અધિકારીઓએ એમને ઘસડીને ગાડીમાં ધકેલવાનો હુમક કર્યો. એ સાંભળી સુભાષ આવ્યા, અને પોલીસ તથા રાજકીય કેદીઓ વચ્ચે ઊભા રહ્યા. એમને પોલીસે એટલો માર માર્યો કે એ બેભાન થઈ ગયા. બીજે દિવસે છાપાંઓમાં આ સમાચાર ચમક્યા. વાતાવરણ તંગ થઈ ગયું. સરકારે જેલ-અધિકારીની બદલી કરી નાખી.

એ સમયમાં નગરપાલિકાના નવા પ્રમુખ માટે ચૂંટણીની જાહેરાત થઈ. સુભાષબાબુ જેલમાં હતા, પણ એમની લોકપ્રિયતા એટલી હતી કે લોકોએ ફરીવાર એમને જ ચૂંટ્યા.

ઈ. ૧૯૩૦ના ડિસેમ્બરમાં એમને જેલમાંથી છોડવામાં આવ્યા. છવ્વીસ જાન્યુઆરીનો દિવસ હતો. સુભાષના નેતૃત્વમાં પ્રચંડ સરઘસ નીકળ્યું. પોલીસે પાશવી લાઠીમાર કર્યો. સુભાષ સખ્ત રીતે ઘવાયા. સરાકરે એમને જેલમાં ધકેલ્યા. અને ૧૯૩૧માં ગાંધી ઇરવીન કરાર અનુસાર એમને છોડવામાં આવ્યા.

સરકાર જોડે કોઈપણ પ્રકારનું સમાધાન થાય તેના એ પ્રબળ વિરોધી હતા. આથી ઈ. ૧૯૩૧માં જ્યારે કરાંચીમાં કૉંગ્રેસ અધિવેશન ભરાયું ત્યારે જ સરકારે ત્રણ ક્રાન્તિકારીઓ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસી આપી. એ કૉંગ્રેસ અધિવેશનમાં સુભાષે ગાંધી ઇરવીન સમજૂતીનો પ્રચંડ વિરોધ કરેલો.

ગાંધીજી ગોળમેજી પરિષદમાંથી ખાલી હાથે પાછા આવ્યા. આવતાંવેંત એમણે મુંબઈમાં કૉંગ્રેસ કારોબારી સમિતિની બેઠક બોલાવી. એમાં સુભાષબાબુને ખાસ નિમંત્રણ આપીને બોલાવ્યા. એ બેઠક પછી કલકત્તા પાછા જતાં કલ્યાણ સ્ટેશને જ એમને ગિરફતાર કરવામાં આવ્યા. અને સિવની, જબલપુર તથા ત્યાંથી મદ્રાસની જેલમાં ખસેડ્યા કર્યા. એમનું સ્વાસ્થ્ય બગડતું જતું હતું. એમને ભુવાલી આરોગ્યધામમાં ખસેડ્યા. ડૉક્ટરોનો અભિપ્રાય હતો કે એમને ક્ષય લાગુ પડ્યો છે. આખરે સરકારે ચિકિત્સા માટે એમને યુરોપ મોકલ્યા. ત્યાં આરોગ્યધામમાં એ રહ્યા. વિઠ્ઠલભાઈ પટેલ પણ એ સમયે ત્યાં હતા. એ સુભાષથી એટલા પ્રભાવિત થયા કે એમણે વિદેશોમાં ભારતના પ્રચાર માટે હજારો રૂપિયા આપ્યા અને સુભાષને એના એકમાત્ર ટ્રસ્ટી નીમ્યા.

સુભાષબાબુ ઇટલી ગયા અને ત્યાં મુસોલિનીને મળ્યા. મુસોલિનીએ હિન્દના સ્વાતંત્ર્ય યુદ્ધ તરફ સહાનુભૂતિ દર્શાવી. પરંતુ એવામાં એમને પિતાજીની ગંભીર માંદગીનો તાર મળ્યો. દેશમાં ત્યાં સુધીમાં પિતાજીનું અવસાન થઈ ગયું હતું. થોડા દિવસો પછી સરકારી હુકમ મળ્યો કે એ પાછા યુરોપ જાય. સુભાષબાબુ હુકમ માનવા તૈયાર નહોતા, પણ બધાએ સલાહ આપી કે એમની તબિયત નાજુક છે માટે યુરોપ જઈ તબિયત સુધારે. એથી અનિચ્છા છતાં ૧૯૩૪ની દશમી જાન્યુઆરીએ પાછા યુરોપ જવા ઊપડ્યા.

યુરોપ ગયા પછી એમણે 'હિન્દનું યુદ્ધ' (Indian Stuggle) નામનું પુસ્તક લખ્યું. હિન્દ સરકારે તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. તબિયત સુધરતાં યુરોપનું ભ્રમણ કર્યું. આયર્લૅન્ડના રાષ્ટ્રનેતા ડી. વેલેરાને મળ્યા.

૧૯૩૬ના એપ્રિલમાં એ સ્વદેશ પાછા આવ્યા પણ પાછા આવ્યા પછી સરકારે એમને પકડ્યા. એમને યરવડા જેલમાં પૂર્યા. આ ગિરફતારીના વિરોધમાં આખા દેશમાં હડતાલો પડી. સભાઓમાં અને છાપાંઓમાં સરકારી નીતિ પર પ્રહારો થયા. સરકાર ડગી નહિ. યરવડા જેલમાં એમની માંદગીએ પાછો

ઊથલો ખાધો. આખરે માર્ચ ૧૯૩૭માં સરકારે એમને મુક્ત કર્યા. છૂટ્યા કે તરત જ એ સ્વાસ્થ્ય સુધારવા માટે યુરોપ ગયા. લંડનમાં એમનું ભવ્ય સ્વાગત થયું.

સુરત જિલ્લાના હરિપુરામાં કૉંગ્રેસનું સુવર્ણજયંતી વાર્ષિક અધિવેશન ભરાવાનું હતું. એ માટે સુભાપબાબુની સર્વાનુમતે પ્રમુખ તરીકે વરણી થઈ. એ સમાચાર મળતાં જ સુભાપબાબુ પાછા આવ્યા. એ સમયે એમનું કલકત્તામાં જે સ્વાગત થયું તેવું ભલભલા સમ્રાટનું પણ ક્યારેય થયું નહોતું. સત્તર દિવસ કલકત્તામાં રહી એ હરિપુરા આવ્યા. ૫૧ બળદ જોડેલા રથમાં સુભાપનું સરઘસ નીકળ્યું. કૉંગ્રેસના ઇતિહાસમાં એ અભૂતપૂર્વ સ્વાગત-સરઘસ હતું. એ ૧૯ ફેબ્રુઆરી ૧૯૩૮નો દિવસ હતો.

આખું વર્ષ સુભાપે પ્રમુખપદ સંભાળ્યું. પણ સુભાપ સળગતા જ્વાળામુખી જેવા ઉદ્દામવાદી હતા, જ્યારે ગાંધીજી શાંત મહાસાગર જેવા. સુભાપને એમની યુરોપયાત્ર વખતે ખાતરી હતી કે બીજું વિશ્વયુદ્ધ હાથવેંતમાં છે. એટલે એમનો વિચાર તો બ્રિટનના શત્રુઓની મદદ લઈ, યુદ્ધની પરિસ્થિતિનો લાભ લઈ, હિન્દનું મુક્તિ-આંદોલન ઉગ્ર બનાવવાનો હતો. આ કારણે એમના અને કારોબારીના સભ્યો વચ્ચે મતભેદ થયો હતો. વર્ષ પૂરું થતાં, કૉંગ્રેસ પ્રમુખની ચૂંટણી થવાની હતી. કારોબારીના સભ્યોને એમ લાગ્યું કે સુભાપ જોડે એમનો મેળ નહિ ખાય. એથી સુભાપે ચૂંટણીમાં ઝંપલાવ્યું. ગાંધીજીએ અને કારોબારીના સભ્યોએ પટ્ટાભી સીતારામૈયાને પ્રમુખની ચૂંટણીમાં ઊભા રાખ્યા. પણ સુભાપની લોકપ્રિયતા એટલી બધી હતી કે સુભાપ જ ત્રિપુરામાં ભરાનારા કૉંગ્રેસ અધિવેશના પ્રમુખ ચૂંટાયા. એમની ચૂંટણી એ એમની ઉદ્દામવાદિતાની જીત મનાઈ. કારોબારીના બધા સભ્યોએ રાજીનામાં આપ્યાં. અધિવેશન સમયે સુભાપબાબુને તો ૧૦૫ ડિગ્રી તાવ હતો. આથી તેમને સ્ટ્રેચરમાં અધિવેશનમાં લાવવા પડ્યા. કારોબારી એમની વિરુદ્ધ હતી. સમાધાનના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. એટલે બે મહિના પછી એમણે પ્રમુખપદનું રાજીનામું આપ્યું અને 'પુરોગામી ગુટ' (Forward Block)ની સ્થાપના કરી, જેમાં કૉંગ્રેસના તથા કૉંગ્રેસની બહારના અસંખ્ય ઉદ્દામવાદીઓ જોડાયા હતા. એનો પહેલો કાર્યક્રમ કલકત્તામાં અંગ્રેજોએ હિંદુસ્તાનને બદનામ કરવાને અંગ્રેજોની જ્યાં નિર્દયતાથી હત્યા થઈ તે કહેવાતા સ્થાન પર 'કાળી કોટડી' નામે એક સ્મારક રચ્યું હતું તેને ઉખેડી નાખવાનો હતો. કાર્યક્રમની જાહેરાત થતાં જ સુભાપબાબુને ૧૯૪૦ની ૨જી જુલાઈએ પકડવામાં આવ્યા. તે પછી એ વિપે પ્રચંડ આંદોલન થતાં સ્મારક તો હઠાવાયું, પણ સુભાપબાબુને છોડ્યા નહિ. ૧૯મી નવેમ્બરે એમણે જેલમાં અનશન શરૂ કર્યાં. સરકાર ગભરાઈ અને એમને મુક્ત તો કર્યા, પણ ઘરબહાર નીકળવાની મનાઈ ફરમાવી હતી.

આ નજરકેદમાં સુભાપબાબુએ દેશ છોડીને ભાગી જવાની પાકી યોજના ઘડી. એમને તો બીજા વિશ્વયુદ્ધમાં અંગ્રેજો હારતા હતા તે પરિસ્થિતિનો અંગ્રેજોના શત્રુની મદદથી પૂરો લાભ લઈ દેશને મુક્ત કરવો હતો. કારણ એ એમને માટે દેવે દીધેલી સુવર્ણ તક હતી. એકાંતવાસનું બહાનું કાઢી એમણે દાઢી વધારવા માંડી. દાઢી સારી પેઠે વધી એટલે ૧૫મી જાન્યુઆરી ૧૯૪૧ને દિવસે સાંજે પઠાણનો વેશ પહેર્યો – પહોળો પાયજામો, અચકન ને માથા પર પઠાણી ફેંટો – અને ઘરની બહાર ચાંપતી નજર રાખતા. છૂપી પોલીસના માણસોની આંખમાં ધૂળ નાખીને એક મોટર દ્વારા કલકત્તાથી ચાળીસ માઈલ દૂર બર્દવાન પહોંચી જઈ ત્યાંથી પંજાબ મેઈલમાં બેઠા. એમની યોજના પ્રમાણે પહેલેથી જ એમને માટે મૌલવી ઝીયાઉદીનના નામે પેશાવરની બીજા વર્ગની ટિકીટ રીઝર્વ કરાઈ હતી. એમાં ધંધો લખાવ્યો હતો લખનૌની એક વીમા કંપનીના સંચાલક તરીકેનો. જો કે એમને ઓળખવાનું કઠણ હતું છતાં પણ રસ્તામાં સ્ટેશનો પર એ છાપામાં પોતાનું મોઢું છુપાવી દેતા. ૧૭ જાન્યુઆરીએ રાત્રે નવ વાગે એ પેશાવર સ્ટેશન પર ઊતર્યા. સ્ટેશન પર એક મોટર એમની રાહ જ જોતી હતી. તેમાં બેસી એ શહેરમાં ગયા અને એક પઠાણને ત્યાં રહ્યા. એમનો યજમાન પઠાણ રાષ્ટ્રવાદી હતો અને દેશના સ્વાતંત્ર્યસંગ્રામમાં પોતાનો જાન ન્યોછાવર કરવા તૈયાર હતો. ૧૯મી જાન્યુઆરીએ એમના એક સાથી રહેમતખાનને સાથે લઈને એ જમરૂદ તરફ ગયા. એમના રક્ષણ માટે ચાર બંદૂકધારી પઠાણો એમની સાથે હતા. પોતે પઠાણોની પુશ્તુ ભાષા તો જાણતા નહોતા. એટલે એમણે બહેરામૂંગા હોવાનો ઢોંગ કર્યો. એમના રક્ષકો રસ્તે જતાં લોકોને કહેતા કે 'આ બહેરામૂંગાને સખીસાહેબની દરગાહ'ની યાત્રાએ લઈ જઈએ છીએ. જમરૂદની આગળ કાચી સડક પર થઈ મોટરમાં એ 'ગઢી' પહોંચ્યા ને મોટરને પાછી વાળી. ગામના લોકોએ પ્રેમથી એમને સત્કાર્યા. ત્યાં એમણે રાત ગાળી અને એક લગ્ન સમારંભમાં હાજરી પણ આપી.

ત્યાંથી સવારના પહોરમાં રહેમતખાન અને રક્ષકોની સાથે સુભાપ આગળ વધ્યા. પગપાળા ચાલવાનું, પહાડી મુલક. ટેવાએલા ન હોવા છતાં પણ બાર માઈલ ચાલીને 'અદ્દાશરીફ' નામે જાણીતી એક પીરગાહ પર પહોંચ્યા. ત્યાં દૂર દૂરથી યાત્રીઓ આવતા. ત્યાં રાત રોકાઈ સવારે આગળ જવા ઊપડ્યા, ત્યારે એમને પીરે પોતાની વીંટીની છાપ મારીને એક પત્ર આપ્યો કે જે બતાવવાથી કશી મુશ્કેલી ન નડે.

અહીંથી ચાલતા ચાલતા એ લાલુપર પહોંચ્યા. ત્યાંના સરદારે પણ એમને સત્કાર્યા. ત્યાંથી થોડે દૂર કાબૂલ નદી વહેતી હતી અને નદીની પેલી પાર અફઘાનિસ્તાનની ભૂમિ હતી. હવે આગળ હથિયાર લઈ જવાની મનાઈ હોવાથી, બંદૂકધારી રક્ષકોને પાછા

મોકલ્યા; અને ચામડાની મશક લઈને સુભાષ અને રહેમતખાન નદી તરી સામે પાર પહોંચ્યા. ત્યાંથી કાબૂલ સુધી સીધી સડક હતી. ત્યાંથી બસો જતી હતી, પણ બધી બસો ખીચોખીચ ભરેલી હતી. રહેમતખાનએ ઘણી આજીજી કરી ત્યારે એક બસવાળાએ તેમને લીધા તો ખરા, પણ અંદર જગ્યાના અભાવે તેમને બસના છાપરે બેસીને સફર કરવી પડી. આ રીતે કાબૂલ પહોંચી ત્યાં એક બહુ ગંદી વીશીમાં રોકાવું પડ્યું. એમની પર ત્યાં શંકા જતાં એક પોલીસવાળો પાછળ પડ્યો. એને સારી એવી લાંચ આપીને ટાળ્યો. તે પછી ઉત્તમચંદ નામના એક રેડિયોના વેપારીને ત્યાં રહેવાની ગોઠવણ કરી.

આ બાજુ ૨૬મી જાન્યુઆરીએ સુભાષબાબુ નજરકેદમાંથી નાસી ગયાની ખબર પડી. એ જાણ્યા પછી અગિયાર દિવસે દેશમાં જ નહિ સારા વિશ્વમાં સન્નાટો છાઈ ગયો. સુભાષની શોધાશોધ થઈ રહી. એ સાધુના વેશમાં હિમાલય ગયા હશે માની હિમાલયમાં પણ શોધ થઈ; પણ ક્યાંય એમનો પત્તો લાગ્યો નહિ.

કાબૂલમાં સુભાષબાબુ ૪૩ દિવસ રહ્યા હતા. રશિયાના રાજદૂતને મળવનો પ્રયત્ન કર્યો, પણ સફળતા ન મળી. એ ઇટલીના રાજદૂતને મળ્યા. એણે એમને ઑરલેન્ડો સેનેટાને નામે ઇટાલિયન પાસપોર્ટ કઢાવી આપ્યો, જે લઈને તેઓ મોસ્કો ગયા, અને સ્ટેલીનને મળ્યા. પણ સ્ટેલીને એમને સહાય કરવાની ના પાડી; કારણ કે જર્મનીનું રશિયા પર આક્રમણ થાય તો એને ઇંગ્લૅન્ડની મદદની જરૂર હતી. ૨૮મી માર્ચે એ વિમાનમાં બર્લિન પહોંચ્યા ને હિટલરને મળ્યા. એ દિવસે બર્લિન રેડિયોએ સમાચાર આપ્યા : 'કેટલાક દિવસો પૂર્વે હિન્દુસ્તાનમાંથી એકાએક ગાયબ થયેલા હિન્દુસ્તાનના મહાન નેતા અને રાષ્ટ્રિય મહાસભાના ભૂતપૂર્વ પ્રમુખ આજે અઠ્ઠાવીશમી માર્ચે સુખરૂપ બર્લિન આવી પહોંચ્યા છે.'

હિન્દુસ્તાનીને ઉદ્દેશીને એમનો સંદેશ સાંભળી સુભાષબાબુએ કહ્યું. 'મારા દેશવાસીઓ ! હિન્દુસ્તાનની આઝાદીનો દિવસ પાસે આવતો જાય છે. આ આપણું અંગ્રેજ સરકાર સામે આખરી યુદ્ધ છે. તો તમે કમર કસો. અને દેશની ગુલામીની બેડીઓ તોડી નાખો.

'દેશબંધુઓ ! હું જર્મની આવ્યો છું. મારે તમને ઘણું ઘણું કહેવાનું છે. આ અંગ્રેજો અને જર્મનોનું યુદ્ધ છે. એ આપણું યુદ્દ નથી. આપણે એની જોડે કશી લેવાદેવા નથી. માટે એ યુદ્ધમાં કશી સહાય ન કરશો. આઝાદ હિન્દ.'

આખું જગત આ સમાચારથી આશ્ચર્યમાં પડી ગયું. છૂપી પોલીસની નજર ચુકાવીને કલકત્તાથી એ કઈ રીતે છેક જર્મની પહોંચી ગયા? એમના આ અદ્ભુત સાહસ અને પરાક્રમથી દેશવાસીઓ એમની પર વારી ગયા. હિટલરે એમને 'ડેપ્યુટી ફયુરર ઑફ ઇન્ડિયા' (હિન્દ નાયબ રાષ્ટ્રનાયક)ની પદવીથી સમ્માનિત કર્યા. જર્મનીમાં સુભાષ જર્મનીના લશ્કરી વડા, જનરલ રોમેલ તથા ગોરિંગને પણ મળ્યા હતા.

જર્મનીમાં જ એમણે પ્રથમ 'આઝાદ હિન્દ ફોજ'નું ગઠન કર્યું. કશી પણ શરત વિના જર્મન સરકારે એમને બધી જ સહાય કરી. 'આઝાદ હિન્દ ફોજ' પર એક વૃત્તચિત્ર પણ તૈયાર કરવામાં આવ્યું. જર્મનીમાં જે હિન્દી સૈનિકો યુદ્ધકેદી તરીકે રાખવામાં આવ્યા હતા, તે સુભાષબાબુને સોંપી, એક સૈનિકદળ રચવામાં આવ્યું, અને એને અંગ્રેજો સામે લડવાની તાલીમ આપવામાં આવી. બર્લિન રેડિયો પરથી સુભાષબાબુ સતત 'આઝાદ હિન્દ ફોજ'ની વિવિધ પ્રવૃત્તિઓ વિષે જગતને વિગતવાર ખબર આપતા રહ્યા.

જર્મનીમાં સૈન્ય તો તૈયાર કર્યું પણ હિંદુસ્તાન એટલે દૂર હતું કે છેક ત્યાં જઈ અંગ્રેજો પર આક્રમણ કરી દેશને સ્વતંત્ર કરવાનું મુશ્કેલ હતું. એવામાં જાપાને યુદ્ધમાં ઝંપલાવ્યું અને દક્ષિણ એશિયાના એક પછી એક દેશો જીતવા માંડ્યાં એમાં બ્રહ્મદેશ પણ જીત્યો. એટલે સુભાષે જાપાન જઈ, એની મદદથી હિન્દમાંથી અંગ્રેજોને હાંકી કાઢવાનું ઉચિત માન્યું. એમણે પોતાની યોજના હિટલરને જણાવી. હિટલરે આનંદથી સુભાષને જાપાન જવાની પરવાનગી આપી, અને ૨૦મી જૂન ૧૯૪૩ના રોજ એક સબમરીનમાં એ જાપાન જવા ઊપડ્યા. દિવસે એ નૌકા પાણીમાં છૂપી રહેતી અને રાત્રે અંધારામાં માર્ગ કાપતી.

જાપાન આવી એ ત્યાંના પ્રધાનમંત્રી તોજોને મળ્યા. એમના આવતાં પૂર્વે જ સેનાનાયક પ્રતાપસિંહે 'આઝાદ હિન્દ ફોજ'નું ગઠન કર્યું હતું. એના નેતા જાપાનવાસી હિન્દી ક્રાંતિકારી રાસબિહારી બોઝ હતા. હિન્દી સૈનિકોએ જાપાનને જણાવી દીધું હતું કે એ લોકો ફક્ત ભારતની સ્વતંત્રતા માટે જ યુદ્ધ કરશે. સુભાષબાબુ આઝાદ હિન્દની કામચલાઉ સરકારના વડા તેમજ વડા સેનાપતિ નિયુક્ત થયા. બીજા અધિકારીઓની સાથે સુભાષે પ્રતિજ્ઞા લીધી કે 'હું હમેશાં દેશનો નમ્ર સેવક રહીશ અને મારા ચાલીશ કરોડ ભાઈઓની સ્વતંત્રતા માટે લડતો રહીશ. એ જ મારું પરમ કર્તવ્ય રહેશે.' સુભાષચંદ્ર બોઝ હવે નેતાજી સુભાષચંદ્ર તરીકે ઓળખાવા લાગ્યા.

જ્યારે જાપાને બ્રહ્મદેશ પર આક્રમણ કર્યું ત્યારે અંગ્રેજોએ પીછેહઠ કરવી પડેલી અને ત્યારે એમણે હિન્દી સૈનિકોને જાપાનની દયા પર છોડી દીધા હતા. આથી આ હિન્દી સૈનિકો પણ આઝાદ હિન્દ ફોજમાં જોડાઈ ગયા. અંદામાન અને નિકોબાર દ્વીપો પણ જાપાને જીતી લીધા અને આઝાદ હિન્દ ફોજને સોંપ્યા. સુભાષે એ બે બેટોનાં નામ 'આઝાદ' અને 'સ્વરાજ્ય' રાખેલાં.

આઝાદ હિન્દ ફોજની ચાર ટુકડીઓ હતી : (૧) સુભાષ ટુકડી જેમાં શીખ, પઠાણ તથા નાગરિક સૈનિકો હતા, (૨) ગાંધી ટુકડી - નાયક જનરલ કમાણી, (૩) આઝાદ ટુકડી - નાયક જનરલ ઝૂલમારાસિંહ અને (૪) નેહરુ ટુકડી - નાયબ જનરલ ગુરુબક્ષસિંહ ધીલોં.

એમાં વાયુસેના, તોપચીઓની સેના, સિગ્નલ કંપની, વૈદકીય

ઉપચારનું દલ, ગેરિલા ટુકડી, તથા ગુપ્તચર વિભાગો પણ હતા. એક બાળસેના પણ હતી, જેને તાલીમ માટે ટોકિયો મોકલવામાં આવી હતી.

સ્ત્રીઓનું પણ એક દળ તૈયાર કરાયું હતું, જેનું નામ 'ઝાંસીની રાણી રેજિમેન્ટ' હતું. એની સેનાનાયિકા લક્ષ્મી મેનન હતી. શરૂઆતમાં ૧૨૬ મહિલાઓએ સૈનિક તાલીમ લીધી હતી.

તા. ૫ જુલાઈ ૧૯૪૪ને દિવસે સિંગાપોરના ટાઉનહોલની સામે 'આઝાદ હિન્દ ફોજે' પેરેડ કરી અને હિંદુસ્તાનને સ્વતંત્ર કરવાની ઘોષણા કરી. ૨૪ ઓક્ટોબર ૧૯૪૩ની રાતે ૧૨-૫ મિનિટે આઝાદ હિન્દ સરકાર તરફથી ઇંગ્લન્ડ અને અમેરિકા વિરુદ્ધ યુદ્ધની ઘોષણા કરાઈ.

'આઝાદ હિન્દ ફોજ'ની સૈનિક સંખ્યા ૫૦,૦૦૦થી પણ વધારે હતી. ૧૫૦૦ અમલદારો હતા. એના સભ્યોની સંખ્યા સવા લાખની ઉપર હતી. નેતાજી કાળો કોટ, સફેદ પાટલૂન, તથા કાળી ટોપી પહેરતા હતા. એકવાર એમણે ભાષણમાં કહેલું : '...આપણી માતૃભૂમિ હવે સ્વતંત્ર થવા માટે વ્યાકુળ બની છે, પણ સ્વતંત્રતા સહેલાઈથી નથી મળતી. એ મેળવવા આપણું સર્વસ્વ હોમવું પડશે. આઝાદી બલિદાન માગે છે. તમે મને લોહી આપો. હું તમને આઝાદી આપીશ.'

નેતાજીની વાણી સાંભળી સંમતિસૂચક હજારો હાથ ઊંચા થયા. એમણે કહ્યું, 'એમ નહિ. તમારા લોહીથી તમારે પ્રતિજ્ઞાપત્ર પર સહી કરવી પડશે.' આ સાંભળી હજારો નવયુવાનોએ ચપ્પુથી પોતાની આંગળી પર ઘા કરી લોહીથી સહી કરી. સ્ત્રીઓ પણ પાછળ નહોતી. એમણે પણ પોતાના રક્તથી સહીઓ કરી.

નેતાજીને માટે લોકોનાં હૃદયમાં કેવો અપાર પ્રેમ હતો તેનાં નિદર્શક થોડાં દૃષ્ટાંતો જોઈએ.

આઝાદ હિન્દ બૅન્ક ચાલુ કરવાની વિચારણા શરૂ થઈ. આ સંબંધે એક કોટયાધિપતિ મુસલમાન વેપારી નેતાજીને મળ્યા. બૅંક ખોલવા માટે કેટલા રૂપિયા જોઈએ એ વિષે એમણે નેતાજીને પૂછ્યું. નેતાજીએ કહ્યું, 'ઓછામાં ઓછા પચાશ લાખ તો જોઈએ.' પેલાએ કહ્યું, 'એ કંઈ બહુ મુશ્કેલ નથી. હમણાં ત્રીશ લાખ આપું છું. બીજા વીસ લાખ એક અઠવાડિયા પછી.'

હીરાબાઈએ બે લાખ રૂપિયાનાં આભૂષણો નેતાજીની ઝોળીમાં પધરાવી દીધાં. પછી પતિની સંમતિ લઈને એકાવન હજાર રૂપિયા પણ આપ્યા.

એકવાર નેતાજી ભાષણ કરતા હતા. એમના હાથ પર હાર લટકતા હતા. હારોની હરાજી થઈ. એક હારની હરાજી એક લાખથી શરૂ થઈ પાંચ લાખ સુધી પહોંચી. પછી એક યુવાને પોતાની બધી સંપત્તિ આપવાની જાહેરાત કરી.

બીજે દિવસે નેતાજીએ એ યુવકને બોલાવ્યો ને કહ્યું, 'આવું ન કર. તારા નિર્વાહને માટે થોડું ધન રાખી લે.' એમણે કહ્યું, 'ના. હવે હું આઝાદ હિન્દ ફોજમાં જોડાઈ દેશને સ્વતંત્ર કરીશ.' નેતાજીની આંખો હર્ષાશ્રુથી ભીની થઈ ગઈ.

એકવાર લોકોએ જોયું કે નેતાજી ખૂબ ચિંતામાં છે. એ સમયે એ સિંગાપુર જતા હતા. કોઈએ હિંમત એકઠી કરીને એમને પૂછ્યું, 'આપ શા માટે આટલા ઉદાસ છો ?' એમણે ઉત્તર આપ્યો, 'મારે સેનાને માટે તાત્કાલિક વીસ લાખ રૂપિયાની જરૂર છે. રંગૂનમાં પહેલેથી જ ઘણું ધન લીધું છે. હવે એ માટે સિંગાપુર જઉં છું.'

એવામાં વિમાન બગડ્યું. એટલે થોડીવાર રોકાણ થઈ ગયું. એટલામાં એક જણ આવ્યો. ને નેતાજીને થોડી વધુ વાર રોકાવા કહ્યું. વિમાન રોકાયું. નેતાજીને એક નામાવલિ આપવામાં આવી. તેમાં પચીશ લાખ રૂપિયા ભંડોળમાં દાન આપનાર દાતાઓની યાદી હતી. નેતાજીએ સિંગાપુર જવાનું મુલતવી રાખ્યું.

બ્રહ્મદેશમાંથી હિંદુસ્તાનની મુક્તિ માટે આઝાદ હિન્દ ફોજે કૂચ શરૂ કરી. એ ૪ ફેબ્રુઆરી ૧૯૪૪નો દિન હતો. સૌથી આગળની ટુકડીના સેનાપતિ હતા કર્નલ શાહનવાઝખાન, નેતાજી પણ સાથે સાથે ચાલતાં હતાં. દશ શેરનો બોજો ખભા પર ઉઠાવી, હાથમાં બંદૂક રાખી, ત્રિરંગી ધ્વજ લહેરાવતા

કદમ કદમ બઢાયે જા.
ખુશી સે ગીત ગાયે જા.

ગીત ગાતા ગાતા, 'જય હિન્દ'નાં સૂત્રો ઉચ્ચારતા પર્વતીય માર્ગો પાર કરતા, સૈનિકો ૧૮મી માર્ચે કોહિમા (નાગાલેન્ડ) પહોંચ્યા. કોહિમામાં પ્રવેશતાં જ માતૃભૂમિની રજ માથે ચઢાવી અને શત્રુની છાવણી પર આક્રમણ કર્યું. શત્રુને પાછા ધકેલતાં ધકેલતાં મોરાઈ ટિડ્ડિમનો પર કબ્જો લઈ ઇમ્ફાલને ઘેર્યું. બીજી સૈનિક ટુકડીએ ઉખરાલ અને હુંગેવની વચ્ચેની રેલવે લાઈનને પણ કબજે કરી. ત્રીજી ટુકડીએ સુરમા નદી પાર કરીને કોહિમા જલભંડાર, ખાદ્યસામગ્રી અને શસ્ત્રો તથા નગર કબ્જે કર્યાં. 'ઝાંસીની રાણી' મહિલા સૈન્ય દળે પણ એવું ભયાનક યુદ્ધ કર્યું કે અંગ્રેજ સૈનિકોને પીછેહઠ કરવી પડી. સતત સોળ કલાક સુધી મહિલા દળે લડત ચલાવી દળનું નામ સાર્થક કર્યું હતું.

હિન્દની હદમાં આવ્યા પછી એક વખત આઝાદ હિન્દ ફોજને ખાદ્યસામગ્રીની ભયંકર ખોટ વર્તાઈ. સૈનિકોએ ઘાસપાન ઉકાળીને પીવાનું શરૂ કર્યું. સામેના અંગ્રેજ સૈનિકોને એની જાણ થતાં એમણે વિમાન દ્વારા પાઉંરોટી ફેંક્યા. સાથે ચિઠ્ઠી હતી : તમારા બધા ગુના માફ કરવામાં આવશે. અંગ્રજોની ફોજમાં તમારું જે સ્થાન હતું તે પણ પાછું આપવામાં આવશે.' પણ સુભાષના સૈનિકો એ પાઉંરોટીને પગતળિયે કચડી ધૂળમાં મેળવીને કહ્યું, 'આઝાદીનું ઘાસપાંદડું ગુલામીના પાઉં કરતાં અનેક ગણું સ્વાદિષ્ટ છે.'

(અનુસંધાન પૃ. ૩૪૨ પર)


જેની સુવર્ણજયન્તી આ વર્ષે છે તે **આઝાદ હિંદ ફોજ** જેનો આઝાદી જંગમાં મહત્ત્વનો ફાળો છે.

ડૉ. જયકુમાર ર. શુક્લ

'હિંદ છોડો' ચળવળ અને ૧૯૪૨માં થયેલ સ્વયંભૂ લોકક્રાંતિની નિષ્ફળતાથી કૉંગ્રેસની આગેવાની હેઠળ ચાલતા સ્વાતંત્ર્ય-સંગ્રામની ચળવળ મંદ પડી ગઈ ત્યારે પૂર્વ ભારતની સરહદે સુભાષચંદ્ર બોઝની આગેવાની હેઠળ આઝાદ હિંદ ફોજ દ્વારા હિન્દની સ્વતંત્રતાની લડત ચાલુ રહી હતી. તેમાં તેમને જાપાનના લશ્કરનો પણ સહકાર હતો. ભારતની સ્વતંત્રતાની ચળવળના લાંબા ઇતિહાસમાં તે ઘટના અતિ રસપ્રદ તથા ઘણી મહત્ત્વની છે.

જાપાનમાં અંગ્રેજો વિરુદ્ધ ભારતની રાષ્ટ્રવાદી પ્રવૃત્તિના આગેવાનો મૌલવી બરકતઉલ્લા, હરિહરનાથ અતલ અને રાસબિહારી બોઝ હતા. રાસબિહારી બોઝ ૧૯૧૫થી જાપાનમાં રહેતા હતા. તેઓ ભારતની સંપૂર્ણ આઝાદીના પ્રણેતા હતા અને તેમણે પૂર્વ એશિયામાં ભારતની સ્વતંત્રતા માટે સંગઠન સાધ્યું હતું. બીજા પ્રખ્યાત રાષ્ટ્રવાદી આગેવાન રાજા મહેન્દ્રપ્રતાપ ૧૯૩૬થી જાપાનમાં વસતા હતા. આ ઉપરાંત, ગિયાની પ્રીતમસિંગ અને બાબા અમરસિંગ ગુપ્ત થાઈલૅન્ડમાં ક્રાંતિકારી સંસ્થા ચલાવતા હતા.

નવેમ્બર ૧૯૪૧માં જાપાને યુનાઈટેડ સ્ટેટ્સ, ગ્રેટ બ્રિટન તથા નેધરલૅન્ડ્ઝ વિરુદ્ધ લડાઈ જાહેર કરી, ત્યારે સિંગાપુર તથા મલાયામાં જ અંગ્રેજોના લશ્કરમાં ભારતીય સૈનિકોની સંખ્યા ઘણી મોટી હતી. જાપાનના એક ઉચ્ચ લશ્કરી અધિકારી મેજર ફુજીવારાએ વિચાર્યું કે, અંગ્રેજોના સૈન્યમાંના ભારતીય સૈનિકોની વફાદારી બદલી નાખવામાં આવે તો જાપાનને અગ્નિ એશિયાના દેશોમાં વિજય મેળવવાનું સહેલું બને. તે માટે ફુજીવારાએ બૅંગકૉંગમાં પ્રીતમસિંગના જૂથની મદદ લેવાનું નક્કી કર્યું. તે સાથે જાપાનના પ્રધાનમંડળે અગ્નિ એશિયામાં વિજયો મેળવવાની ઇચ્છાથી ભારતની સ્વતંત્રતાના સંગ્રામને સહાય કરવાનો ઠરાવ કર્યો. આ અંગે ગિયાની પ્રીતમસિંગ અને ફુજીવારા વચ્ચે કરાર કરવામાં આવ્યા.



મોહનસિંઘ (જમણા બાજુ) અને રાસબિહારી બસુ ઈ. ૧૯૧૨માં ઇંડિયન નેશનલ આર્મીનું નિરીક્ષણ કરતા.

પ્રીતમસિંગે ડિસેમ્બર ૧૯૪૧માં કેટલાક શીખ આગેવાનોની સભા બોલાવીને 'ઇન્ડિપેન્ડન્સ લીગ ઑફ ઇન્ડિયા'ની સ્થાપના કરી. તે સભાએ એવો ઠરાવ કર્યો કે અંગ્રેજોની સેનામાંના ભારતીય સૈનિકોને જાપાન વિરુદ્ધ નહીં લડવા સમજાવવા. આ દરમિયાન અંગ્રેજ સૈન્યના ભારતીય અફસર મેજર મોહનસિંહે સુભાષચંદ્ર બોઝને જર્મનીથી જાપાનમાં બોલાવી તેમના નેતૃત્વ હેઠળ એક સૈન્ય તૈયાર કરવા ફુજીવારાને સૂચવ્યું. ૧૯૪૨ના ફેબ્રુઆરીમાં સિંગાપુરનું પતન થવાથી ૪૫,૦૦૦ ભારતીય સૈનિકો જાપાનને શરણે આવ્યા. તે પહેલાં મોહનસિંહ પાસે ૧૦,૦૦૦ યુદ્ધકેદીઓ હતા. તેમાંથી તેમણે આઝાદ હિંદ ફોજની રચના કરી. તેમાં તેમણે સોળ હજાર સૈનિકોની ભરતી કરી. પરંતુ મોહનસિંહને જાપાનની સરકાર સાથે મતભેદ થવાથી તેમને બરતરફ કરી અટકાયતમાં રાખવામાં આવ્યા.

થાઈલૅન્ડના પાટનગર બૅંગકૉકમાં ૧૫થી ૨૩ જૂન, ૧૯૪૨ દરમિયાન મલાયા, બર્મા, થાઈલૅન્ડ, ઇન્ડો-ચાઈના, જાપાન, ફિલિપિન્સ, ચીન, બોર્નિયો, જાવા, સુમાત્રા વગેરે દેશોના ૧૨૫ જેટલા ભારતીય પ્રતિનિધિઓની એક પરિષદ મળી. તેમાં ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગનું બંધારણ પસાર કરી, સંપૂર્ણ સ્વતંત્રતા મેળવવા સહિત ૩૫ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. આ પરિષદે સુભાષચંદ્ર બોઝને જર્મનીથી પૂર્વ એશિયામાં આવવા વિનંતી કરી.

બૅંગકૉક પરિષદ તરફથી પૂર્વ એશિયામાં જવાનું નિમંત્રણ મળતાં સુભાષબાબુ જર્મનીથી નીકળી, શત્રુઓથી ઘેરાયેલા મહાસાગરોમાં આફ્રિકાની પરિક્રમા કરી, હિંદ મહાસાગરમાં થઈને નેવું દિવસનો સબમરીન પ્રવાસ કરીને સુમાત્રા પહોંચ્યા. ત્યાંથી ૨૩મી જૂન, ૧૯૪૩ના રોજ ટોકિયો પહોંચ્યા ત્યારે જાપાનના વડા પ્રધાન જનરલ ટોજોએ તેમને આવકારી, હિન્દની સ્વતંત્રતાની ચળવળમાં મદદ કરવાની જાહેરાત કરી, તથા આરઝી હકૂમત સ્થાપવાની સુભાષ બોઝની યોજનાને પ્રોત્સાહન આપ્યું.

સુભાષચન્દ્ર બોઝે ભારતની પૂર્વ સરહદેથી બ્રિટિશ સરકાર વિરુદ્ધ યુદ્ધ કરવાના પોતાના અણનમ નિર્ધારની ઘોષણા ટોકિયો રેડિયો પરથી કરી, ત્યારે દરિયાપારના દેશોમાં વસતા ભારતીયોમાં આનંદ ફેલાયો. ટોકિયોથી સુભાષબાબુ સિંગાપુરમાં આવ્યા ત્યારે ભારતીયોએ તેમનું અપૂર્વ સ્વાગત કર્યું. રાસબિહારી બોઝે પાંચ

હજાર ભારતીય પ્રતિનિધિઓની સભામાં ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગનું પ્રમુખપદ તથા આઝાદ હિંદ ફોજના વડાનું પદ સુભાષ બોઝને સોંપ્યું. આ પરિષદે તેમને 'નેતાજી' તરીકે વધાવી લીધા. નેતાજીએ બીજે દિવસે, સેનાપતિના ગણવેશમાં સેનાની ટુકડીઓનું નિરીક્ષણ કરી, ફોજને 'ચલો દિલ્હી' અને 'જયહિંદ'ની રણઘોષણા આપી. તે પછી તેમણે બર્મા, મલાયા, થાઈલેન્ડ તથા હિન્દી-ચીનનો ઝડપી પ્રવાસ કરી, ત્યાંના ભારતીયો પાસે માતૃભૂમિના મુક્તિયજ્ઞમાં પોતાના સર્વસ્વનું બલિદાન આપવાની માગણી કરી. ભારતીયોએ સુભાષબાબુની ઝોળી છલકાવી દેવા ઉપરાંત યુદ્ધમાં સૈનિકો તરીકે જોડાવાની પોતાની તાલાવેલી દર્શાવી.

સુભાષબાબુએ ૨૧મી ઑક્ટોબર, ૧૯૪૩ના ઐતિહાસિક દિવસે સિંગાપુરમાં 'આરઝી હકૂમતે આઝાદ હિંદ' અર્થાત્ સ્વતંત્ર હિન્દની કામચલાઉ સરકારની સ્થાપના કરી. તેમાં સુભાષચંદ્ર વડા પ્રધાન, સરકારના વડા અને યુદ્ધ તથા વિદેશની બાબતોના પ્રધાન બન્યા. અન્ય પ્રધાનોમાં કૅપ્ટન શ્રીમતી લક્ષ્મી, એસ. એ. આયર, એ. એમ. સહાય તથા લેફ. કર્નલ એ. સી.ચેટરજી હતા. જાપાન, જર્મની, ઇટાલી, બર્મા, ફિલિપિન્સ, રાષ્ટ્રવાદી ચીન, થાઈલેન્ડ, કોરિયા અને મંચુરિયાએ હિન્દની તે કામચલાઉ સરકારને માન્યતા આપી. આરઝી હકૂમતના મંત્રીમંડળે ગ્રેટ બ્રિટન તથા યુનાઈટેડ સ્ટેટ્સ વિરુદ્ધ યુદ્ધ જાહેર કરવાનો નિર્ણય કર્યો અને નેતાજીએ રેડિયો પરથી તેની જાહેરાત કરી.

સિંગાપુરમાં નેતાજીએ આઝાદ હિંદ ફોજના અફસરોની કાર્યદક્ષતાનું મૂલ્યાંકન કર્યું. આંતરરાષ્ટ્રિય રાજકારણના અધ્યયન પરથી લેવાતા તેમના સ્પષ્ટ અને હિંમતભર્યા નિર્ણયોથી ફોજના અફસરો તથા સૈનિકો ઘણા પ્રભાવિત થયા. ભારતમાં આવેલ ઇમ્ફાલ પરના જાપાનના આક્રમણમાં આઝાદ હિંદ ફોજને સામેલ કરવાનો જાપાનના સરસેનાપતિએ ઇનકાર કર્યો ત્યારે નેતાજીએ દૃઢતાપૂર્વક કહ્યું કે, 'જાપાનનાં બલિદાનોથી હિન્દ સ્વતંત્ર થાય તે ગુલામી કરતાં પણ વધુ ખરાબ છે.' તેમના મક્કમ વલણથી જાપાનીઝ સરસેનાપતિ ઇમ્ફાલ પરના આક્રમણમાં ફોજની એક ટુકડીને સામેલ કરવા કબૂલ થયા.

સુભાષ બોઝે ગાંધી બ્રિગેડ, નેહરુ બ્રિગેડ તથા આઝાદ બ્રિગેડમાંથી શ્રેષ્ઠ સૈનિકોને યુદ્ધમાં મોકલવા માટે પસંદ કરીને તેઓને તાલીમ આપવા મલાયામાં તાઈપિંગ મોકલ્યા. ત્યાં તેઓને સઘન તાલીમ આપવામાં આવી. શાહનવાઝખાનને તે ટુકડીના સેનાપતિ બનાવવામાં આવ્યા. સૈનિકોએ તે ટુકડીને સુભાષ બ્રિગેડ નામ આપ્યું. સૈનિકોનું 'મોરાલ' અને શિસ્ત ઊંચાં લાવવા માટે સુભાષ બોઝે પ્રેરક પ્રવચનો આપ્યાં.

જાપાનના સરસેનાપતિ કાતાકુરાએ નેતાજી તથા શાહનવાઝખાન સાથે ભારત પરના આક્રમણની બંધબારણે ચર્ચા કર્યા બાદ, ૪થી ફેબ્રુઆરી, ૧૯૪૪ના રોજ સુભાષ બ્રિગેડ રેલવેમાં રંગૂનથી પ્રોમ અને ત્યાંથી પગપાળા કૂચ કરીને કાલાદાન નદી પાસે ક્યાઉક્તાવ પહોંચી. ત્યાં તેણે પશ્ચિમ આફ્રિકાની બ્રિટિશ લશ્કરની હબસી ટુકડીને પરાજય આપી પાલેટવા તરફ પહોંચી, ખૂનખાર જંગ ખેલી પાલટેવા તથા ડાલેટમ કબજે કર્યાં. મે, ૧૯૪૪માં આઝાદ હિંદ ફોજની સુભાષ બ્રિગેડે કોક્સ બજારથી પૂર્વે ૮૦ કિ.મી.ના અંતરે આવેલા મોડક પર રાત્રે હુમલો કરી, દુશ્મનોને ભયભીત હાલતમાં નસાડ્યા. મોડક હિન્દનો પ્રદેશ હોવાથી સુભાષ બ્રિગેડના સૈનિકોએ તેની જીત સાથે અપાર આનંદ અનુભવ્યો. ભારતમાતાની પવિત્ર ભૂમિને આદર સહિત ચૂમી, માતૃભૂમિને દંડવત પ્રણામ કર્યા તથા રાષ્ટ્રગીત સહિત વિધિસર ભારતનો ત્રિરંગી ધ્વજ લહેરાવ્યો.

ત્યાર બાદ અંગ્રેજ લશ્કરના હુમલાની શક્યતા તથા પુરવઠાની તંગીને કારણે જાપાનના સૈન્યે પીછેહઠ કરવાનું નક્કી કરી સુભાષ બ્રિગેડને પણ તે મુજબ કરવા જણાવ્યું. પરંતુ પોતાનું ધ્યેય દિલ્હીના લાલ કિલ્લાને કબજે કરવાનું છે એમ જણાવી, સૈનિકોએ પીછેહઠ કરવાની અનિચ્છા દર્શાવી. આ ટુકડીએ સપ્ટેમ્બર ૧૯૪૪ પર્યંત મોડકનું થાણું જાળવી રાખ્યું. કૅપ્ટન સૂરજમલની આગેવાની હેઠળ મોડકમાં રહેલી ફોજની ટુકડીએ અંગ્રેજ સૈન્યના હુમલા પાછા હઠાવવામાં સફળતા મેળવી.

સુભાષ બ્રિગેડની બીજી અને ત્રીજી ટુકડીએ ફલામ તથા હાકા નામનાં સ્થળોનો હવાલો સંભાળી બ્રિટિશ ગેરીલા દળોને હાર આપી. કલાનુખુઆ પાસે તેમણે મેજર મેનિંગની સેનાને નસાડી મૂકી. ફોજના માત્ર ૨૦ સૈનિકોએ કલાંગ માર્ગ પરના થાણાનું, દુશ્મનના ૧૦૦ સિપાઈઓ સામે રક્ષણ કર્યું અને અંગ્રેજોનો કલાંગનો મજબૂત કિલ્લો કબજે કર્યો.

ઉપર્યુક્ત વિજયોથી પ્રભાવિત થઈને જાપાનના સેનાપતિએ આઝાદ હિંદ ફોજને 'કોહિમા તરફ કૂચ કરી, બ્રહ્મપુત્રા નદી ઓળંગી બંગાળા તરફ જવાની' પડકારરૂપ કામગીરી સોંપી. જાપાની દળોએ આઝાદ હિંદ ફોજની મદદથી કોહિમા જીતીને ત્યાં ત્રિરંગો ધ્વજ ફરકાવ્યો. તે પછી આઝાદ હિંદ ફોજે આરાકાન તથા ઇમ્ફાલ વિસ્તારની ભારતની ભૂમિમાં પ્રવેશ કર્યો ત્યારે હિન્દના લોકો આનંદ અને ઉત્સાહથી ઘેલા બન્યા.

આઝાદ હિંદ ફોજની ગાંધી બ્રિગેડે ઇમ્ફાલ તરફ કૂચ કરતાં તામુ-પાલેલ માર્ગ પર ખૂનખાર જંગ ખેલ્યો. શત્રુઓ સામે ગેરીલા યુદ્ધ લડીને ગાંધી બ્રિગેડે કેટલાક મહત્ત્વના વિજયો મેળવ્યા. ફોજના માત્ર ૬૦૦ મરણિયા શૂરવીરો, તોપો અને વિમાનોની સહાયથી લડતા ૩૦૦૦ અંગ્રેજ સૈનિકો સામે, અપ્રતિમ

બહાદુરીથી ઝઝૂમ્યા. જૂન ૧૯૪૪માં ઇમ્ફાલ અને પાલેલના પહાડી પ્રદેશોમાં ખેલાયેલો આ જંગ દુનિયાના સ્વાતંત્ર્ય-સંગ્રામોના ઇતિહાસમાં અદ્વિતીય હતો. આ દરમિયાન, જાપાની સૈન્ય સાથે ઇમ્ફાલ પર આક્રમણ કરવા ગયેલ ફોજની ત્રણ ટુકડીઓએ ૧૯મી માર્ચ, ૧૯૪૪ના રોજ બર્માની સીમા ઓળંગી હિન્દની ભૂમિ ઉપર ત્રિરંગો ધ્વજ લહેરાવ્યો.

આ દરમિયાન દ્વિતીય વિશ્વયુદ્ધ જુદો વળાંક લઈ રહ્યું હતું. યુનાઈટેડ સ્ટેટ્સ પાસિફિક મહાસાગરમાં જાપાનને હંફાવતું હોવાથી, તેણે ભારત-બર્માના સીમાડેથી પોતાનાં વિમાનો પાસિફિક મહાસાગર તરફ મોકલ્યાં. ઇમ્ફાલ કબજે કરતા પહેલાં ચોમાસું શરૂ થઈ જવાથી આઝાદ હિંદ ફોજને અન્ન તથા શસ્ત્રો મોકલવાનું અશક્ય બન્યું. આ ઉપરાંત, ત્યાં બ્રિટિશ લશ્કર સતત વધારવામાં આવ્યું. તેથી આઝાદ હિંદ ફોજની આક્રમક પ્રવૃત્તિમાં મુશ્કેલી વધવા માંડી. બીજી બાજુ ઇટાલીએ સપ્ટેમ્બર ૧૯૪૩માં શરણાગતિ સ્વીકારી હતી અને જર્મનીની પીછેહઠ ઝડપી બની હતી. યુનાઈટેડ સ્ટેટ્સની મદદથી મિત્ર રાજ્યોની શક્તિમાં પણ નોંધપાત્ર વધારો થયો હતો. મોરચા પરના ફોજના સૈનિકોને અન્નસામગ્રી ન પહોંચવાથી તેમણે વનસ્પતિનાં મૂળ, ફળ અને ઘાસ પર જીવવું પડ્યું.

ચોમાસું શરૂ થતાં કલેવામાંના સિપાઈઓને મલેરિયા થયો. કર્નલ શાહનવાઝે ૧૫ જુલાઈની પોતાની ડાયરીમાં નોંધ્યું કે, 'ભૂખમરાથી માણસો માખીઓની જેમ મૃત્યુ પામે છે તથા કેટલાક આપઘાત કરીને મરણ પામે છે.' ઇમ્ફાલના આક્રમણમાં ફોજના ૧૫૦૦ સૈનિકોને અંગ્રેજોએ કેદ કર્યા. રંગૂનમાં ૧૯૪૫માં ફોજના ૬૦૦૦ સૈનિકોએ અંગ્રેજોની શરણાગતિ સ્વીકારી. આ ઉપરાંત સિંગાપુર, મલાયા, થાઈલેન્ડ તથા અગ્નિ એશિયામાંથી કેદ પકડાયેલા ફોજના સૈનિકોની સંખ્યા ૨૫,૦૦૦ જેટલી હોવાનો અંદાજ છે.

ઑગસ્ટ ૧૯૪૫માં જાપાને શરણાગતિ સ્વીકારી ત્યારે નેતાજી સિંગાપુરમાં હતા. વિમાનમાં સાઇગોન જવા માટે તેમણે ૧૬મી ઑગસ્ટે બૅંગકોક છોડ્યું. તે વિમાન ફોર્મોસાના તાઈપેઈ મુકામે ૧૮મી ઑગસ્ટે બપોરે બે વાગ્યે આવ્યું. તે પછીની ચોક્કસ માહિતી અપ્રાપ્ય છે. પરંતુ જાપાને જાહેર કર્યું કે તે વિમાનને આગ લાગી, નેતાજી સખત દાઝ્યા અને તેઓ અવસાન પામ્યા. આ રીતે માતૃભૂમિની મુક્તિ માટેના યજ્ઞમાં સુભાષ બોઝની આહુતિ અપાઈ અને ભારતે તેનું અમૂલ્ય નરરત્ન ગુમાવ્યું.

આઝાદ હિંદ ફોજને સફળતા ન મળી, તેમ છતાં હિન્દના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં તેનું પ્રદાન લેશમાત્ર ઓછું આંકી શકાય નહીં. ફોજનું સંગઠન અને તેણે ખેલેલી ભયાનક જંગને લીધે બ્રિટિશ સરકાર સમજી ગઈ કે હિન્દ પર કબજો જમાવી રાખવા હિન્દી સૈનિકો પર હવે વિશ્વાસ મૂકી શકાશે નહીં. વળી ફોજના પકડાયેલા સેનાપતિઓ શાહનવાઝખાન, સહગલ અને ધિલ્લોન પર દિલ્હીના લાલ કિલ્લામાં ખાસ લશ્કરી અદાલતમાં કેસ ચલાવવામાં આવ્યો ત્યારે દેશના લોકોએ તેમાં અતિશય રસ લીધો. સર તેજબહાદુર સપ્રુ, ભૂલાભાઈ દેસાઈ અને જવાહરલાલ નેહરુએ કોંગ્રેસ તરફથી ધારાશાસ્ત્રીઓ તરીકે અદાલતમાં તેઓનો બચાવ કર્યો. અદાલતે તેઓને સજા કરી ત્યારે કલકત્તાથી મુંબઈ અને લાહોરથી મદુરા સુધીનાં બધાં શહેરો તથા ગામોમાં દેશની જનતાએ સરકાર વિરોધી દેખાવો કર્યા. ફોજના સૈનિકોને લોકોએ આઝાદી જંગના શૂરવીર સૈનિકો તરીકે બિરદાવ્યા. સરકારે તેઓની સજામાં નોંધપાત્ર ઘટાડો કરવો પડ્યો. તે સાથે અંગ્રેજોએ હિન્દને સ્વતંત્રતા આપીને દેશ છોડી જવાનો નિર્ણય કર્યો તેમાં આ પરિસ્થિતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. તેથી આપણે સ્વીકારવું જોઈએ કે આઝાદ હિંદ ફોજના શૂરવીર સૈનિકોએ માતૃભૂમિ માટે આપેલાં બલિદાનો એળે ગયાં નથી. ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામની યશગાથામાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને જવાહરલાલ નેહરુ જેટલું જ આદરણીય સ્થાન અને પ્રતિષ્ઠા સુભાષચંદ્ર બોઝને પણ ઘટે જ છે. ❑

અનુસંધાન] નેતાજી સુભાષચન્દ્ર બોઝ [પૃ. ૩૩૯ પરથી

પણ યુદ્ધમાં હવે જર્મની હારી ચૂક્યું હતું. ઑગસ્ટના પહેલા અઠવાડિયામાં જાપાનના હિરોશીમા અને નાગાસાકી શહેરો પર અમેરિકાએ એટમ બૉંબ ઝીંક્યા. પરિણામે જાપાને શરણાગતિ સ્વીકારી. અંગ્રેજો આઝાદ હિન્દ ફોજના ત્રણ સેનાપતિઓ પ્રેમનાથ સાઈગલ, ગુરુબક્ષસિંહ ધીલોં અને શાહનવાઝખાન (એક હિન્દુ, એક શીખ અને એક મુસલમાન)ને પકડી તેમના પર લાલ કિલ્લામાં રાજદ્રોહનો મુકદમો ચલાવ્યો. આ ત્રણે વીરોના બચાવમાં ભૂલાભાઈ દેસાઈ અને જવાહરલાલ એ મુકદમો લડ્યા. પરંતુ એ ત્રણે વીરોને જન્મકેદની સજા ફટકારવામાં આવી હતી. લોકોના પ્રચંડ વિરોધના પરિણામે સરકારે તેમને ૩ જાન્યુઆરી ૧૯૪૬ને દિને મુક્ત કર્યા.

૨૪ એપ્રિલ ૧૯૪૫ના રોજ નેતાજી રંગૂનથી બૅંગકોક ગયા ને ત્યાંથી સિંગાપુર. ૧૬મી ઑગસ્ટે સિંગાપુરથી ટોકિયો જવા વિમાનમાં બેઠા. ૧૮મી ઑગસ્ટે વિમાન તાઈહોક વિમાનઘર પર તૂટી પડ્યું. નેતાજીનું પાર્થિવ શરીર આગમાં ભડથું થઈ ગયું. આ સમાચાર જાપાન રડિયોએ ૨૩ ઑગસ્ટ ૧૯૪૫ને દિને જાહેર કર્યા.

દેશની સ્વાતંત્ર્યતા માટે શૌર્ય, સાહસ, બલિદાન, અને અદ્વિતીય આયોજન શક્તિના નેતાજી જીવંત પ્રતીક હતા. એમનું જીવન એ ભારતીય ઇતિહાસનું સમુજ્જવલ પ્રકરણ છે. ❑

ગોરે નંદ, યશોદા ગોરી

રમેશ ૨. દવે

અપર્ણા મનોમન મૂંઝાયાં કરે છે. વાત જ એવી છે કે કહે તોય કોને કહે ? કૉલેજમાં કંઈ થયું હોય તો પપ્પા-મમ્મીને કહી શકાય ને બહેનપણી સાથે કંઈ ચણભણ થઈ હોય તો, બીજી-ત્રીજી બહેનપણીને કહીને વાત વિસારે પડાય પણ આ તો ઘરની વાત. જઈને કોને કહેવી ?

સમજણી થઈ છે ત્યારથી અપર્ણાને એના ઘર-કુટુંબ વચ્ચે ઊભાં રહેતા છતી થતી વિભિન્નતા અકળાવતી રહી છે. નાગર પરિવાર, દાદા-દાદી, મમ્મી-પપ્પા, ભાઈ-બહેને અરે કાકા-કાકી અને એમનાં દીકરા-દીકરી ય, બધાં જ ગોરાં ગોરાં ફુટ ! ને એ સૌની વચ્ચે પોતે? આ પ્રશ્ન સમજ કેળવાઈ પછી એણે પોતાને કેટલીવાર પૂછ્યો છે? બધી વાર અંદર સળગતું ડૂંભાણું ચંપાયું છે, ન કહી શકાય, ન સહી શકાય ! હારી-થાકીને એણે પોતાના નસીબને અને એની લખનારી વિધાત્રીને ન કહેવાનું કહ્યું છે. તે દિવસે રાજુલઆન્ટી ફેમિલીઆલ્બમ જોતાં હતાં. એનો અને વિપુલાનો ફોટો આવ્યો એટલે એમણે બે વાર પોતાની સામે જોયું છે એનો ખ્યાલ અપર્ણાને આવી ગયો હતો. કદાચ એ, પેલો ફોટો આવે, આન્ટી જુએ અને વળતી પળે નજર ઊંચકી પોતાની સામે જોઈ તાકી રહે એ ઘટનાની અપર્ણા રાહ જોઈ રહી હતી. ઘણીવાર એવું થાય છે. કપડાં લેવા જતી વેળા પણ એણે કલ્પ્યું હોય એમ જ થયું છે. ‘એ રંગ બહેનને ભળશે...’ ઘરનાં તો કાળજી રાખે પણ ગામનું શું? વિપુલાની જોડે ખરીદી કરવા જવાનું એ છાંડી ગઈ છે. બંને બહેનો ચાલી જતી હોય ને સામે મળતું અજાણ્યું માણસ પણ બેયના વાનની નોંધ લે છે અને અપર્ણા એ અચૂક જુએ છે, કદાચ નજર જ કેળવાઈ ગઈ છે આવું બધું જોવા !

ભીનો વાન તો ઘણાનો હોય. નયના તો પોતાનાથી ય શામળી છે. પણ એ તો બધાંય ભ્રાઈબહેન એકસરખાં. જ્યારે પોતે તો? ઘરમાં બધાં ગોરે વાન તો પોતે એકલી કાળી...અનંગકાકા તો લાડમાં એને કાળીદેવી જ નથી કહેતા? પણ એફ.વાય.માં સુખવાલસાહેબે સૂરદાસનું પદ ‘મૈયા મોહે દાઉ બહુત ખિજાયો’ ભણાવ્યું તે પહેલાં આટલી અકળામણ ન હતી. સુખવાલસાહેબના વર્ગોમાં બહુ મઝા પડે. એમાંય કવિતા ભણાવે ત્યારે તો, બસ, એમને સાંભળ્યા જ કરીએ. નોટ કરવાનું ય ભૂલી જવાય. પણ એ દિવસે એને થયું, પોતે એ દિવસે ગેરહાજર રહી હોત તો કેવું સારું થાત? પદ સમજાવતાં સાહેબે કહ્યું હતું એનો અક્ષરેઅક્ષર યાદ છે: બાલક્રિષ્ન માતા યશોદા સે કહતે હૈં, મૈયા મોહે દાઉ બહુત ખિજાયો અર્થાત્ હે માતા મેરે દાઉ કહતે બડે ભૈયા મુઝે ચિઢાતે હૈં. બડે ભૈયા યાની બલરામ. બડે નટખટ થે બલરામ. ક્રિષ્ન કો ક્યા કેહકર ચિઢાતે હૈ ? ગોરે નંદ, યશોદા ગોરી તૂ કત શ્યામ શરીર ? દેખ ભાઈ, હમારે નંદબાબા ગોરે હૈં, માતા યશોદા ભી ગોરી હૈ તો, ફિર એક તુમ હી ક્યોં કાલે-કલુટે હો ? સોચો જરા, તુમ્હેં એસા નહીં લગતા કિ તુમ ઈનકી સંતાન નહીં હો ? – બસ આટલું તો માંડ માંડ સાંભળી શકાયું હતું. કોઈ પૂછે, કોઈ રોકે એની પરવા કર્યા વિના એ સડસટાડ વર્ગખંડમાંથી ભાગી નીકળી હતી. અને કોલેજના હૉર્ટિકલ્ચરલ ગાર્ડનમાં એકલી બેસીને રડી પડી હતી.

બસ, તે દિવસથી ચાંદનીમાસીની વર્ષો પૂર્વેની વાત એને સાચી લાગવા માંડી છે. એ હજુ જાતે ફ્રોક પહેરતાં માંડ શીખી હતી. કશીક વાત નીકળી અને એમણે કહ્યું હતું : આ અપુ કંઈ અમારી દીકરી નથી. એ તો દીદી નર્સિંગ હોમમાં હતી ત્યારે જ બદલાઈ ગઈ છે. અરે, મેં ગળથૂથી પાઈ ત્યારે તો કેવી ગુલાબી-ગોરી હતી ! જાણે હમણાં ગળથૂથી ગળા સોંસરી દેખાશે ! ને આવું તો હૉસ્પિટલમાં બહુ યે વાર થતું હોય છે. એક સાથે દસ-બાર છોકરાંને સૂવરાવ્યાં હોય લાઈનબંધ, લૂગડું વીંટીને ગોટમોટ. ને મોઢામાં તો ચાર-છ વાસામાં બીજું શું હોય, બે આંખ, બે કાન,એક નાક – બધું સરખું ! ચહેરાનો અણસાર કાંઈ થોડો આવ્યો હોય ? નંબર ભલેને આપ્યાં હોય પણ છાપામાં રિઝલ્ટ હોય ત્યારે ઘણી વાર એકને બદલે બીજો નંબર નથી છપાઈ જતો? અરે, ક્યારેક તો જેલમાંથી એકને બદલે બીજા નંબરનો કેદી નથી છૂટી જતો? એ તો નંબરનું ત્યારે એવું ! હવે બોલો અપુબેન, તમેય બદલાઈ નહીં ગયાં હો એની શી ખાતરી ! – ઘરમાં બધાં હસી પડેલાં’ પણ પોતે શિયાવિયા થઈ ગયેલી. પપ્પા ચાન્માસીની ઉપર બહુ ખિજાયા હતા : ચાંદની, તું આવડી મોટી થઈ પણ તને, કોની સાથે, ક્યારે કેવી મજાક કરાય એ ન શીખી. ચાન્માસી પણ છોભીલાં પડી ગયાં હતાં. મને બહુ વહાલ કરીને કહે : ‘ચાલ, તને વિક્ટોરિયા ગાર્ડન લઈ જાઉં. બહુ મઝા પડશે.’ તે દિવસે તો, મનમાંથી એ વાત ક્યારે નીકળી ગયેલી; કંઈ યાદ નથી. પણ સૂરદાસના પદની પંક્તિ – ‘ગોરે નંદ, યશોદા ગરી તૂ કત શ્યામ શરીર’– એ એનાં આછર્યાં પાણી ડહોળી નાખ્યાં છે. કૃષ્ણ કાળા જ હોય ને! એ ક્યાં ગોરાં ગોરાં યશોદા માતાની કૂખે અવતર્યા હતા? તો શું હું પણ? – એને કમકમાં આવી ગયાં. આ ઘર-પરિવારમાં પોતાને પણ કોઈક મૂકી ગયું છે? કે પછી ચાન્માસીએ કહ્યું હતું એમ નર્સિંગહોમમાં જ કોઈએ અદલાબદલી કરી નાંખી હશે? પણ એમ કોઈ પોતાનું બાળક કોઈના બાળક સાથે બદલી લેતું હશે?

હા, બદલી નાખે. આશા હોય દીકરાની ને દીકરી જન્મે તો,

માણસ દીકરી મૂકીને દીકરા ન લઈ લે? અને હૉસ્પિટલની કામવાળી બાઈને ફોડી નાખતાં કેટલી વાર? બસો-પાંચસો આપ્યા નથી ને...

માહેશ્વરી નવરંગ દેસાઈની દીકરી નથી ? એ પ્રશ્ને એને જડમૂળથી હલાવી નાખી. કોણે એને બદલાવી હશે? નર્સિંગ હોમની કમવાળી બાઈએ કે મા જનેતાએ જ ? મમ્મી સૂતાં હશે ને એ મા આવી હશે. મમ્મીના પડખામાંથી એમની ગોરી ગોરી, ચાન્માસી કહેતાં હતાં એવી ગુલાબી-ગોરી છોકરીને લઈને મને, પોતાની દીકરીને મમ્મીને પડખે સુવરાવી દીધી હશે... કોઈ જોઈ નહીં ગયું હોય? એમ થયું હોય તો ય જોનારાનું મોઢું પૈસાથી ક્યાં નથી ભરી દેવાતું ? તો શું પોતે આવી સ્વાર્થી, ચોર માનું સંતાન છે? જેણે કાળા-ગોરાનો કે પછી દીકરા-દીકરીનો ભેદ કરીને પોતાને તજી દીધી છે. કોઈ મા આવી નિષ્ઠુર થઈ શકે?

ન જ થઈ શકે? ફિલ્મોમાં ઘણી વાર મંદિરને પગથિયે કે અનાથ-આશ્રમના દરવાજે પોતાનું તાજું જન્મેલું બાળક મૂકી જતી કુંવારી માતા નથી બતાવતા? રડતાં-કકળતાં હૃદય પર પથ્થર મૂકીને ય એવી સ્ત્રી, માતા હોવ છતાં, બાળકને છાતીએથી અળગું નથી કરતી ? તો શું હું પણ એવી વિવશ માતાનું સંતાન હઈશ ? પણ ના, મને કોઈ મંદિરને પગથિયે કે અનાથ આશ્રમના દરવાજે ક્યાં મૂકી ગયું છે? મને તો બદલાવી નાખી છે. પણ અદલાબદલીની એવી કઈ વિવશતા હશે? એવું ન બને કે આ બધી મારી મનગઠત કલ્પના જ હોય ? એમ જ હોય તો કેવું સારું ? એમ તો બધાં મને પપ્પા જેવી મિજાજી નથી કહેતાં ? જીદાદી તો બધી વાતે એમ જ કહ્યાં કરે છે : 'આ અપુ તો બસ મારો નાનો નવરંગ જ છે. એમ જ ડાબે પડખે, કાન પાસે હાથ રાખીને સૂએ છે. ચાલે છે ય એમ જ ને હોઠને ડાબે ખૂણેથી મલકે ય છે નવરંગ જેવું જ !'

જીદાદીને બોલતાં અટકાવીને મમ્મી કહે : હા, હા, બધું તમારા ચિરંજીવી જેવું જ છે. પણ એનો વાન જોયો? ગોકુળમાં આઠમની મેઘલી રાતે ઘેરાણો હતો એવો જ કાળો ડમ્મર અષાઢ મહિનો ઓઢીને આવી છે મારી દીકરી ! – કહેતાં કહેતાં હજુ ગઈ કાલ સુધી મમ્મી મને તેડી લેતી ને બચીઓથી નવરાવી દેતી! બહુ વ્હાલ કરે છે મમ્મી ! નહીં તો, હું તો વચલું સંતાન, પણ કોઈ વાતે ઊણું આવવા દેતી નથી. ટાઈફોઈડ થયો હતો ત્યારે, રાતે બહુ વિકરાળ સપનાં આવે, આંખ મીંચતા બીઉં. ગમે ત્યારે જોઉં, મમ્મી જાગતી જ હોય ! હું તો, રાતે ઊંઘ ન આવે એટલે દિવસે સૂઈ જાઉં. પણ મમ્મી ? એને તો દિવસ આખો ઘર-ગૃહસ્થી માથા ઉપર. સાજી થઈ ત્યારે વજન કરતી વેળા ડૉકટરકાકાએ મમ્મીનું વજન પણ કરેલું. પૂરું સાત કિલો ઘટી ગયું હતું. આટઆટલાં વ્હાલ વચ્ચેય મને થયા કર્યું છે : મમ્મી મને વધારે ચાહે છે કારણ... કારણ કે હું એમની દીકરી નથી. મને ઓછું ન આવે એની કાળજી... ક્યારે આવું વિચારવા બદલ જાત પર એવી ઘૃણા થઈ આવે છે કે શું કરું?

પણ એકલી પડું છું ને લાગલું જ અંદરથી કોઈક પૂછે છે :

'તને કશી ખાતરી છે કે તું તારાં મમ્મી-પપ્પાનું જ સંતાન છે?'

'પપ્પાના સ્વભાવની બધી ખાસિયતો, ટેવ-કુટેવો મારામાં નથી ઊતરી આવી?'

'એ તો માણસ બચપણથી સાથે રહે એટલે સ્વભાવ ઊતરી આવે, પણ તારા ને એમના બ્લડ-રિલેશનની કોઈ ખાતરી ખરી? યાદ છે, તેં એન. એસ. એસ.ના કેમ્પમાં બ્લડ-ડોનેશન કરેલું ત્યારે તારું 'ઓ' બ્લડ-ગ્રુપ જોઈને પપ્પાએ આશ્ચર્ય અનુભવ્યું હતું.'

'એ તો ક્યારેક એવું ય બને છે કે સંતાનનું બ્લડ-ગ્રુપ પપ્પા-મમ્મીને બદલે દાદા-દાદી કે નાના-નાનીનું હોય !'

'હા, એમ છે પણ ક્યારેક જ ! એટલે તો કહું છું તું તારાં મમ્મી-પપ્પાની દીકરી....'

આમ પોતાની જાત સામે જ હારી જવાતું. પછી ઘૂસી જતી કોઈ અંધારિયા ખૂણે ચૂપચાપ. એ વેળા કોઈ બોલાવે, પૂછે તો પેલી શંકા જ વધુ ને વધુ દૃઢ થતી ઉશ્કેરાતી : બધાંને ખબર છે, બધાં જાણે છે અને એટલે જ.... એટલે જ આટલી બધી કેર કરે છે મારી !

પણ આજે ફેંસલો કરીને જ જંપીશ. સીધું મમ્મીને જ પૂછીશ. એમણે કહેવું જ પડશે. નહીં કહે ત્યાં સુધી કશું ખાઈશ-પીશ નહીં. પપ્પાની જેમ એમણે દાદ-દાદીને અલગ રહેવા જતાં એમ જ ન્હોતાં અટકાવ્યાં?

મમ્મી આજે આવી જવાની છે. કેટલા વાગ્યા હશે? નવજીવન એક્સપ્રેસ તો સાડા આઠ-પોણા નવ સુધીમાં આવી જાય છે. લેઈટ હશે? પોતે અહીં ક્યારની બેઠી છે? એણે લાઈટ કરીને ઘડિયાળમાં જોયું – સાડા દસ ? મમ્મીએ ફોનમાં તો કહ્યું હતું કે ચાન્માસીની તબિયત સારી છે. પછીથી કંઈ કૉમ્પ્લિકેશન્સ થયાં હશે ? બંને સારાં તો હશે ને? નર્સિંગ હોમનો નંબર તો છે, પપ્પાને કહું : ફોન કરીએ.

અપુ, એ...અપુ અંદરથી પાંચની નૉટ લાવ તો, – જીદાદીએ બૂમ પાડી. મમ્મી આવી ગઈ? એ લગભગ ઊછળવા જતી હતી ત્યાં પગ પાછા પડ્યા. હમેશાંની માફક ઉત્સાહ ન અનુભવાયો.

અરે અપુ, કેટલી વાર દીકરા !

આવે છે, આવે છે. આ રિક્ષાવાળા જેટલી નિરાંત તો રાખ. શોધતી હશે... પણ તું શું કહેતી હતી ? હા.. આ ચાંદનીનો દીકરો છે ને તે બિલકુલ અપુનોભાઈ જ જોઈ લ્યો ! એના જેવો જ અષાઢ આંઢીને ભાઈસાહેબ પધાર્યા છે ! અને લંબોદર પણ એવો જ થશે.

અરે, અપુ ! તને તારી ચાન્માસીએ ભઈલાને રમાડવા ખાસ બોલાવી છે. આવતા બુધવારે જ એની ટિકિટ કરાવી દો તમે ! અદલ તારી જેવો જ કાળિદાસ છે મારો વા'લો !

એકાકી અંધારા ખૂણે ઘેરાયેલાં આશંકાનાં વાદળની કિનાર રતૂમડા સોનેરી રંગે રંગાવા લાગી. હવે કોઈએ ગાવાની જરૂર ન હતી : 'સૂર શ્યામ મુઝે ગોધન કી સૌં, હોં માતા તૂ પૂત !' ❑

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

પશુમાં પડી એક તકરાર

તા. ૧૭-૧-૭૭. કુમુદબહેન આજથી મેટર્નિટી લીવ (પ્રસૂતિની રજા) પર ઊતરી ગયાં છે. તેમની તબિયત સારી છે.

તમને થશે કે પત્રમાં હવે કૌટુમ્બિક સમાચાર કેમ આવવા માંડ્યા ? પણ એમાં નવાઈ પામવા જેવું કંઈ નથી. કારણ કે, હમણાં હમણાં ભારતના રાજકીય સમાચાર આપવા એ પણ કૌટુમ્બિક સમાચાર આપવા જેવું જ થઈ ગયું છે.

જુઓ. થોડાં દિવસ પહેલાં સમાચાર હતા કે, મુંબઈ પ્રદેશ કૉંગ્રેસ કમિટિના પ્રમુખ બૅરિસ્ટર રજની પટેલ મેટર્નિટી લીવ પર ઊતરી ગયા છે ! આજે સમાચાર આવ્યા છે કે કસુવાવડ થઈ ગઈ છે અને હવે રજની પટેલે મુંબઈ પ્રદેશ સમિતિના પ્રમુખપદેથી રાજીનામું આપ્યું છે. છેવટે કુટુ[illegible]ને નક્કી કર્યું કે, આમ વારેવારે કસુવાવડ થાય તે ઠીક [illegible] ઓપરેશન જ કરાવી નાખવું. મુંબઈ પ્રદેશની હવે જુદી સમિતિ નહીં રહે અને એ મહારાષ્ટ્રની સમિતિ સાથે ભળી જશે. જો કે હજી આપણાં છાપાંવાળાઓને થોડી શરમ રહી છે એટલે સાવ મેં ઉપર લખ્યું છે તેમ લખતા નથી. છાપાંવાળાઓના શબ્દોમાં તો થોડા દિવસો પહેલાં રજની પટેલે મુંબઈ પ્રદેશ સમિતિના પ્રમુખપદેથી પોતે છૂટા થવા માગે છે તેવો ઇન્દિરાજીને પત્ર લખ્યો. ઇન્દિરાજીએ લીલી ઝંડી આપી એટલે રજની પટેલનું રાજીનામું પ્રદેશ સમિતિએ સ્વીકારી લીધું અને છેવટે લાગતા વળગતા બધા દિલ્હી ગયા અને ત્યાં જઈને નક્કી કરી આવ્યા કે મુંબઈ પ્રદેશ કૉંગ્રેસ સમિતિને મહારાષ્ટ્ર પ્રદેશ સમિતિમાં ભેળવી દેવી.

પરંતુ અમારા આ 'નાનું કુટુંબ, સુખી કુટુંબ' જેવા કુટુંબમાં આવા ઝઘડા કેમ ઊભા થયા તે વાત છાપાંમાં આવતી નથી. તાજેતરના કેટલાક રાજકીય પ્રવાહો અને રજની પટેલનો પૂર્વ ઇતિહાસ જાણતા હોઈએ તો આ 'પશુમાં પડી એક તકરાર'નું મૂળ તરત જ મળી આવે.

અત્યાર સુધી ભારતીય સામ્યવાદી પક્ષ (C.P.I.) અને ઇન્દિરા કૉંગ્રેસ સહકારમાં રહીને કામ કરતાં, છેલ્લા એક માસથી તેમાં વિખવાદ ઊભો થયો છે. વિખવાદનું કારણ એ કે, CPIએ એમ જાહેર કર્યું કે અમને ઇન્દિરાના ૨૦ મુદ્દાના કાર્યક્રમમાં વિશ્વાસ છે, પણ સંજય ગાંધીના પાંચ મુદ્દાનો કાર્યક્રમ તો નરી બાલિશતા છે. હવે સંજય ગાંધી ઇન્દિરાજીનો નાનો પુત્ર અને ઇન્દિરાજી તેને પોતાના રાજકીય વારસ તરીકે પલોટતાં હતાં.

કુટુંબનાં વડા આજે ભલે ઇન્દિરાજી રહ્યાં પણ આવતીકાલે તો એ સ્થાન સંજય ગાંધીએ જ લેવાનું છે ને ! એટલે સંજયના પાંચ મુદ્દાના કાર્યક્રમની ટીકા CPI કરે તે કેમ ચાલે ? તરત જ અમારાં કહ્યાગરાં છાપાં CPIની ટીકા કરવા મંડી પડ્યાં. હવે ઇતિહાસ એવો છે કે, બૅરિસ્ટર રજની પટેલ ઇન્દિરાના જમણા હાથ થયા તથા મુંબઈ કૉંગ્રેસ કમિટિના પ્રમુખ થયા તે પહેલાં CPIના સભ્ય હતા. હું તો આજથી ૨૫ - ૩૦ વર્ષ પહેલાં રજની પટેલને કૉમ્યુનિસ્ટ પાર્ટીના સક્રિય સભ્ય તરીકે જ ઓળખતો હતો. એટલે અમારા કુટુમ્બના ભવિષ્યના વડાની ખફા નજર તમારા ઉપર પડે એટલે પછી મહિના ન ચડ્યા હોય તોયે મેટર્નિટી લીવ પર ઊતરવું પડે ને !

કિસનસિંહ ચાવડા અને આઝાદીનો સંગ્રામ

તા. ૨૫-૬-૭૯. રેડીઓ પર હમણાં 'અતીતનાં સંભારણાં' કાર્યક્રમ સાંભળ્યો. કિસનસિંહ ચાવડા ('અમાસના તારા'ના લેખક) અને તેમના મિત્ર ભાઈલાલ કોઠારી વચ્ચે વાતચીતના રૂપમાં કાર્યક્રમ હતો અને તેમાં કિસનસિંહ પોતાની જૂની વાત કહેતા હતા.

ક્રાન્તિકારી વીર ભગતસિંહના એ સાથીદાર હતા. ટ્રેન લૂંટવી, બૅન્ક લૂંટવી, પોલિસ-શસ્ત્રાગારમાં લૂંટ કરવી આવું તો તેમણે ઘણું કર્યું હતું. અલબત્ત, આ બધું ઉત્તર ભારતમાં, ગુજરાતમાં નહીં. તેમણે જ ભગતસિંહની ગાંધીજી સાથે મુલાકાત ગોઠવી હતી. મુલાકાત પૂરી થયા પછી ગાંધીજીએ ટકોર કરી કે, અલ્યા કિસનસિંહ, તું પણ હિંસાને માર્ગે ચાલ્યો ! મૂળભૂત રીતે ભક્તિ માર્ગના સંસ્કાર તેમાં ગાંધીજીની આ ટકોર - કિસનસિંહે ભગતસિંહનો ભૂગર્ભ ચળવળનો માર્ગ છોડ્યો અને શ્રી અરવિંદના આશ્રમમાં જઈ રહ્યા.

પણ ત્યાં વળી નવો જ અનુભવ થયો. શ્રી અરવિંદને શાક્ષાત્કાર થયો અને તેઓ એકાન્તવાસમાં ચાલ્યા ગયા તથા પોતાના પ્રતિનિધિ તરીકે માતાજીને નીમ્યાં. કિસનસિંહને થયું, સરકાર પોતાનો એલચી નીમે, વેપારી કોઈ આડતીઓ રોકે તેમ આધ્યાત્મિક નેતા પણ એજન્ટ નીમે ! શ્રીઅરવિંદ તરફ તમને જે ભક્તિભાવ હોય તે હવે તેમના એજન્ટને આપવાનો !!

બસ, પોંડીચેરીથી પાછા આવ્યા. લગ્ન કર્યાં અને એ બંને (પતિ-પત્ની) મુંબઈની ફેલોશિપ હાઈસ્કૂલમાં શિક્ષક થયાં. તેટલામાં ૧૯૩૦-૩૨ની ગાંધીજીની લડત આવી. તે વખતે ફક્ત મુંબઈમાં જ રેડીઓ સ્ટેશન હતું. સરકારના આ રેડીઓ સામે આઝાદ રેડીઓ શરૂ કરવાનું નક્કી થયું. તેની વ્યવસ્થા કરવાનું કિસનસિંહને સોંપાયું. જાપાનથી ટ્રાન્સમીટર આવી ગયું. પણ ટ્રાન્સમીશન ટાવરનું શું કરવું ? તેને કેવી રીતે સંતાડવો ? ઊંચા મકાનની અગાશીમાંથી કાળી પતંગ આકાશમાં ચગાવી. તેનો

એરિયલ તરીકે ઉપયોગ કરવાનું નક્કી થયું અને એમ આઝાદ રેડીઓ રોજેરોજ સમાચાર બ્રોડકાસ્ટ કરવા લાગ્યો. સરકારને ચિંતા થઈ. આ રેડીયો સ્ટેશન તો પકડી પાડવું જ જોઈએ. વિલાયતથી સાધનો મંગાવ્યાં જેના વડે આ અવાજનાં મોજાં કઈ દિશામાંથી આવે છે તે નક્કી કરી શકાય. શામ, દામ, ભેદ, દંડની બધી રીતો અજમાવી. છેવટે આઝાદ રેડીઓનો એક ઇજનેર ફૂટ્યો, તાજનો સાક્ષી થયો અને રેડીઓ સ્ટેશન પકડાઈ ગયું.

કિસનસિંહને જેલમાં મૂક્યા અને તેમની પાસેથી આ રેડીઓ સાથે સંકળાયેલાની માહિતી કઢાવવા પોલીસે જાતજાતની યાતનાઓ આપી, પરિણામે તેમને હૉસ્પિટલમાં ખસેડવા પડેલા.

તા. ૨-૧૨-૭૯. આ જાણીતા સાહિત્યકાર કિસનસિંહ ચાવડાનું ગઈકાલે વડોદરામાં અવસાન થયું. વડોદરા મ્યુનિસિપાલિટીની સરદાર વ્યાખ્યાનમાળાનું આ વર્ષનું વ્યાખ્યાન વડોદરાના ટાઉન હોલમાં આપી રહ્યા હતા. બારડોલી સત્યાગ્રહમાં તેઓ સરદારની સાથે હતા અને તે અનુભવો વર્ણવવાની શરૂઆત કરતાંની સાથે જ તેમનું માથું ઢળી પડ્યું અને પ્રાણપંખેરું ઊડી ગયું.

મોરબીમાં સ્વયંસેવકો

તા. ૭-૧૦-૭૯. આજે મોરબીની હેલ હોનારતને ૫૭ દિવસ થયા. મોટા રસ્તા ઉપરથી કાદવકીચડ તો સાફ થઈ ગયો છે, પરંતુ નાની ગલીઓમાં હજુ બેથી ત્રણ ફૂટ કાંપ જમા થયેલો છે. દેશમાં અનાજનો મોટો સ્ટોક છે એટલે સરકારની એક યોજના છે – Food for work. કામની મજૂરી પેટે અમુક માપ ઘઉં કે ચોખા મળે ! આ કાર્યક્રમ નીચે મજૂરો મોરબીમાં સફાઈ માટે રોક્યા છે. પણ હજુ નાના રસ્તા અને ગલીઓ સાફ થઈ શક્યાં નથી. કારણ કે, મજૂરીએ આવેલાં મારફતે થતું કામ ઘણું ધીમી ગતિએ થાય છે. એટલે ગુજરાતની યુનિવર્સિટીઓની રાષ્ટ્રિય સેવા યોજના (NSS)ના સ્વયંસેવકોના કેમ્પ મોરબીમાં કરવાનું નક્કી કર્યું અને રીતસર આયોજન કરી કોઈપણ દિવસે ૨૫૦થી ૩૦૦ સ્વયંસેવકો કામ પર હોય એવો ઑક્ટો. નવે. ડિસે. સુધીનો કાર્યક્રમ નક્કી કર્યો. આમ, રોજના ૩૦૦ હિસાબે સ્વયંસેવકો કામ કરશે ત્યારે ત્રણ મહિને આખું ગામ સાફ થઈ શકશે.

આ ૨૫૦ થી ૩૦૦ સ્વયંસેવકોમાં ગુજરાત યુનિવર્સિટીના ૧૬૦ જેટલા હોય. આજે અમે આ સ્વયંસેવકોને મળ્યા. જે ગલીની સફાઈ તેમને સોંપાઈ છે ત્યાં જઈ આવ્યા. જમા થયેલા કાંપમાંથી સખત બદબૂ નીકળે છે. કારણ કે, તેમાંથી સડેલું અનાજ, બટાટા, મસાલા એ બધું દટાયેલું બહાર આવે છે. આ NSSના સ્વયંસેવકોનું કામ ગામમાં એટલું તો વખણાયું છે કે, મને તો ખબર નહતી કે અમારા એનએસએસવાળા મોરબી ગામમાં ક્યાં ઊતર્યા છે. પણ એનએસએસવાળાને ભૂરો સ્કાર્ફ આપવામાં આવે છે, એટલે ગામમાં અમે પૂછપરછ કરી ત્યારે લોકોએ કહ્યું કે, પેલા ભૂરા રૂમાલવાળનું પૂછો છો ને ? તે તો ફલાણી જગ્યાએ ઊતર્યા છે.

અમારા આ ભૂરા સ્કાર્ફવાળા સ્વયંસેવકોની આબરૂ તો ઠેઠ દિલ્હી સુધી પહોંચી છે અને કેન્દ્રના શિક્ષણ પ્રધાને આ સ્વયંસેવકોને અભિનંદન આપતો પત્ર મને લખ્યો છે.

ભારત-પાક – લોહીની સગાઈ

તા. ૨૮-૧૦-૭૯. દિવાળીના દિવસોમાં અમદાવાદના દરિયાપુર, રાયપુર અને શાહપુર વિસ્તારોમાં હિન્દુ-મુસ્લિમ દંગલો થયાં. શહેરના મોટા દુકાનદારો (મુખ્યત્વે હિન્દુઓ) અને ફટાકડાના ફેરિયા અને દુકાનદારો (મુખ્યત્વે મુસ્લિમ) તેમને બંનેને થયું કે બાર મહિને કમાણી કરવાનો આ દિવાળીનો પ્રસંગ કર્ફ્યુમાં વીતી જશે, કારણ જરાક તોફાન વણસે એટલે ૨૪ કલાકનો કરફયુ નાખે. તરત બધા ઠેકાણે આવી ગયા અને ધનતેરસથી બધું રાગે પડી ગયું.

એક તરફ કોઈ ખાસ કારણ વગર અમદાવાદનાં કોમી હુલ્લડ શરૂ થયાં અને એ જ રીતે બંધ થઈ ગયાં તો બીજી તરફ ભારત અને પાકિસ્તાન પોતાના સંબંધો સુધારવાનો વ્યવસ્થિત પ્રયાસ કરે છે. ગયે વરસે ભારતની ક્રિકેટ ટીમ પાકિસ્તાનની ટૂર પર ગઈ હતી, અને હવે આ વર્ષે નવેમ્બરની શરૂઆતમાં પાકિસ્તાની ક્રિકેટ ટીમ, ૧૮ વર્ષના વનવાસ પછી, ભારતને પ્રવાસે આવી રહી છે. આ ટીમનો કેપ્ટન છે આસિફ ઇકબાલ. છેલ્લે પાકિસ્તાની ટીમે ઇંગ્લન્ડનો પ્રવાસ કર્યો ત્યારે આ જ કેપ્ટન હતો. પણ ત્યારે તેની કેપ્ટનશિપ સામે થોડો ઊહાપોહ થયો હતો. પાકિસ્તાની ફાસ્ટ બોલર શરફરાઝ નવાઝે તો બળવો કર્યો અને આસિફની કેપ્ટનશિપ નીચે કદી ન રમવું તેમ તેણે જાહેર કરેલું. આ બધો ઇતિહાસ છતાં પાકિસ્તાને શરફરાઝને છોડીને પણ આશિફને કેપ્ટન તરીકે પસંદ કર્યો છે. કારણ કે, આસિફ ઇકબાલ મૂળ હૈદરાબાદ (દક્ષિણ)નો છે. એટલું જ નહીં પણ તેણે ક્રિકેટની કારકિર્દી ભારતની રણજી ટ્રોફીમાં રમીને શરૂ કરી હતી. વળી, ૧૮ વર્ષ પહેલાં જ્યારે છેલ્લી પાકિસ્તાની ટીમ ૧૯૬૧માં ભારત આવી હતી ત્યારે પાકિસ્તાનની સામે દક્ષિણ ઝોનની મેચમાં આસિફ ભારત તરફથી રમ્યો હતો ! અને છેલ્લે અત્યારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના મંત્રી ગુલામ અહેમદ છે અને આસિફ ઇકબાલ તેનો ભત્રીજો છે ! બંને દેશો વચ્ચે સદ્‌ભાવના વધે તેની ચીવટ રાખીને જ આસિફને કેપ્ટન તરીકે ચાલુ રાખ્યો છે એ સ્પષ્ટ છે.

ભારત અને પાકિસ્તાન બે જુદા દેશો છે એ તો રાજકારણીઓની રમતનું પરિણામ છે, અને જો રાજકારણીઓ ઇચ્છે તો બંને વચ્ચે લોહીની સગાઈ છે તે તરત જ નજરે ચડે તેમ છે. અત્યારે તો બે દેશોને લડવું પોપાય તેમ નથી એમ બંનેને લાગ્યું છે એટલું આ ક્રિકેટ ટીમની વિઝિટ ઉપરથી દેખાય છે. ❑

એક ખેદજનક વાર્તા

તા. ૨૯-૧૨-૭૯. વિખ્યાત ગણિતી શ્રીનિવાસ રામાનુજનની ઇંગ્લેન્ડની માંદગી વિષેની આ વાત છે. ૧૯૭૬માં કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજનાં પુસ્તકાલયમાં વૉટસન નામના પ્રોફેસરનો ગણિતનાં પરિણામોનો એક સંગ્રહ આવ્યો. તે સંગ્રહમાં રામાનુજનનાં ગણિતનાં કેટલાંક પરિણામો હતાં. ઉપરાંત, રામાનુજનની માંદગી દરમિયાન તેના એક મિત્ર રામલિંગમ્ અને હાર્ડી વચ્ચેનો પત્રવ્યવહાર પણ છે, અને આ પત્રવ્યવહાર ઉપરથી એક ખેદજનક વાર્તા ઊભી થાય છે.

આ રામલિંગમ્ ૧૯૧૦માં ઇંગ્લેન્ડ ગયો હતો. તે ત્યાં રહી ઍન્જિનિયર થયો અને ૧૯૧૪-૧૮ના યુદ્ધમાં બ્રિટિશ લશ્કરમાં જોડાયો. ૧૯૧૭માં તે ઇંગ્લેન્ડમાં બદલી થઈને આવ્યો. ૧૯૧૮માં લડાઈ બંધ થઈ પછી ન્યુકેસલની વહાણ બાંધનારી પેઢીમાં જોડાયો ત્યારે તેણે રામાનુજનને એક પત્ર લખ્યો. પત્ર ઉપર સરનામું C/o હાર્ડી, કૅમ્બ્રિજ યુનિવર્સિટી એમ કરેલું. તે કાગળ હાર્ડીએ રામાનુજન જે નર્સિંગ હોમમાં સારવાર લઈ રહ્યો હતો ત્યાં મોકલ્યો તથા રામલિંગને નર્સિંગ હોમનું સરનામું આપ્યું. રામાલિંગમ્ તરત જ તે નર્સિંગ હોમમાં ગયો ત્યાં જોયું તો રામાનુજન સળીખડાં જેવો થઈ ગયો હતો. ડૉક્ટરોનું કહેવું હતું કે, પૌષ્ટિક ખોરાક અને આરામ એ જ ઉપાય હતો. પણ અહીં જ મુશ્કેલી હતી. રામાનુજનને ક્ષયના નિષ્ણાત એક ભારતીય જોવા આવતા. તેણે કેળાં આપવાની ભલામણ કરી. રામલિંગમે હાર્ડીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, જે દિવસે ભારતીય ડૉક્ટરની વિઝિટ હોય તે દિવસ રામાનુજનને કેળાં મળતાં. બાકીનાં દિવસોએ 'કેળાં મળતાં નથી' એમ કહેવામાં આવતું પણ બાજુના ઓરડામાં જ સારવાર લેતા બીજા દરદીને રોજ કેળાં મળતાં. ત્યાંના બાવર્ચીને ભાત રાંધતા આવડતું નહીં. રામાનુજને રામલિંગમ્‌ને કહ્યું હતું કે, મને શાસ્ત્રોક્ત 'અક્ષત' જ ખાવા મળે છે. રામલિંગમ્ રસોડામાં જઈ ભાત કેમ કરવા. મસાલા કેમ વાપરવા કે પાપડ કેમ શેકવા તે સમજાવી આવ્યો પણ તેની કોઈ અસર ન થઈ. પંદર દિવસ પછી ફરી રામલિંગમ્ નર્સિંગ હોમમાં ગયો ત્યારે તેણે આપેલ મસાલાની શીશી ખોલ્યા વગરની હતી અને પાપડનાં પૅકેટ અકબંધ હતાં. આ બધું તેણે હાર્ડી ઉપરના પત્રોમાં લખ્યું છે. ખૂબી તો એ છે કે આ બધા ગાળા દરમિયાન રામાનુજનનો હાર્ડી સાથેનો પત્ર વ્યવહાર તો ચાલુ હતો. પણ તેમાં રામાનુજને આ નર્સિંગ હોમના તેની સાથેના વ્યવહારનો ઉલ્લેખ સરખો પણ કર્યો નહોતો. તેમાં તો તેનાં ગણિતનાં પરિણામોની ચર્ચા કરી હતી.

રામલિંગમ્‌ના હાર્ડી પરના આ પત્ર વ્યવહારની અસર એ થઈ કે રામાનુજનને બીજા નર્સિંગ હોમમાં બદલવામાં આવ્યો અને છેવટે ૧૯૨૦માં તેને ભારત પાછો મોકલવાનું નક્કી થયું અને ભારતમાં ૧૯૨૧માં તેનું અવસાન થયું.

પેલો રામલિંગમ્ તો ભારત આવવા વહેલો નીકળી ગયો હતો. પણ તેના વિષે વધુ કાંઈ જાણવા મળ્યું નથી. તેની સ્ટીમર ભારત પહોંચે તે પહેલાં જ જર્મનીનાં, લડાઈ પછી પણ નહીં પકડાયેલાં એકાદ સબમરીનના હુમલાનો ભોગ બની મધદરિયે ડૂબી ગઈ હોય એમ માનવામાં આવે છે.

ખેદજનક વાર્તા પૂરી થઈ. ❑

શિકાકાઈ (ચિકાકાઈ)

વૈદ્ય બળદેવપ્રસાદ પનારા

કેશ સૌંદર્ય અને વાળની સ્વચ્છતા માટે ભારતમાં પરંપરાગત રીતે બહુજન સમાજમાં સર્વત્ર અધિકાધિક વપરાતી અરીઠાંની જેમ જ વિખ્યાત ઔષધિ છે - શિકેકાઈ, શિકાકાઈ કે ચિકાકાઈ.

આ વટાદિ વર્ગનું શિમ્બીકુલનું એક મોટું અને કાંટાદાર ઝાડ હોય છે. તેનાં પાન ૨થી ૪ ઈંચ લાંબાં, આમલીનાં પાન જેવાં બારીક અને સમાંતરે આવેલાં હોય છે. ઝાડની નાની ડાળખીઓ પર હુક જેવા અનેક કાંટા હોય છે. દક્ષિણ ભારતમાં કોંકણપ્રદેશનાં તથા હિમાલયનાં વૃક્ષો વધુ ગુણકારી હોય છે. આ ઝાડ પર માર્ચથી જુલાઈ વચ્ચે ગોળાકાર ફૂલ આવે છે. ઝાડ પર રેપાકાર, લંબગોળ, માંસલ શીંગો આવે છે. તે શીંગ નવી હોય ત્યારે જાડી અને સુકાય ત્યારે કરચલીવાળી થઈ જાય છે. દરેક શીંગમાં ૬થી ૧૦ જેટલાં બીજ હોય છે. પ્રાયઃ આ શીંગ જ વપરાય છે. શીંગ અરીઠા જેવા સ્વાદવાળી, પણ વધુ ખાટી, કંઈક કડવી અને વધુ તીખા સ્વાદની હોય છે. પાન ખાટાં અને રુચિકર હોય છે. ફળી (શીંગ)માં સાબુમાં કામ લાગે તેવું ફીણ પેદા કરતા તત્ત્વ ૧૧ ટકા રહે છે. ભારત ઉપરાંત ચીન અને જાપાનમાં પણ તેનાં ઝાડ થાય છે. ભારતમાં શિકાકાઈની શીંગો અરીઠાંની સાથે ખાંડીને બનાવેલો તેનો ઉકાળો બહેનો પોતાના વાળ ધોવા માટે વાપરે છે.

શિકાકાઈને સંસ્કૃતમાં સપ્તલા, સાતલા, વિમલા અને શ્રીવલ્લી કહે છે. મરાઠી તથા હિન્દીમાં તેને શિકાકાઈ, કન્નડમાં શિંગીકાઈ; બંગાળીમાં વનરીઠા, તામિલમાં કિયાક્કે, શિકાય, શીકાઈ; તેલુગુમાં ચીકાય, ગોગું; મલયાલમમાં ચીયાકાઈ; મહારાષ્ટ્ર - કોંકણમાં - શિકાયી; અને લેટિનમાં એકેશિયા કોનસીના કહે છે.

શિકાકાઈમાં સેપોનીન તત્ત્વ ૧૧.૨ ટકા, મેલિક એસિડ ૧૨.૭૫ ટકા, રેઝિન ૧ ટકા, ગ્લુકોઝ ૧૩.૯ ટકા, ગુંદર અને રંગ-દાર પદાર્થ ૨૧.૫ ટકા, રેસા ૨૨ ટકા અને રાખ ૩.૭૫ ટકા હોય છે.

શિકાકાઈની શીંગો (ફળી) સ્વાદે કડવી-તીખી-તૂરી; શીતવર્ય, વિપાકે કડવી, પચવામાં હળવી, કૃમિનાશક, ભૂખવર્ધક, વાતનાશક અને ભૂત-બાધાનાશક છે. તે કફ-પિત્ત, દાહ, રક્તરોગ, ઉદરરોગ, હરસ તથા અગ્નિવિસર્પ રોગમાં લાભકર છે. તે હૃદય માટે પૌષ્ટિક છે. તેમજ સોજા મટાડે છે.

શિકાકાઈના પાન વિષવિકાર દૂર કરનાર અને વિરેચક (ઝાડા કરાવનાર) છે. શિકાકાઈની ફળી ઉત્તેજક, કફનાશક, વામક (ઊલટી કરાવનાર) અને મૃદુ વિરેચક છે. તેનાથી નાડીનાં સ્પંદન બરાબર થાય છે અને પેશાબની માત્રા વધે છે. તેનાં પાન લીવર (યકૃત)ને માટે ઉત્તેજક અને વિરેચક છે.

તેલંગણ પ્રાંતમાં યકૃતના દર્દીને માટે આમલીની જગ્યાએ ભોજનમાં ખટાશ લાવવા તેનાં પાન વાપરે છે.

શિકાકાઈની ફળીના ઉકાળાથી માથું-વાળ ધોવાથી સારી રીતે સ્વચ્છ થાય છે, વાળની જૂ તથા લીખ મરી જાય છે અને વાળ કાળા, લાંબા અને સુંવાળા થાય છે.

ચીન અને જાપાનમાં શિકાકાઈની ફળી વામક, મૂત્રલ અને મૃદુ વિરેચક ગણાય છે. તે કબજિયાત, કિડનીની તકલીફ અને મૂત્રાશયની બીમારીમાં પણ વપરાય છે. તેવી જ રીતે તે કોઢ, ગુદાની ચળ, દાદર, ફોલ્લા, બાંબલાઈ વગેરે ત્વચાના રોગોમાં પણ લાભપ્રદ છે. તેનાં બીજ સ્ત્રીઓની પ્રસૂતિ સમયે વાપરવાથી પ્રસૂતિ સુખકારી બને છે.

જૂની શરદીના રોગમાં કફ પાતળો કરવા માટે અને શ્વાસનો અવરોધ ઘટાડવા માટે શિકાકાઈની ફળીનો ફાંટ (ગરમ પાણીમાં ભૂકો નાંખી ઢાંકી મૂકી, તૈયાર કરાતું પ્રવાહી) ૨૦ ગણા પાણીમાં કરીને રોજ ૧-૨ ઔંસ અપાય છે. તેનાથી દસ્ત સાફ આવી જાય છે.

તેનાં ફળ અતિ ખાટાં, રુચિકર ને તેલની ચીકાશનો નાશ કરે છે.

ઔષધીય પ્રયોગો

કફ પીગાળવા - કાઢવા : શિકાકાઈનો ઉકાળો કરી, એક એક ઔંસ જેટલો સવાર-સાંજ પીવાથી કફ પાતળો થઈ નીકળે છે.

કફદોષની કબજિયાત : શિકાકાઈની ફળીનો ઉકાળો પીવાથી કબજિયાત તથા ઉદર ગુલ્મ (ગોળો) મટે છે. જરૂર પડ્યે તો તેમાં ચપટી જેટલો ખાવાનો સોડા કે સંચળ નાંખી ઉકાળો પીવો.

વીંછીનું ઝેર : શિકાકાઈનો પાવડર પાનમાં નાખીને ખાવો. શિકાકાઈનાં પાનનો રસ કે શિકાકાઈને પાણીમાં ભીંજવી, તેનું ઘટ્ટ પ્રવાહી ડંખ પર વારંવાર ચોપડવું.

આફરો : શિકાકાઈનાં કૂણાં પાનનો હીમ (ઠંડા પાણીમાં ૧૨ કલાક પલાળી રાખી, બનાવેલ પ્રવાહી) અથવા ફાંટ (ઉકાળો) પીવાથી આફરો મટે છે. તેનાં પાનને વાટી, ગરમ કરી પેટ પર લેપ કરવાથી પણ આફરો મટે છે અને હળવા દસ્ત થાય છે.

બરોળનો રોગ : શિકાકાઈનાં કૂણાં પાનનો ઉકાળો કરી રોજ પીવાથી લીવર અને બરોળની ક્રિયા સુધરી જાય છે.

સૂકી ખાંસી : તેની ફળીના ચૂર્ણની ફાકી રોજ પાણી સાથે લેવાથી સૂકી ખાંસી મટે છે.

કમળો : તેની શીંગનો ઉકાળો પીને ઊલટી કરવાથી (હૃદયની અટકાયતથી ન જન્મ્યો હોય તેવો) કમળો મટે છે.

તાવ : શિકાકાઈની ફળીનો ઉકાળો કરી ૨૫-૨૫ ગ્રામ પીવાથી વાતજ્વર (વાયુદોષનો તાવ) મટી જાય છે.


શ્રેષ્ઠ કેશપ્રક્ષાલક : (હર્બલ હેર શેમ્પુ) : અરીઠાંની છાલ ૧૦૦ ગ્રામ, સૂકાં આમળાં ૧૦૦ ગ્રામ અને શિકાકાઈની ફળી ૨૦૦ ગ્રામ તથા કપૂરકાચલી ૨૫ ગ્રામ, રતાંજળી ૫૦ ગ્રામ, સૂકી

(અનુસંધાન પાન ૩૬૯ પર)

ઈશાન

સ્થાપત્યમાં પથ્થરનો વપરાશ

હેમંત વાળા




સાંચીના સ્તૂપનું ઉત્તર દિશાનું પ્રવેશદ્વાર. મૌર્યકાલીન શિલ્પ-સ્થાપત્યનો નમૂનો. આવા પ્રકારના સ્થાપત્યમાં વિવિધ આકૃતિઓ-યુક્ત શોભન કંડારેલું પણ જોવા મળે છે.

વૈદિક કાળમાં ભારતીયો માટી, વાંસ તથા લાકડાનાં બનાવેલાં આવાસમાં રહેતાં. પાછળથી બાંધકામની સામગ્રીમાં કાચી ઇંટોનો પણ સમાવેશ થયો. તત્કાલીન સમાજમાં ભારતીય સ્થાપત્યની પુનઃ શરૂઆત હતી અને બાંધકામ પ્રમાણમાં નાનાં થતાં. જોકે પૌરાણિક કથાઓમાં વિશાળ ભવનોના ઉલ્લેખ જોવા મળે છે. આવાં ભવનોનાં નિર્માણ માટે લાકડા-વાંસ ઉપરાંત પથ્થર તથા ધાતુનો ઉપયોગ થતો, તે પ્રકારનાં વર્ણનો છે. દુર્યોધને પાંડવો માટે બનાવેલ એક ભવનના બાંધકામમાં લાખનો ઉપયોગ કર્યો હતો તેમ કહેવાય છે. આમ પૌરાણિક કાળમાં ભારતીય સ્થાપત્યમાં બાંધકામની સામગ્રી બાબતે વૈવિધ્ય હશે એમ મનાય. જોકે આ બધી બાબતો વિષે ઐતિહાસિક પુરાવાને અભાવે વધુ અનુમાન કરવું અયોગ્ય ગણાય.


ગ્રીક રાજદૂત મેગાસ્થેનિસે કરેલાં વર્ણન ભારતીય સ્થાપત્યના ઇતિહાસના શરૂઆતના ગાળા પર થોડોઘણો પ્રકાશ ફેંકે છે. ઈ.સ. પૂર્વેની ૪૦૦ની સાલના ગાળામાં મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના દરબારમાં રહેલા આ ગ્રીક રાજદૂતે રાજધાની પાટલીપુત્રનું વર્ણન કરતાં જણાવ્યું છે કે, આ સમાંતર બાજુ ચતુષ્કોણના આકારના ગંગા નદીને કિનારે આવેલ શહેરની સરેરાશ લંબાઈ નવ માઈલ તથા પહોળાઈ દોઢ માઈલ જેટલી હતી. આ નગરમાં વિશાળ રાજમાર્ગો પર અશ્વ-રથની અવરજવર સામાન્ય હતી. નગરમાં સામાજિક તથા રાજકીય પ્રવૃત્તિઓ માટે વિશાળ સભાગૃહો હતાં. નગરમાં સાંસ્કૃતિક તથા રાજકીય અભ્યાસ માટેનાં ખાસ મકાનો પણ હતાં. નગરની ચારે તરફ ૬૪ દરવાજાવાળો કોટ હતો, જેની બહારની બાજુ ઊંડી ખાઈ બનાવાઈ હતી. નગરના કોટ પર ૫૦૦થી વધુ દેખરેખ માટેના મિનારાઓ હતા અને તીરંદાજો માટે ખાસ વ્યવસ્થા હતી. નગરની વચમાં વિશાળ રાજવી-સંકુલ હતું જેના બાંધકામમાં લાકડાનો વપરાશ મહત્તમ હતો. પટણામાં બુલંદી બાગ નજીક લાકડાના આ બાંધકામના અવશેષો આજે પણ જોવા મળે છે. આ પ્રાપ્ય અવશેષો દ્વારા પ્રાચીન પાટલીપુત્રની વિશાળતા ઉપરાંત તત્કાલીન સ્થાપત્યમાં કાષ્ઠ-કારીગરીની નિપુણતા પણ દૃષ્ટિમાન થાય છે. લાકડાના આ માળખામાં લાકડાના વિવિધ ટુકડાને એકબીજા સાથે ઇજનેરી અભિગમપૂર્વક જોડાતાં. પાટલીપુત્રમાં બનેલ લાકડાના સ્થાપત્યમાં કંઈક અંશે પર્શિયન તથા ગ્રીક સ્થાપત્યની અસર જોવા મળે છે. મૌર્ય સામ્રાજ્યમાં લાકડાનાં બાંધકામમાં આવેલી નિપુણતા એક સુખદ આશ્ચર્ય છે. તેઓ લાકડાના ૧૨થી ૧૩ ફૂટ લાંબા સમાતંર મૂકેલા ચોસલા પર થાંભલાઓ ટેકવી લગભગ ૩૦ ફૂટ લંબાઈ અને ૩૦ ફૂટ પહોળાઈના મંચ બનાવાતા જેના પર ફરીથી પાછા સરેરાશ ૧૦ ફૂટની લંબાઈના સ્તંભ ટેકવી છાપરું બનાવાતું. આ સમગ્ર રચનામાં મકાનનાં ભારવાહક અંગોની ગોઠવણ એ રીતે થતી કે મકાન ઓછામાં ઓછી માવજતથી લાંબી આવરદા ભોગવી શકે. લાકડાનાં આવાં વિશાળ સભાગૃહો ઉપરાંત નાનાં મકાનોમાં પણ ફરસ અને છત લાકડાની જ બનાવાતી. આ મકાનો મહદ અંશે નાનીમોટી આગમાં વિનાશ પામ્યાં. આ જ કારણથી ભારતીય સ્થાપત્યમાં લાકડાના માળખાનો ઉપયોગ ક્રમશઃ ઓછો થતો ગયો.

બૌદ્ધ સ્મારકોમાં પથ્થરમાં કંડારાયેલ વિવિધ ચિત્રાણો પણ ઈ.સ. પૂર્વેની બીજી-ત્રીજી સદીના સ્થાપત્ય વિષે વધુ પ્રકાશ ફેં છે. સાંચીના સ્તૂપના દરવાજા પર આલેખાયેલ શોભાયાત્રા' પૃષ્ઠભૂમિકામાં જેમ કપિલવસ્તુ નગર દેખાય છે તેમ સ્મારકો પર આલેખાયેલાં આવાં ચિત્રાણોમાં તત્કાલીન ન તથા તેના સ્થાપત્યનો ખ્યાલ આવી શકે. આ પાટલીપુત્રની જેમ નગરની ફરતે સંરક્ષણાત્મક દીવાલ થતું. આ દીવાલની બહાર પાણીની ખાઈની રચના ૪૯

અશોકકાલીન સ્તંભોની સ્થાપત્ય રચનાઓ.
અનુક્રમે :
૧. કાબૂલ-અફઘાનિસ્તાન
૨. પર્સિપોલિસ-ઈરાન
૩. મૌર્યકાલીન ભારત
૪. કોર્નાક-ઇજિપ્તના
સ્થાપત્યના લાક્ષણિક સ્તંભો



જણાય છે. નગર અને તેની બહારના પ્રદેશો સાથેનો સંબંધ ખાઈ પર આવેલા અને સમય આવ્યે ઉઠાવી શકાય તેવા પુલો વડે નિર્ધારિત થતો. નગરને ફરતી સંરક્ષણાત્મક દીવાલોમાં જરૂરિયાત મુજબ દરવાજા, મિનારાઓ તથા તોરણો રચાતાં. નગર જો નાનું હોય તો સુરક્ષા માટે લાકડાની માત્ર નીચી કઠેડા જેવી પાળી બનાવાતી. નગરના દરવાજા લાકડામાંથી બનાવાતા જેની ઊંચાઈ સંરક્ષણાત્મક દીવાલ કરતાં થોડી ઊંચી રહેતી. દરવાજાની બહાર વૈદિક કાળમાં ગ્રામ્યના પ્રવેશદ્વાર પર જે રીતે તોરણો બનાવાતાં તેવાં પણ વધુ આકર્ષક તોરણો બનાવાતાં. નગરનાં ઘરો, ઝરૂખા,



સારનાથના શિલાસ્તંભનો સિંહમંડિત ટોચનો ભાગ તથા મૌર્ય નંદનગઢનો શિલાસ્તંભ

સ્તંભ, સુશોભિત દરવાજા, છજ્જા તથા પગથિયાંવાળાં હતાં.

ઈ.સ. પૂર્વના ૨૭૩-૨૩૭ના સમયગાળામાં થયેલ મહાન અશોકના સામ્રાજ્યકાળમાં ભારતીય સ્થાપત્યમાં પથ્થરના ઉલ્લેખનીય ઉપયોગથી નવાં પ્રકરણો ઉમેરાયાં. અશોકના સમય પૂર્વેનો ભારતીય સ્થાપત્યનો ઇતિહાસ થોડાઘણા પ્રાપ્ય અવશેષો, પરદેશી મુલાકાતીઓનાં વર્ણનો તથા ત્યાર બાદનાં સ્થાપત્ય-સ્મારકો પર કરાયેલા આલેખનોને આધારે નક્કી થાય છે. ઈ.સ. પૂર્વેની ૨૫૫ની સાલમાં અશોકે બૌદ્ધ ધર્મને રાજધર્મનો દરજ્જો આપ્યો. ત્યારથી તે ધર્મના પ્રચાર માટે મંદિરો, વિહારો ઉપરાંત શિલાલેખો તૈયાર કરાવ્યા. આ બાંધકામ વધુ લાંબો સમય ટકી રહે તેવી ભાવનાથી અને તત્કાલીન ગ્રીક સ્થાપત્યની અસર હેઠળ અશોકે આ બાંધકામ વધુ ટકાઉ સામગ્રીથી બનાવ્યાં. વળી, ભારતમાં ધાર્મિક પરંપરામાં ફેરફાર આવવાથી સમાજના કળા પ્રત્યેના અભિગમમાં પણ ફેરફાર આવ્યો. પરિણામે અહીંની સ્થાપત્યશૈલી વૈવિધ્યપૂર્ણ થતી ગઈ. હવે સ્થાપત્યમાં જે તે વિચારધારાની પ્રતીકાત્મક રજૂઆત મહત્ત્વની બની. શરૂઆતમાં બૌદ્ધ સ્થાપત્ય તેનો પ્રચાર કરાવવાની રાજવીની પસંદ-નાપસંદ પર અવલંબતું અને જે તે રાજવીના શાસન બાદ આવી પસંદ-નાપસંદનો પ્રકાર બદલાતો હોવાથી સ્થાપત્યશૈલી પણ બદલાતી. આના ફલસ્વરૂપે ઈ.સ. પછીના સો વર્ષના ગાળા સુધી ભારતીય સ્થાપત્યમાં ઇચ્છનીય વૈવિધ્ય રહ્યું જેના પરથી ત્યાર પછીની પેઢીને ઘણું શીખવા-જાણવા મળ્યું. આ સમયગાળામાં વિકસેલ સ્થાપત્યપ્રકારમાં ખડકો પરનાં આલેખન, સ્તૂપ, પ્રાસાદ, રાજભવન તથા મંદિરો મુખ્ય છે. અશોક અને ત્યાર બાદના ઈસુની પહેલી સદી સુધીના સમયગાળામાં સ્થાપત્યના પ્રકારસ્વરૂપે આવાસ-રચનાનો ઉલ્લેખ નહીંવત્ છે. સામાન્ય માનવીના આવાસ બાબતે આમ પણ ભારતીય-સ્થાપત્યનો ઇતિહાસ મૂક છે. ભારતીય સમાજમાં ધાર્મિક ક્રિયાકાંડનાં મકાનો, રાજવી આવાસો તથા સંરક્ષણાત્મક રચનાઓનું મહત્ત્વ વિશેષ હતું. આ રચનાઓ પાછળ સમય, શક્તિ અને સાધનો વિપુલ પ્રમાણમાં વપરાતાં અને આવાસ ગૌણ બની રહેતું. એમ

મનાય છે કે, અશોકના સામ્રાજ્યકાળમાં સ્થાપત્યમાં પથ્થરનો ઉપયોગ પૂરતો વિકસ્યો હોવા છતાં આવાસની રચના લાકડાંના માળખાવાળી જ થતી. ઈસુની ત્રીજી સદીથી આવાસની રચનામાં લાકડાની સાથે સાથે પથ્થરની ફરસ પ્રયોજાઈ હોય તેવું અનુમાન છે. આ સમયગાળામાં પથ્થરના ભોંયતળિયા સુધીના ચણતર પર લાકડાના માળ બંધાતા. આ મકાનોની સંરચનામાં પથ્થર તથા વાંસનો ઉપયોગ યથાવત્ રહ્યો. આ આવાસોમાં સંભવતઃ પાણીના પુરવઠા માટે વ્યક્તિગત ધોરણે કૂવા બનાવાતા અને સ્નાનકક્ષ-સંડાસની વ્યવસ્થા પણ રહેતી.

અશોકના સમયમાં વિકસેલ સ્થાપત્ય-પ્રકારમાં લાટ તરીકે ઓળખાતા શિલાસ્તંભો ઉલ્લેખનીય છે. બૌદ્ધ ધર્મના પ્રચારાર્થે સ્થાપત્યનો ઉપયોગ કરવાનું અશોકે ગંભીરતાપૂર્વક વિચાર્યું હશે. આ માટે તેણે સ્તૂપની રચના ઉપરાંત શિલાસ્તંભો બનાવવાનું પણ નક્કી કર્યું. જોકે શિલાસ્તંભો અશોકના સમય પહેલાં પણ ભારતમાં બનાવાતા. સ્થાપત્યના અન્ય પ્રકારો કરતાં શિલાસ્તંભો અશોકને તેની દૃશ્ય અનુભૂતિની અસર અને તેની આવરદા બાબતે વધુ યોગ્ય લાગ્યાં હશે. આમ તો સ્તૂપના આકાર તથા તેની બાંધણી પરથી એમ કહી શકાય કે તેની રચનામાં પણ મજબૂતાઈ અને આવરદાને મહત્ત્વ અપાયું હશે. પરંતુ જ્યાં સુધી લાંબા અંતર સુધી જળવાઈ રહેતી દૃશ્ય-અનુભૂતિનો પ્રશ્ન છે ત્યાં સુધી અશોકના મતે શિલાસ્તંભો વધુ યોગ્ય અને પ્રમાણમાં ઓછાં જટિલ હતાં. સ્થાપત્યમાં પથ્થરના ઉપયોગની યથાર્થતા રજૂ કરવા માટે પણ શિલાસ્તંભોની રચના વધુ યોગ્ય હતી. અશોકના સમયમાં સ્થાપત્યમાં પથ્થરના ઉપયોગનો વધારો આમ તો, સામાન્ય ઘટના હતી, પરંતુ તત્કાલીન સમાજે પથ્થરના ઉપયોગમાં થોડા જ સમયમાં જે ઇજનેરી અભિગમતાપૂર્વકનું વૈવિધ્ય આણ્યું તે અસામાન્ય ઘટના કહી શકાય. અશોકના સમયમાં એક જ પથ્થરમાંથી ઘડાયેલા કઠેડા સ્તૂપની ટોચ, વિશાળ મૂર્તિઓ તથા રાજવી સંકુલની રચના માટેના સ્તંભોનો ઉપયોગ થતો. જોકે ગુફા મંદિરોને બાદ કરતાં ભારતીય સ્થાપત્યમાં પથ્થરનો ઉપયોગ આ શિલાસ્તંભો મારફતે જ વધ્યો. શિલાસ્તંભોની રચનાથી પથ્થર વડે થતું સ્થાપત્ય કેટલા પ્રમાણ-માપવાળું, કેટલી મજબૂતાઈવાળું, કેવા પ્રકારના આખરી ઓપવાળું તથા કેવું કોતરણીપૂર્વકનું રમ્ય થઈ શકે તે ત્યાર પછીની પેઢીએ જાણ્યું. પરિણામે સ્થાપત્યમાં પથ્થરના ઉપયોગને વેગ મળ્યો. આ શિલા-સ્તંભોમાંના કેટલાક તો ૫૦ ફૂટ જેટલા ઊંચા હતા. આ પ્રત્યેક શિલાસ્તંભો પર બૌદ્ધધર્મનો સંદેશો કંડારાતો. લાકડાના સામાન્ય આવાસમાં રહેતા સામાન્ય માનવીના મન પર આવા વિશાળ સ્તંભની રચના ઉલ્લેખનીય અસર ચોક્કસ છોડે.

અશોકના સમયમાં લગભગ ૩૦ જેટલા શિલાસ્તંભો બનાવાયેલા જેમાંના ૧૦ જેટલા આજે ૨૩૦૦ વર્ષ પછી પણ હયાત છે. તેના પર પવન-વરસાદ જેવાં આબોહવાનાં પરિબળો ઉપરાંત માનવ-નિર્મિત ઘસારાઓ અને ભૂતળના ફેરફારોની અસર લાગુ પડી જ હશે. તે છતાં પણ કુલ શિલાસ્તંભોના ત્રીજા ભાગના શિલાસ્તંભો હજુ હયાત છે તે બાબત તત્કાલીન સ્થાપત્ય - ઇજનેર કેટલી હદે વિકસ્યું હશે તે દર્શાવે છે. શિલાસ્તંભો માટેના પથ્થરની પસંદગી, તેનું ઘડતર, તેનું બાંધકામ તથા જમીનના પ્રકાર પ્રમાણે તેના પાયાની રચના; આ બધી બાબતો વિષે કેટલી ચોકસાઈપૂર્વકનું આયોજન કરાયું હશે તે કલ્પી શકાય છે. બિહારના ચંપારણ જિલ્લાના કોલ્હુઆ તથા લોર્ય નંદનગઢ પાસે આવેલા શિલાસ્તંભો તો લગભગ પહેલાંની જેવી સ્થિતિમાં જ છે.

અશોકે શિલાસ્તંભોનાં સ્થાનની પસંદગી ચોકસાઈપૂર્વક કરી છે. આ શિલાસ્તંભો બુદ્ધ ભગવાનની પ્રસાદીરૂપ સ્થાનો ઉપરાંત યાત્રાળુઓના માર્ગમાં ઊભા કરાયાં છે. આ શિલા-સ્તંભો સામાન્ય રીતે એકલાઅટૂલા ઊભા નહોતા કરાયા, પરંતુ એક સ્થાપત્ય-સંકુલના ભાગરૂપે હતા. શિલાસ્તંભોને તથા તેના સ્થાનને અર્થપૂર્ણ બનાવવા તેણે શિલાસ્તંભોની નજીક બૌદ્ધ-વિહાર, સ્તૂપ, યાત્રાળુઓ માટે વિશ્રામસ્થાન જેવાં સંલગ્ન મકાનો બનાવેલાં.

અશોકના સામ્રાજ્યકાળમાં બનાવેલ શિલાસ્તંભ ગોળાકાર-ઉપરની તરફ ઓછા વ્યાસવાળા—હતા. આ ગોળાકાર ભાગની ઊંચાઈ ૩૦થી ૪૦ ફૂટ રહેતી જે જમીનમાંથી સીધા જ બહાર આવતા હોય તે રીતે દેખાય તે પ્રમાણે બનાવાતા. આ સ્તંભની બેઠક તરીકે તત્કાલીન ગ્રીક કે પર્શિયન સ્થાપત્યશૈલી પ્રમાણે ઓટલી નહોતી બનાવાતી; શિલાસ્તંભના પાયા તથા બેઠકને જમીનની અંદર જ સમાવી દેવાતાં. સ્તંભના નીચેના ગોળાકાર ભાગ પર કોઈ પણ પ્રકારની કોતરણી જોવા નથી મળતી. પણ આ ભાગને વિવિધ પ્રક્રિયાઓ દ્વારા ચોક્કસ પ્રકારની ચમક અપાતી. આજથી લગભગ ૨૩૦૦ વર્ષ પૂર્વે બનેલા આ શિલાસ્તંભો પર આબોહવાનાં તથા વાતાવરણનાં ઘણા વિપરીત પરિબળોએ અસર કરી હશે. તે છતાં પણ આજે હયાત સ્તંભોના પથ્થરનું લીસાપણું તથા ચમક જોતાં એમ કહી શકાય કે તે સમયે ભારતમાં પથ્થરના ઘડતર-ચણતર ઉપરાંત તેને ચમકયુક્ત આખરી ઓપ આપવાની તકનીક પણ પૂરતી વિકસી હશે. પાંચમી સદીના ચીની પ્રવાસી ફા-હીયાને આ ચમક કાચના જેવી હતી તેમ જણાવ્યું છે. તાડના વૃક્ષ જેવા આ ગોળાકાર ભાગ ઉપર આશરે ૭થી ૧૦ ફૂટ ઊંચાઈનું કોતરણીવાળું સુશોભિત મથાળું બનાવાતું. આ મથાળા પર પશુ-શિલ્પની રચના થતી. આ શિલાસ્તંભની આકર્ષકતા તેના આ કોતરણીવાળા મથાળાની સજાવટ પર અવલંબતી.

જે હેતુસર અશોકે આ શિલાસ્તંભો બનાવડાવેલા તે હેતુની પૂર્ણતા માટે તેણે નિશ્ચયતાપૂર્વકની ચોકસાઈ રાખી હતી. અશોકના

મતે આ શિલાસ્તંભો મંદિર સમાન હતા. તેમની ઊંચાઈ, સ્થાન તથા રચનાના પ્રકારને કારણે સામાન્ય માનવીના મન પર તે ચોક્કસ પ્રકારની અસર છોડતા હશે. વળી આ શિલાસ્તંભો ઘણા અંતરેથી પણ દેખાતા હોવાથી આવી અસરનું વારંવાર દૃઢીકરણ થતું હશે. આ આખી પ્રક્રિયા બૌદ્ધધર્મના પ્રચારમાં મદદરૂપ થઈ હશે, તેમ માનવું સ્વાભાવિક છે. પોતાના અસ્તિત્વ કરતાં વિશાળકાય અસ્તિત્વ માનવી પર હંમેશાં પ્રભુત્વમય અસર કરતું આવ્યું છે. જોકે અશોક માટે એક ધર્મના પ્રચાર કરતાં ચોક્કસ વિચારસરણીનો પ્રચાર વધુ મહત્ત્વનો હતો. નક્કી કરેલો સંદેશો કલ્પનાની સીમા વિસ્તારતાં પ્રતીકાત્મક માધ્યમો દ્વારા પહોંચાડવાનો આ એક સહજ પ્રયાસ હતો. આ પ્રયાસને સફળ બનાવવા સ્થાનિક કારીગરવર્ગ ઉપરાંત અશોકે પરદેશી સ્થપતિઓની પણ સહાય લીધી હશે એમ મનાય છે.

અશોકના શિલાસ્તંભોના મુખ્યત્વે ચાર ભાગ પાડી શકાય: નીચેનો ગોળાકાર ઉપરથી સાંકડો થતો સ્તંભ, તેની ઉપરનું ઊંધા કમળના આકારનું મથાળું, તેની ઉપર કોતરી કઢાયેલ ગોળાકાર પાટલી જેવી શિલ્પ બેઠક તથા તેના ઉપરનું અલંકૃત શિલ્પ. અશોકના બનાવાયેલા આ સ્તંભોની ઉપર પશુ-આકૃતિ જોવા મળે છે, જેની પાછળ ચોક્કસ તર્ક હોવાનું માનવું કઠિન છે. આ પશુ-શિલ્પની રચના, તેનો આકાર, તેની વ્યક્ત થતી છટા, તેનો છેવટનો ઓપ તથા તેની બારીકાઈ તે હેલેનિસ્ટિક કે પર્સોહેલેનિસ્ટિક કલાકૃતિ હોય તેમ માનવા કલાવિવેચકો પ્રેરાય છે. કદાચ આવી પરદેશી અસર હેઠળ જ અશોકે શિલાસ્તંભો પર પશુ-શિલ્પ મૂકવાનું વિચાર્યું હશે. નહીંતર જે પ્રકારના સંદેશા માટે - જે ધર્મના પ્રચાર માટે-અશોકે આ શિલાસ્તંભો બનાવડાવ્યા હતા તે વિચારધારામાં પશુનું આવું ઉચ્ચ સ્થાન સ્વાભાવિક નથી. શિલાસ્તંભો પર આવેલા આવા પશુ-શિલ્પને કારણે જ સમાજના મનમાંથી આ શિલાસ્તંભો પ્રત્યેની ધાર્મિકતાની ભાવના ક્રમશઃ લુપ્ત થઈ હશે. જોકે અશોકના સમય પહેલાં પણ પશુશિલ્પનું મહત્ત્વ તો હતું જ. છતાં પણ ધાર્મિક સંદેશો ફેલાવવા કરાયેલી સ્થાપત્ય-રચનાના મથાળે પશુ-શિલ્પનું આયોજન પરદેશી અસર હેઠળ કરાયું હશે તેમ માનવામાં અડચણ નથી.

અશોકના સમયમાં આટલા વિશાળકાય સ્તંભો કેવી રીતે તેના સ્થાને ઊભા કરાયા હશે તે બાબતે ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. જોકે ૫૦૦૦ વર્ષ પહેલાં બનેલા ઈજિપ્તનાં પિરામિડોના બાંધકામના પ્રમાણમાં અશોકના શિલાસ્તંભોનું બાંધકામ સામાન્ય ગણી શકાય. ઈજિપ્તના કેરો નજીક આવેલા ચેઓપ્સનો પિરામિડ ૪૮૦ ફૂટ ઊંચો છે અને તેનું જમીન પરનું ક્ષેત્રફળ ૭૬૫ ફૂટ × ૭૬૫ ફૂટ છે. આ પિરામિડની રચનામાં સરેરાશ ૨૫૦૦ કિલો વજનના હજારો પથ્થરો વપરાયા છે. તેની સરખામણીમાં ૨૩૦૦ વર્ષ પૂર્વે બનેલા અશોકના શિલાસ્તંભોની રચના જટિલ ન ગણાય. અશોકના શિલાસ્તંભો પથ્થરના બે ટુકડામાંથી બનાવાયા છે જેમાંના નીચેના ગોળાકાર પથ્થરની જમીનની ઉપરની ઊંચાઈ ૩૦થી ૪૦ ફૂટ જેટલી થાય છે, જ્યારે ઉપરનો કોતરણીવાળો પથ્થર ૭થી ૧૦ ફૂટ લાંબો છે. આ ઉપરાંત જમીનની અંદર પણ પાયા તરીકે એક મોટા પથ્થરનો ચોસલો જડાતો હશે. સૌ પ્રથમ જમીનની અંદર ખાડો ખોદી આ ચોસલો ખોડાતો હશે તેની ઉપર અથવા તો જમીનની નીચેના ખડક સુધી ખાડો ખોદી તે ખડક પર - આ ખડકની ભારવહનક્ષમતા ચકાસ્યા બાદ ખાંચો પાડી તેની પર શિલાસ્તંભનો નીચેનો ગોળાકાર ભાગ તાંબાની ઠેસી વડે જડાતો હશે. આ ગોળાકાર ભાગને બરાબર લંબમાં ઊભો રાખી તેનું તેના પાયા સાથેનું જોડાણ મજબૂત બનાવી બાકીના ખોદેલા ખાડામાં માટી, પથ્થર તથા પાણીનું મિશ્રણ ભરાતું હશે. આ મિશ્રણને મજબૂત કરવા તેની પર પાણીનો છંટકાવ તથા ટિપ્પણ નિયમિત થતું હશે. ત્યાર બાદ આ ગોળાકારની આજુબાજુ મંચ બનાવી પહેલેથી ઘડી રાખેલો પશુ-શિલ્પવાળો ભાગ ઉપર ચડાવી તેને પણ ત્રાંબાની ઠેસી વડે ફિટ કરાતો હશે. પથ્થરના આ બે ટુકડાઓને કોઈ પણ સિમેન્ટ-ચૂના જેવી સામગ્રીની મદદ વગર માત્ર ઠેસી વડે જોડાતાં. આ ઠેસી ત્રાંબાની બનાવાતી જેની લંબાઈ બે ફૂટ જેટલી રહેતી. શિલાસ્તંભના બંને પથ્થરના જોડાણના પ્રકાર પરથી એમ અનુમાન કરવું યોગ્ય નથી કે શિલાસ્તંભના બંને ભાગને જમીન પર જ આડા રાખી ભેગા કરી પછી સમગ્ર સ્તંભને ઊંચો કરાતો હશે.

લીસી તથા ચળકતી સપાટી ધરાવતા આ સ્તંભોની રચના એ ભારતીય સ્થાપત્યના ઇતિહાસનો એક મહત્ત્વનો મુકામ છે. દેખાવમાં સામાન્ય રીતે એકસરખા લાગતા આ શિલાસ્તંભોમાં ચોક્કસ પ્રકારનું વૈવિધ્ય પણ રહેલું છે. આ સ્તંભો પર આલેખાયેલા સંદેશા, તેની ટોચ પર કરાયેલી કોતરણી, તેમની ઊંચાઈ તથા તેના પથ્થરના પ્રકાર બાબતે પ્રત્યેક શિલાસ્તંભો એકબીજાથી અલગ પડે છે. સ્થાપત્યના ક્ષેત્ર માટે તે વૈવિધ્યપૂર્ણ એકરૂપતાનો વિચાર રજૂ કરે છે.

સ્થાપત્યની રચનામાં ઉપયોગિતાનું આગવું મહત્ત્વ છે. ઉપયોગિતા વગરનું સ્થાપત્ય શિલ્પ માત્ર બની રહે છે. એ દૃષ્ટિએ અશોકના શિલાસ્તંભોને સ્થાપત્યની કૃતિ કરતાં શિલ્પ તરીકે ગણવાની વૃત્તિ થાય તે સ્વાભાવિક છે. શિલ્પની રચના પાછળ સામાન્યતઃ બે પ્રકારની ભાવના કાર્યરત હોય છે : એક તો મનોરમ્યતા એ બીજી પ્રતીકાત્મક રજૂઆત. શિલ્પ જ્યારે માત્ર મનોરમ્યતા માટે જ બનાવાય ત્યારે તે માત્ર શિલ્પ જ બની રહે છે. પરંતુ, જ્યારે શિલ્પ પ્રતીકાત્મક રજૂઆત માટે બનાવાય ત્યારે

(અનુસંધાન પૃ. ૩૬૧ પર)

ઈ.સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં એક શહીદનું નામ લગભગ અપરિચિત રહ્યું છે અને તે છે કુતુબશાહનું. બરેલી કૉલેજના ઉર્દૂના એ અધ્યાપક યુદ્ધના પ્રત્યક્ષ મેદાનમાં નહોતા ઊતર્યા, પણ સંગ્રામને લગતી સઘળી ઘોષણાઓ વહેંચવાની જવાબદારી એમણે સ્વીકારેલી. નોકરી છોડી એ ખાન બહાદુરખાનને જઈ મળ્યા અને તેમની ગિરફતારી પછી મેરઠ પહોંચી ત્યાંથી સંગ્રામને આગળ વધરાતા રહ્યા. અંગ્રેજો વિરુદ્ધ છેલ્લું ઘોષણાપત્ર એમણે શાહજાદા મિર્ઝા મુહમ્મદ ફીરોઝશાહનું બહાર પડ્યું હતું, પરંતુ મેરઠમાં એમની ધરપકડ કરી આ ઘોષણાપત્ર બદલ રાજદ્રોહનો ખટલો ચલાવવામાં આવ્યો. ઈ.સ. ૧૮૫૯ની તા. ૨૫ માર્ચના રોજ બરેલીના ખાસ કમિશનર એચ. વાન્સિટાર્ટે તેમને ફાંસીની સજા ફરમાવતો ચુકાદો આપ્યો હતો.

ઈતિહાસમાં લગભગ ઉપેક્ષિત એવા દુર્દૈવી મુગલ શાહજાદા ખુશરૂમાં બાદશાહ બનવાની તમામ લાયકાતો અકબરના જેવી જ હતી અને અકબરે પણ પોતાના પછી જહાંગીરને બદલે ખુશરૂને જ ઉત્તરાધિકારી બનાવવાનું નક્કી કર્યું હતું. અકબરે તેના શિક્ષણનું કાર્ય અબુલ ફઝલ અને શિવદત્ત ભટ્ટાચાર્યને સોંપ્યું હતું. બધી રીતે સંપન્ન બન્યા બાદ તેનાં લગ્ન અકબરે જ પોતાના બાલ્યકાળના મિત્ર અને મુખ્ય વઝીર અઝીઝ કોકાની પુત્રી સાથે કરાવી આપ્યાં હતાં.

અકબરે રાજપૂતો સાથે સખ્ય સ્થાપવા પોતાના પુત્ર સલીમ (પાછળથી જહાંગીર)નાં લગ્ન રાજા ભગવાનદાસની પુત્રી માનબાઈ સાથે કરાવેલાં. આ માનબાઈને પહેલી પુત્રી જન્મી. તે સુલતાનુન્નિસા. તે પછી તા. ૬ઠ્ઠી ઑગસ્ટ ૧૫૮૭ના રોજ લાહોર મુકામે ખુશરૂનો જન્મ થયેલો. જહાંગીરનું જીવન ઐયાશી અને મદ્યપાનમાં જ ડૂબેલું રહેતું હોઈને ખુશરૂને ગાદી આપવાની બાબતમાં રાજા માનસિંહ તથા ખુશરૂના સસરા પણ સંમત હતા. ખુશરૂને એ માટે તૈયાર કરવા માંડ્યા તે વાતવાતમાં પોતાના પિતાનું અપમાન કરવા લાગ્યો. પતિનું આ અપમાન સહન ન થતાં માનબાઈએ તા. ૧૬મી મે. ઈ.સ. ૧૬૦૪ના રોજ અફીણ ખાઈને પ્રાણત્યાગ કર્યો હતો.

અઝીઝ કોકા અને રાજા માનસિંહ ખુશરૂને ગાદીએ લાવવા બોલાવેલી બેઠકમાં સૈયદ ઉમરાવોએ સખ્ત વિરોધ કરતાં છેવટે જહાંગીર ખુશરૂ અને તેના સાથીઓને માફ કરી દે એ શરતે અકબરે તેના મૃત્યુની અરધી ઘડી પહેલાં પોતાના રાજ્યાધિકાર જહાંગીરના હાથમાં સોંપ્યા હતા.

જહાંગીરે ખુશરૂ સાથે મેળ બેસાડવા ઘણો પ્રયત્ન કર્યો, પણ રાજ્યલોભને વશ થઈને મથુરા પહોંચી તેણે જહાંગીર સામે બંડ પોકાર્યું. યુદ્ધમાં ખુશરૂનો પરાજય થતાં તે કાબૂલ નાસી જવા નીકળેલો ત્યાં માર્ગમાં જ પકડી તેને લાહોર લાવવામાં આવ્યો. જહાંગીરે તેના સાથીઓની કત્લ કરાવી નાખી, જ્યારે તેને પોતાને કેદમાં રાખ્યો. પુત્રની આ બંડખોરી સામે જહાંગીરને એટલું લાગી આવતું કે ક્યારેક ભર દરબારમાં તેની આંખમાં આંસું આવી જતાં અને તે ઊઠીને મહેલમાં ચાલ્યો જતો.

પિતા-પુત્ર વચ્ચે સમાધાન કરાવવાના પ્રયત્નો ચાલુ રહેતાં ખુશરૂને બંધનમુક્ત કરવામાં આવ્યો, પરંતુ જહાંગીર હવાફેર માટે કાબૂલ જતાં ફરી તેણે બંડનો ઝંડો ઊંચક્યો, આથી ક્રોધાવિષ્ટ બની જહાંગીરે તેની આંખો ફોડી નાખવાનો હુકમ કર્યો, અને તેને અને તેની બેગમને કારાવાસમાં ધકેલી દીધાં.

પણ દારૂના વ્યસને જહાંગીરની તબિયત કથળાવી નાખતા પાછો ઉત્તરાધિકારીનો પ્રશ્ન ઊભો થયો. જહાંગીરનો બીજો પુત્ર ખુર્રમ (પાછળથી શાહજહાં) પણ ઓછો મહત્ત્વાકાંક્ષી નહોતો. તેણે ખુશરૂને દિલ્હીથી દૂર રાખવા પોતાના સસરા આસફખાનને તે સોંપી દેવાની સલાહ આપી અને જહાંગીરે તેમ કર્યું. શાહજહાં ત્યારે દક્ષિણમાં કૂચ કરી રહેલો હોઈને તેના સસરા આસફખાન પાસેથી ખુશરૂનો કબજો મેળવ્યો અને રસ્તામાં તેની એવી તો વલે કરી કે અંધ અને અસહાય ખુશરૂ બુરહાનપુર મુકામે મોતના મોમાં જઈ પડ્યો. પાછળથી અલ્લાબાદ મુકામે તેની મા અને બહેનની કબરો જોડે તેને દફનાવવામાં આવ્યો.

ભારતમાં પહેલો પગ મૂકનાર અંગ્રેજ એક જેસુઈટ મિશનરી હતો, જેનું નામ ફાધર ટૉમસ સ્ટીફન્સ. આ દેશમાં વેપાર નિમિત્તે પ્રવેશી તેના ધણી જ થઈ બેઠેલા અંગ્રેજો ધિક્કારને પાત્ર બનેલા, પરંતુ હાથમાં બાઈબલ સાથે પ્રવેશેલા આ પાદરીને મરાઠી અને કોંકણી ભાષાભાષીઓ આજે પણ આદર સાથે યાદ કરે છે. આ દેશમાં આવીને સાષ્ટી (સાલસેથ) મુકામે વસી તેણે ચાળીસ વર્ષ સુધી અહીંની દરિદ્ર અને દલિત જનતાની સેવા કરેલી.

રાણી પહેલી ઇલિઝાબેથના સમયની ધાર્મિક અસહિષ્ણુતાથી ઊબકીને તે રોમ નાસી છૂટ્યો હતો અને ત્યા તેણે 'સોસાયટી ઑફ જીસસ'માં પ્રવેશ મેળવેલો. બાદ ઈ.સ. ૧૫૭૬ના ઑક્ટોબરની ૨૪મીએ ગોવા આવી ત્યાં થોડો વખત પાદરી તરીકે રહી ઈ. ૧૫૮૩માં પાદરી તરીકે એ સાષ્ટી આવ્યો. તેણે કોંકણ ભાષા પર અદ્ભુત પ્રભુત્વ મેળવી એ ભાષાનું પહેલું વ્યાકરણ રચ્યું. મરાઠી ભાષા પર પણ તે એટલો મુગ્ધ હતો કે તેને તેણે 'મોગરાના ફૂલ' તરીકે ઓળખાવી છે. તેની સૌથી પ્રસિદ્ધ રચના છે 'ખ્રિસ્તપુરાણ.' પોર્ટુગીઝ ભાષામાં લખાયેલા એ ગ્રંથનો પછી કોંકણીમાં પણ અનુવાદ બહાર પડેલો, જેની નાદમધુર ગેયતાને લઈને કોંકણના લોકોમાં તે અનુવાદ ખૂબ પ્રિય થઈ પડ્યો હતો. ❑

અશોક હર્ષ

॥ કથાસરિત્સાગર ॥

(લં. ૩ : ત. ૩ : શ્લોક ૧ થી ૩૩)

વત્સ-વાસવ-કથા (ચાલુ)

કનુભાઈ જાની

એક દિવસ વાસવદત્તા અને પદ્માવતીની સાથે વત્સેશ્વર એકાન્તે પાનલીલા[1] માણી રહ્યા હતા. પછી એમણે ત્યાં યૌગન્ધરાયણ, ગોપાલક, રુમણ્વત અને વસન્તકને બોલાવીને, એક ગોષ્ઠિમાં ભેળવ્યા. ત્યાં રાજાએ પોતાના વિરહપ્રસંગના અનુસંધાનમાં એ સૌને આ કથા માંડીને સંભળાવી :

પુરુરવા-ઉર્વશીની કથા

'પુરુરવા નામે એક રાજા હતો. પરમ વૈષ્ણવ. પૃથ્વી અને સ્વર્ગ બેયમાં બે-રોકટોક જાય-આવે. એમાં એકવાર નંદન ઉદ્યાનમાં એ ફરતો હતો ઉર્વશી ત્યારે નામે અપ્સરાએ એને જોયો. એ અપ્સરા[2] એટલે કામદેવનું બીજું મોહનાસ્ત્ર જ જોઈ લ્યો! પુરુરવાને જોતાં જ ઉર્વશીની તો જાણે ચેતના જ હરાઈ ગઈ ! એના ભયથી રંભા વગેરે એની સખીઓનાં હૈયાં પણ કમ્પી ઊઠ્યાં. રાજાએ પણ રૂપરસની નિર્ઝરિણી જોઈ ! બાહુમાં એ કેમ સમાઈ જ શકે ? એની તૃપા કેમ છીપાઈ શકે ? તૃપાક્રાન્ત રાજા તો મૂર્ચ્છિત જેવો થઈ ગયો.

ક્ષીરસાગરે પોઢેલા ભગવાન વિષ્ણુ તો (ત્યાં રહ્યેરહ્યે) બધું જાણે ! ત્યાં એમનાં દર્શને આવેલ નારદને એમણે તરત જ આદેશ આપ્યો : 'હે દેવર્ષિ ! રાજા પુરુરવા ત્યાં નંદન ઉદ્યાનમાં પડ્યો છે. ઉર્વશીએ એનું ઉર હરી લીધું છે. વિરહ એનાથી સહાતો નથી. માટે મુનિશ્રી, તમે ઝટ ત્યાં પહોંચીને મારે નામે ઇન્દ્રને કહો કે એ ઉર્વશીને તુરત જ રાજાને અપાવે.'

હરિનો આવો આદેશ થતાં જ નારદે તો ત્યાં પહોંચીને પુરુરવાને ઢંઢોળીને કહ્યું, 'ઊઠો, રાજા ! તમારે માટે તો મને અહીં (સ્વયં) વિષ્ણુએ મોકલ્યો છે ! નિર્વ્યાજ ભક્તનાં દુઃખો ના ઉપેક્ષે હરિ કદી.' એમ કહીને, પછી એ આશ્વાસન પામેલા પુરુરવાની સાથે નારદમુનિ દેવરાજ ઇન્દ્રને ત્યાં પહોંચ્યા. વિષ્ણુના આદેશની ઇન્દ્રને જાણ કરી, જે એણે પ્રણામ સાથે માથે ચડાવી. આમ, નારદે પુરુરવાને ઉર્વશી અપાવી. આ ઉર્વશીદાન સ્વર્ગ માટે જીવન હરી લેનારું હતું, તો ઉર્વશી માટે જાણે મૃતસંજીવન ઔષધ જેવું હતું. પછી તો એને લઈને પુરુરવા મૃત્યુલોકમાં આવ્યો. મૃત્યુલોકના માનવીઓની નજરે સ્વર્ગલોકની વધૂનું દર્શન આશ્ચર્ય પમાડતું હતું. પછી તો એ રાજા ને ઉર્વશી બંને અન્યોન્યના દૃષ્ટિપાશમાં એવાં બંધાયાં કે છૂટ્યાં છૂટે જ નહીં.

એમાં એક વાર ઇન્દ્રને દાનવો સાથે યુદ્ધ છેડાયું ને ઇન્દ્રે પુરુરવાને પોતાની સહાયે તેડાવ્યો. એટલે એ સ્વર્ગે ગયો. ત્યાં એ યુદ્ધમાં માયાસુર નામે અસુરાધિપ હણાયો. એનો ઇન્દ્રે ઉત્સવ માંડ્યો. એમાં સૌ સ્વર્ગવધૂઓએ પોતપોતાનું નૈપુણ્ય દાખવ્યું. ત્યાં આચાર્ય તુમ્બુરુની ઉપસ્થિતિમાં રમ્ભા નાચતી હતી. એનાથી અભિનયમાં કાંઈ ચૂક પડી. એ જોઈને પુરુરવાને હસવું આવ્યું. 'તું અલ્યા માનવ ! આ દિવ્ય નર્તનને શું જાણે ?' એમ રંભાએ દાઢમાં તરત જ પૂછ્યું. ત્યારે પુરુરવા કહે, 'હું તો ઉર્વશીના સંગને કારણે આ બધું જેટલું જાણું છું એટલું તો તારા આ ગુરુ તુમ્બુરુ પણ નથી જાણતા.' એ સાંભળતાં જ તુમ્બુરુએ શાપ દીધો : 'જાવ, થાવ તારો વિયોગ ઉર્વશીથી - કૃષ્ણનું આરાધન ન મંડાય ત્યાં સુધી.'

શાપ સાંભળીને પુરુરવા પહોંચ્યો ઉર્વશી પાસે, ને પોતાની બાબતમાં જે બન્યું તે જણાવ્યું. એકાએક જાણે આકાશેથી વજ્ર ઝીંકાયું હતું. ત્યાં તો એકાએક તરત જ કોઈ ગંધર્વો ત્યાં ઊતરી આવ્યા, અને રાજાને ખબરેય ન પડે એમ, અદૃષ્ટ રૂપે ઉર્વશીને હરી ગયા ! કોણ જાણે ક્યાં ! જાણ્યું કે આ શાપદોષ જ છે; એટલે પુરુરવાએ બદરિકાશ્રમે જઈને વિષ્ણુનું આરાધન આરંભ્યું.

વિયોગડૂબી ઉર્વશી તો ગંધર્વલોકમાં જ રહી, પણ હતી સાવ નિષ્પ્રાણ, જાણે ઊંઘે પડેલી, જાણે ચિત્રે ચિતરાયેલી કોઈ નિશ્ચેતન (નારી) ! પણ આશ્ચર્ય તો એ કે એણે, શાપનો અંત તો આવશે જ એવી આશાનું અવલંબન લઈને, ચક્રવાકી જેમ વિરહમાં દીર્ઘ રાત્રિ વિતાવે એમ, પ્રાણ તો ન જ ત્યાગ્યો. ને પુરુરવાએ પોતાના તપથી અચ્યુતને પરિતોષ્યા, ને એમની કૃપાથી ગંધર્વોએ ઉર્વશી પાછી પુરુરવાને સોંપી. ને એમ શાપનો અંત આવતાં જ એ રાજા પાછો એ અપ્સરા સાથે જોડાયો અને અહીં ભૂતળમાં રહ્યે છતે દિવ્યલોકનો લ્હાવો લીધો.'

રાજાએ વાત પૂરી કરી. ત્યારે ઉર્વશીનો (પુરુરવા માટેનો) પ્રેમ જાણતાં, (એણે વેઠેલા વિરહની સાથે સરખાવતાં) પોતાના વિરહની બાબતમાં તો વાસવદત્તાએ લજ્જા જ અનુભવી. રાજાએ વાસવદત્તાને પરોક્ષ રીતે ઉપાલંભ આપ્યાનું દેવીને લાગ્યું લાગે છે એવું જોતાં, યૌગન્ધરાયણે વાસવદત્તાને આશ્વાસન મળે માટે રાજાને કહ્યું : 'જો ન સાંભળી હોય તો તમે આ કથા સાંભળો : (૩૩)

પાદટીપ :

૧ : **'પાનલીલા'** એટલે ઢીંચવું (quaffing) એવો સામાન્ય વાચ્યાર્થ; પણ 'લીલા'ને કારણે લક્ષ્યાર્થ લેવો પડે. પેલું પંકજનું ગીત સાંભળ્યું છે 'હોઠોં કા પ્યાલા' ?

૨ : **અપ્સરા :** આપણી સમસ્ત પ્રજાએ, એની હજારો વર્ષની સુદીર્ઘ પરંપરામાં સતત જાળવીને કેળવ્યે રાખેલું, આપણી હસ્તી સાથે જોડાયેલું, આપણું આગવું જ, એક મજેદાર કાવ્યાત્મક પુરાકલ્પન ! 'હસ્તી સાથે જોડાયેલું' કેવી રીતે ? આપણે 'માનવ' કહેવાઈએ; એટલે કે મનુનાં સંતાન. મનુએ સંજ્ઞા માનવનાં આદિ

માતપિતા. એમની કૂખે થયું. યમ-યમીનું જોડલું. બીજું કોઈ જોડલું જ ત્યારે ન મળે ! એટલે, એ થયાં પતિપત્ની. ઋગ્વેદ (૧૦.૧૦.૪) મુજબ યમ-યમી એ ગંધર્વ-અપ્સરા ! યમ દક્ષિણનો દિગ્પાલ; નચિકેતાનો બ્રહ્મવિદ્યાદાતા, પાપીઓનો 'કાળ', પુણ્યવંતાઓનો 'ધર્મરાજ.' યમીનું બીજું નામ 'યમુના...' આવી આવી સ્પષ્ટ-અસ્પષ્ટ કંઈક વાતો અપ્સારા-ગંધર્વ કુળને પાછું માનવ સાથે જોડે છે.

ઋગ્વેદના કૌશિતકી બ્રાહ્મણ (૬.૧) પ્રમાણે પ્રજાપતિનાં પાંચ સંતાનો : અગ્નિ, વાયુ, આદિત્ય, ચંદ્રમા અને ઉષા. એમાંથી ઉષાએ લીધું રૂપ અપ્સરાનું. ('મૅક્સમૂલરની કલ્પનાને આ ફાવતી વાત છે !) આમ, આ લોકકલ્પન દેવ, માનવ, ગંધર્વ અને પ્રકૃતિ ચારેયમાં વિલસ્યું છે ! એટલે એની કથાઓ પણ ચારેયને લગતી હોય ! વિષ્ણુપુરાણ (૧૧.૧૦)માં અપ્સરાને સૂર્યની આભા/સેવિકા પણ ગણીને બાર માસના સૂર્યના બાર ગંધર્વ-પ્રતિહારીની સાથે બાર અપ્સરાઓ પણ મૂકી છે : (માસાનુક્રમે) ક્રતુસ્થલા, પુંજિકસ્થલા, મેનકા, રંભા (૧) કે સહજન્યા, પ્રમલોચા, અનુમલોચા, ધૃતાચી, વિશ્વચી, ઉર્વશી, પૂર્વચિત્તી, તિલોત્તમા અને રંભા (૨); અને એમના ગંધર્વો : તુમ્બુર, નારદ, હાહા, હૂહૂ, વિશ્વવસુ (૧), ઉગ્રસેન, સુરુચિ, વિશ્વવસુ (૨), ચિત્રસેન, ઉર્ણાયુ, ધૃતરાષ્ટ્ર અને સૂર્યવર્ચસ્. અહીં માસાનુક્રમ વિચારતાં નવમું નામ ઉર્વશી - ચિત્રસેનનું આવે, ને નવમો માસ અષાઢ; મેઘનો માસ !

આ ચિત્રસેન-ઉર્વશીનો ઉલ્લેખ મહાભારતમાં (વનપર્વમાં) આવે છે. એ ગંધર્વે દેવલોકમાં અર્જુને ગંધર્વવિદ્યા શીખવી; એણે જ ઇન્દ્રના કહેવાથી ઉર્વશીને અર્જુનની પાસે મોકલી.

અપ્સરાને જેમ સૂર્ય જોડે સંબંધ છે તેમ એને વૃક્ષ જોડે સાંકળીને 'વૃક્ષકો' પણ કહેવામાં આવે છે. એની સાથે સંકળાયેલાં વૃક્ષોને પવિત્ર લેખવામાં આવે છે, તેથી એને 'ચૈત્યવૃક્ષો' ગણાય છે. એવાં વૃક્ષોમાં ન્યગ્રોધ, ઉદુમ્બર (ઉમરડો), અશ્વત્થ અને પ્લાક્ષ.

અપ્સરાનું આ લોકકલ્પન કેટલું જૂનું ? ઋગ્વેદ જેટલું. એટલે ઈ.સ. પૂર્વે ૧૨૦૦થી વધુ. ઋગ્વેદ, ને પછી સંહિતા-બ્રાહ્મણ-ઉપનિષદો વગેરે સાહિત્યમાં એની વાતો છે. પુરાણોમાં એ વાતોએ જરા જુદો વળાંક લીધો; ને તે પછીના બાણ-કાલિદાસાદિના પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં, ને બૌદ્ધ-જૈન પ્રાકૃત-અપભ્રંશ સાહિત્યમાં પણ આ (ઉર્વશી-મેનકાની) વાત છે.

શબ્દાર્થ જોતાં 'અપ્+સરા' એટલે પાણીમાં સરનાર. [જોકે શ્રી એન. જી. તવકર એમના 'એસેઝ થ્રોઈંગ ન્યૂ લાઈટ ઑન ધ ગંધર્વઝ, ધી અપ્સરાઝ...' એમાં (૧૯૭૧; પૃ. ૪૪) 'અ+પ્સરસ્' એટલે 'જે સરસ નથી તે' આવો અર્થ આપે છે !] અપ્સરા એટલે લોકકલ્પના મુજબ અંતરિક્ષવાસિની, સૌંદર્યમૂર્તિ, ઇન્દ્રની માનીતી, ઇન્દ્રને જ્યારેજ્યારે કોઈના તપોબળથી પોતાનું સિંહાસન ડોલતું લાગે ત્યારે ત્યારે, કે દેવોનેય ક્યારેક કોઈને તપથી ચળાવવાની કે પરખવાની જરૂર પડે ત્યારે ત્યારે મોહાસ્ત્ર તરીકે જેનો ઉપયોગ થતો એવી, જળગામિની, ગંધર્વસંગિની, ઇચ્છિત રૂપ લઈ શકનારી, સુરસુંદરી અને સ્વરસુંદરી, નૃત્યાંગના અને દેવદુહિતા. એવી અપ્સરાની કલ્પના ઓછામાં ઓછી ઋક્કાલીન, ત્રણ-સાડા ત્રણ હજાર વર્ષ જૂની.

આર્યોના ભ્રમણ સાથે એ દેશે-દેશે ફરી, ને એમાંથી પશ્ચિમી કેલ્ટિક-ટ્યુટૉનિક જેવી જાતિઓની પુરાકલ્પનકથા (મિથ) બનીને પરી (Fairy) તરીકે, પછી, પાંખાળી થઈ, અદ્ભુત લઘુક સુંદરીઓ રૂપે ફૂલોની ફોરમમાં ભળીને, કથાઓના નિસર્ગે વિહરતી થઈ હશે. પરીબહેન, તમે ક્યાં મળો ?

'Where the bee sucks
There Suck I,
In a cowlips bell I lie
On a bat's back do I Fly !'
(- શેક્સ્પીઅર)

ચાખે મધ મધમાખી જ્યાંથી
ત્યાંથી હુંએ ખાઉં,
પાંદડીઓના ગલગોટામાં
લંબાવી, લપાઉં,
રાતે વડવાગળની પીઠે,
ઊડતી-ફરતી જાઉં !

અપ્સરાની કલ્પના પરીની જનની. પરીના જેવી જ મત્સ્ય કન્યાઓની (Mermaidsની) કલ્પના. એ આપણી નાગકન્યાઓ જેવી નમણી, મીઠો કંઠ, કામણગારી કાયા. એવી જ કલ્પના વળી જળકન્યાની (Nymphsની). પાયથન જેવાને જીતનાર ઍપોલોને ડેફની જેવીએ બાંધેલો એમ ભલભલાને મોહપાશે બાંધતી એ સાગરકન્યા. એ આખા કલ્પનકુળનું મૂળ અપ્સરા - એમ પશ્ચિમના વિદ્વાનો માને છે.

વેદાદિની અપ્સરાકલ્પના વિકસી શેને આધારે ? પુરાણાદિમાં જે વિકાસ જોવા મળે છે તેનાં મૂળ છે લોકજીભે ત્યારે વહેતી-તરતી રહેલી ગાથાઓમાં ને લોકાખ્યાનોમાં. ચારણો દ્વારા એ ગાથા-આખ્યાનો લોકોમાં પ્રસરતાં રહેલાં. શ્રી તવકર કહે છે : "There were Gathas... and Akhyanas very popular among the people; there was a class of charans, story-tellers, who carried with them a fund of information on various subjects and a number of stories of ancient time." (P.36) આમ, લિખિત સાહિત્યની જોડાજોડ તરતા રહેલા ગાથા લોકાખ્યાનના, ચારણાદિથી વહેતા રહેલા પરંપરાગત મુખોપમુખી લોકવાઙ્મયે આવી કલ્પનાને રમતી વિકસતી રાખી છે. પુરાણોમાં તો

અપ્સરાઓનાં નામો ને કામો પણ મળે છે. (દા. ત. વિષ્ણુપુરાણ) મેનકાથી વિશ્વામિત્ર મળ્યા ને શકુંતલા જન્મી, ને એનાથી જન્મ્યો, આપણા દેશને એનું નામ આપનાર 'ભરત'. ભરત એ ભારતનો આદિ રાષ્ટ્રપુરુપ; એનાં દાદીમા મેનકા હતાં અપ્સરા ! અપ્સરા આપણા આદિરાષ્ટ્રપુરુષના દાદીમા !

સાતમી સદીની બાણની 'કાદમ્બરી'માં મહાશ્વેતા અને કાદમ્બરી એ બે અપ્સરાની કથાને નિમિત્તે જાણે અપ્સરાજીવનનું રસિક આલેખન મળે છે ને અજંતાનાં ચિત્રોમાં, ને કોણાર્ક ખજુરાહો જેવાં અસંખ્ય મંદિરોમાં કલ્પનાત્મક રૂપે અપ્સરા એવી તો મઢાઈ ગઈ છે કે આપણું પહેલું અણુવિભાજન કેન્દ્ર થયું, ને એને નામ પાડવાનું આવ્યું ત્યારે, નામ અપાયું 'અપ્સરા' ! આવી'અપ્સરા' ભારતીઓની કલ્પનામાંથી તો સરે જ કેવી રીતે ?

કથા : પુરુરવા અને ઉર્વશીની

કનુભાઈ જાની

ઉર્વશી-પુરુરવાની કથા એ જગતની જૂનામાં જૂની પ્રેમકથા અને પહેલી ભારોપીય પ્રેમકથા, એમ પેન્ઝર જેવો આ વિષયનો ખાં કહે છે.

(II, 245-259), ને ઋગ્વેદથી આરંભાઈ, મહાભારત ને અન્ય પુરાણો, તેમાંય ખાસ કરીને વિષ્ણુપુરાણ સુધી આવતાં આવતાં મૂળની ત્રૂટકછૂટક વિગતોવાળી કથા કેવું રૂપ લે છે એ પંદર પાનાં ભરીને પૅન્ઝર બતાવે છે. એમના પ્રચંડ પાંડિત્ય ને અણથાક અભ્યાસ- પરિશ્રમનું એ એક ઝળકતું ઉદાહરણ છે.

પણ આવડો મોટો અભ્યાસી પણ એક નાનકડી, ભૂલથી અડધો જ દ્ (d) લખી દેવાય એટલી અમથી શરતચૂક કરી બેસે, – પેલું કહે છે ને 'સ્વરતોઽપરાધાત્' એમ, તો કેવડો મોટો અનર્થ થઈ જાય એનું એક દૃષ્ટાન્ત અહીં મળે છે : ઈલાને 'બુદ્ધથી' (Buddha-થી) પુરુરવસ્ થયો એમ લખી બેસે છે ! ઈલા-બુધકથા ન જાણનારનું શું થાય ? ને ભગવાન બુદ્ધને મફતમાં આવો પુત્ર અને ઉર્વશી જેવી પુત્રવધૂ મળે ! એ નવી જાતકકથા અડધા 'દ્'માંથી ઊભી થાય ! મૂળ ન વાંચતાં અંગ્રેજીપરસ્તને તો બુદ્ધની જીવનકથાનો એક ગૂઢ અંકોડો હાથ લાગે ! પણ એ બાપદીકરાની કથામાં પડીશું તો પ્રેમીઓને ખોટું લાગશે. વેદથી પુરાણો સુધી વહેલી કથાના ઘટકાંશોને ગૂંથતાં ગૂંથતાં આવી કથા મળે :

કાલિદાસ કહે છે : (વિક્રમોર્વશીયમ્ : V-૧.૨)

'ઉરૂદ્ભવા નરસખસ્ય મુનેઃ સુરસ્ત્રી.'

સ્વયં નરનારાયણ મુનિના ઉરુમાંથી ઊપજી આ સુરસ્ત્રી ! કેવી રીતે ? નરનારાયણ(વિષ્ણુ)ના તપે ઈન્દ્રાદિને ચિન્તા થઈ, તે એમને ચળાવવા ત્યાં બદરિકાશ્રમમાં કામદેવને વસન્ત સાથે મોકલ્યા ને સાથે મેનકા-રંભા જેવી હજારોની મદનસેના ! નરનારાયણે તો જરાય ચલિત થયા વિના સૌને આવકાર આપ્યો. પૂછ્યું, 'આપ સૌનું કેમ અહીં પધારવું થયું ? આપની શી સેવા કરી શકું ?' ત્યારે કામ જાતે લજ્જિત થઈ ગયો ! ચૂપ ! સૌ સ્તબ્ધ ! ત્યાં તો સૌની અજાયબી વચ્ચે, મુનિનાં 'ઉરુ' (જંઘા) પર પડેલા પુષ્પમાંથી પ્રગટી એક સુંદરી. રૂપરૂપનો એવો તો અંબાર કે અપ્સરાઓ તો નીચું જોઈ ગઈ ! 'ઉરુ'માંથી ઉદ્ભવી માટે નામ પડ્યું 'ઉર્વશી.' 'આપ સૌને ઇન્દ્રે અહીં મોકલ્યાં છે; તો જાવ, ઈન્દ્રને આ મારી ભેટ !' કહીને ઋષિવરે, એ મદનસેનામાં એકે હજારાં જેવીનું ઉમેરણ કરીને, સૌને વળાવ્યાં પાછાં ઈન્દ્ર પાસે.

ત્યાં મિત્ર-વરુણ જેવા કંઈકની ઇચ્છા એને પામવાની, પણ એ ન બનતાં એને શાપ મળ્યો : 'જા, તું મૃત્યુલોકે પુરુરવાની પત્ની બનજે !' એટલે, ઉર્વશીને ચિત્તે પુરુરવાના નામનું બીજ આમ પડ્યું હતું. ત્યાં એક વાર મુનિ નારદ ફરતા ફરતા ત્યાં – સ્વર્ગે આવી ચડ્યા. એમણે પુરુરવાના રૂપગુણની સ્તુતિ માંડી. થયું ! એ રમણીનું ચિત્ત રમણે ચડ્યું એવું કે એક વાર 'લક્ષ્મીસ્વયંવર' નામે પ્રબંધનાટક મુનિવર ભરત કરાવતા'તા ત્યારે પાત્રાભિનયમાં ચિત્ત ચોંટે જ નહીં ! ભૂલ પર ભૂલ ! મુનિવર જાણી ગયા કે ચિત્ત ક્યાં છે ! દીધો શાપ : 'જા, તું મૃત્યુલોકે પુરુરવાની પત્ની બનજે !' ને તરત જ એ તો મૃત્યુલોકે પડવા લાગી. સાથે હતી સખી ચિત્રલેખા પણ.

જેમ અનેક દેવોની નજર આ રૂપરાશિ પર હતી તેમ દૈત્યોની પણ હતી. એમાંથી એક, કશ્યપદનુનો પુત્ર કેશી તો આવાં કામો માટે પંકાતો. એ આ બંનેની પાછળ પડ્યો. આ બંનેએ બુમરાણ મચાવી, દિશાઓ ગજાવી. હિમાલયની કંદરાઓ ગાજી ઊઠી. દૈવને કરવું કે તે વખતે પુરુરવા એ જ હિમાલયનાં જંગલોમાં શિકારે નીકળેલો. એણે ધા સાંભળી. જોયું, તો એક દૈત્ય બે અપ્સરાઓને ઉપાડી જતો હતો. એણે તરત જ દૈત્યને પડકાર્યો, પકડ્યો, પછાડ્યો, ભગાડ્યો ને બંનેને છોડાવી. ને એ છોડાવનાર તો પોતાના મનનો મીત છે એ જાણ્યું ત્યારે ઉર્વશી તો મીટ માંડીને એને જોઈ જ રહી. ચાર દૃષ્ટિ એક થઈ, ને એ દૃષ્ટિથી જ સૃષ્ટિ બનવી જોઈએ; પણ પ્રેમને મોટે ભાગે પ્રતિબંધો જ નડે ! નિષેધ ! ટેબૂ (Taboo) ! એક છે દેવલોકની, બીજું છે મૃત્યુલોકનું ! બે વચ્ચે વળી કાયમી મેળ કેવો ? છતાં, પુરુરવાએ આગ્રહ ન છોડ્યો. ગમે તેમ તોય પૃથ્વીનો જણ; પ્રેમનો મહિમા એ વધુ જાણે. ઉર્વશી પણ ઇચ્છતી તો હતી જ. ઇચ્છા હોય ત્યાં ઉપાય જડે.

ઉર્વશી કહે, 'વરું તને, પણ ત્રણ શરતે.'

'અરે, બધું મંજૂર !'

'ના, શરતો આકરી છે.'

'કહે જોઈ.'

'એક, મને પ્રિય છે મારાં પાળેલાં ત્રણ – એક ઘેટી ને બે મેંઢાં. હું હોઈશ ત્યાં એ કાયમ રહેશે. મારે ઢોલિયે જ બાંધેલાં રહેશે. એનું રક્ષણ-'

'મારે માથે. શરત મંજૂર. બીજી શરત ?'

'દિવસમાં ત્રણથી વધુ પરિરંભ નહીં ને ઇચ્છાવિરુદ્ધ તો કંઈ જ નહીં.'

'કબૂલ. પછી ?'

'ત્રીજી શરત : મારી નજરે ક્યારેય અનાવરિત દેહે તું ન પડવો જોઈએ.'

'કબૂલ. એ શરતેય મંજૂર.'

ને, આ શરતી સંસાર લાંબા કાળ સુધી વિનાવિઘ્ને ચાલ્યો. ઉર્વશી લાંબા કાળ સુધી સ્વર્ગે ફરકતી પણ ન હોય એ ગંધર્વોને કેમ ગમે ? મૂંઝાયા. એક યુક્તિ કરી. એને પાર પાડવાનું વિશ્વવસુને માથે ! ઊપડ્યો – ચૂપચાપ. રાત્રે પેલાં બે સૂતેલાં. મધરાત. ચૂપચાપ એક ઘેટું ઉઠાવ્યું. ખખડાટ થયો. ઉર્વશીએ ત્રાડ પાડી : 'અરે ! આ મારું પ્રિય... હરાયું ! મારે પડખે કોઈ વીરનર છે કે નહીં ?...'

પુરુરવા પણ જાગ્યો તો હતો પણ અનાવરિત હતો. ત્યાં તો બીજું મેઢું પણ ઉપાડાયું ને બીજી વાર ઉર્વશી ચીસ પાડી ઊઠી : 'અરે ! આ મારું પ્રિય... હરાયું ! મારે પડખે તે કોઈ વીરનર છે કે નહીં ?' રાત્રે તે કોણ જોવાનું હતું એમ વિચારીને તરત જ પુરુરવા કૂદ્યો પેલાને પકડવા; પણ જેવો એ કૂદ્યો કે આકાશમાં ગંધર્વોએ વીજળી કરી; ને ઉર્વશીની નજરે પડી ગયો અનાવરિત પુરુરવા ! બસ ! થઈ ચૂક્યું !

બધું જ અલોપ ! ન મળે ઉર્વશી, ન મળે ઢોલિયો ! ન મળે મહેલ ! ને પુરુરવાએ જે વિલાપ કર્યો છે ! એણે ઉર્વશીને શોધવા જે રઝળપાટ કર્યો છે ! એ કલ્પાંતકથા કાળની કંદરાઓમાં કોતરાઈ ને ઘૂમરાતી રહી.

ભારતભરમાં એ ભટક્યો. વેલ-વૃક્ષ, નદી-નાળાં, ગિરિ-કંદરા,... કંઈ બાકી ન ગાખ્યું. બસ, 'ઉર્વશી, ઉર્વશી, ઉર્વશી' પુકારતો પુકારતો ભટકતો જ રહ્યો. એના આ રઝળપાટમાં એક વાર એ કુરુક્ષેત્રમાં પહોંચ્યો. મજાનું સરવર. હંસીઓ તરે. તટે આ પડ્યો. આ હંસીઓ મૂળે અપ્સરાઓ. રમવા નીકળેલી. એમાંની એકે કહ્યું : 'જો પેલો... છે ને ?'

'કૃશ શરીર ને જીંથરેવેશે છે તે ?'

'એ તો ખૂબ ભદ્ર, ખૂબ સુંદર...'

'તું કેમ જાણે ?'

'મારો મૃત્યુલોકનો એ પતિ હતો – પુરુરવા. એનું જ બાળ મારા ઉદરમાં છે.'

'બિચારો ! જોને, કેવો ઝૂરે છે ! એનું દુઃખ જોયું જતું નથી. ઉર્વશી, તારે એની સમક્ષ પ્રગટ થવું જ જોઈએ. એને સાંત્વન આપવું જ જોઈએ.'

સખીઓએ આગ્રહ કર્યો. ઉર્વશીને પણ મનમાં તો એ જ લાગણી હતી. પ્રગટ થઈ.

'પુરુરવા !'

'કોણ ? તું !! ઉર્વશી !!! આવ ! મારી ભૂલ માફ કર ! તારા વિના હું નહીં જીવું ! આપણે ફરી સંસાર માંડીએ...

'માંડ્યો તો હતો જ ને ? એનું ચિહ્ન તો હજીયે મારા ઉદરમાં છે.'

'તો ?'

'પણ તેં શરતો ન પાળી !'

'પાળીશ... પાળીશ...'

'હવે શું ? પુરુરવા ! હું તો પ્રથમ પ્રભાતી આભા ! ઊગી ન ઊગી ને ઊડી જાઉં ! ન પકડાઉં. હું તો વાયુની લહેરખી. મારી શરતે આવી હતી, ને શરત ન પળાઈ તો ઊડી ગઈ ! હવે તું પાછો ફર ! તારું રાજપાટ સંભાળ. હું ના આવી શકું.'

'તો ભલે, ઉર્વશી. હુંયે જ્યાંથી ક્યારેય પાછા ન અવાય એવા લોકમાં અલોપ થઈ જઈશ.'

'એટલે ?'

'એટલે હું મોતને ઘાટ વિરમીશ. ઘોર અરણ્યમાં ભલે મને વરુઓ ફાડી ખાય કે...'

'ના, પુરુરવા ના ! એમ કમોતે મરાય નહીં !'

'આ કમોત નથી ? મારા માટે તો હવે મોત જ ઉગારો છે !'

'ના. એમ ના થાય. પણ હું તો આકાશી તત્ત્વ મૃત્યુલોકમાં આવું ત્યારે માત્ર ઘીભર રહેવું પડે !'

'રહેજે ને !'

'...ને હજી તારે તો તારા પુત્રનું મુખ પણ જોવાનું છે ને ?'

'એ તો કેવી રીતે હવે બનશે જ – હું જ નહીં હોઉં ત્યાં ?'

પુરુરવાએ પૂછ્યું. ઉર્વશી અનુત્તર રહી. શું જવાબ આપે ? વિચારે ચડી. અચાનક કહે, 'એક રસ્તો છે... ભલે. હું તને મળીશ.

'અત્યારે ?'

'ના.'

'ત્યારે ? ક્યારે ?'

'વરસને છેલ્લે દિવસે. એક રાત માટે. તે દી હું તને આપણો પુત્ર આપીશ.'

ને એણે વિદાય લીધી. એ કૂણી પડી હતી. સખીઓનો સધિયારો હતો. ને બધું જાણતાં, ગંધર્વોને પણ સહાનુભૂતિ જાગી હતી. પૃથ્વી પર દુઃખ છે, પણ સ્વર્ગમાં નથી એવી એક વસ્તુ પણ ત્યાં છે – પ્રેમ ! એની પ્રતીતિ એમને થઈ હતી. કેવું આકર્ષણ ! કેવી

વિરહવ્યથા ! કેવું તડપન ! કેવો મિલનાનંદ ! — એવાં ભરતીઓટ ને ઊર્મિઉછાળ સ્વર્ગે અશક્ય ! એટલે ગંધર્વોએ તો આ યુગલનો તે એક દિવસ પૂરો આનંદમાં જાય એવું ગોઠવ્યું. એ એક ક્ષણમાં ભલે શાશ્વતી સમાતી. ને બીજે દિવસે સવારે એકાદ વરદાન માગવા પણ કહેવું - એવું ઠરાવ્યું. પ્રેમની ઊર્મિ દેવોનેય પીગળાવે !

દિવસોને જતાં કેટલી વાર ? તે દિવસ આવ્યો. ગંધર્વોએ એમને માટે રચેલા સુવર્ણમહાલયમાં બંને મળ્યાં ! ઉર્વશીએ ત્યારે પુરુરવાને શિખામણ આપી : 'જો, કાલે સવારે આપણે છૂટાં પડશું ત્યારે ગંધર્વો તને વરદાન માગવા કહેશે.'

'હેં ?'

'હા. ત્યારે માગજે-'

'શું ?'

'મને તમારામાંનો એક કરો, એટલું જ.'

'ભલે.'

એણે તો તે દી પ્રમાણે માગ્યું. ત્યારે ગંધર્વો કહે, 'એ તો કેમ બને ? એ માટે તો અમારો યજ્ઞાગ્નિ જોઈએ. એનાથી યજ્ઞ કરતાં ગંધર્વ થવાય.'

'તમે માગવાનું કહ્યું, ને મેં માગ્યું. હવે ફરી જવું હોય તો તમે જાણો !'

'એ તો થાય જ કેમ ?' ગંધર્વો વિમાસણમાં પડ્યા. ઉર્વશીએ નીચું જોઈ પુરુરવાના હાથમાં બાળક મૂક્યું, ને કહે, 'આ આપણો આયુસ્ ! લે !'

'એ જ શું આપણું આયુ ? ત્યાં જ શું આપણા પ્રેમની પૂર્ણાહુતિ ?!' કહીને પુરુરવાએ બાળકને હૈયે ચાંપ્યું, આંખો બેય કાંઠે છલછલી ઊઠી. જવા પગ ઉપાડ્યો. ત્યાં ગંધર્વ કહે : 'ઊભો રહે. વચનમાં અમારાથી ફરાય નહીં. લે ભાઈ, આ અમારું પાત્ર ને આ અમારો અગ્નિ. આનાથી યજ્ઞ કરતાં તું અમારામાં ભળી જશે.' ને એકાએક બધું પાછું અલોપ ! ગહન વન, અગ્નિપાત્ર, અગ્નિ, બાળક ને પુરુરવા, એટલાં જ હતાં ત્યાં ! હવે ? એને થયું કે પહેલાં બાળકને મહેલ ભેગું કરું, ભળાવી આવું. એટલે પાત્ર ને અગ્નિ એક જગ્યાએ મૂકીને એ નગરમાં ગયો. બાળકને પરિજનોને ભળાવ્યું ને પાછો વનમાં આવ્યો.

જુએ તો ન મળે પાત્ર, ન મળે અગ્નિ ! જ્યાં પાત્ર હતું ત્યાં ઊગેલું એક વૃક્ષ અશ્વત્થનું; ને જોડાજોડ જાણે કે એમાંથી જ ઊગ્યું હોય એમ ઊગેલું બીજું વૃક્ષ શમીનું ! પુરુરવા તો મૂંઝાયો ! એણે ગંધર્વોને સ્મર્યા. એમણે પ્રગટ થઈ, કેવી રીતે અશ્વત્થ-શમીમાંથી અરણિ-ને મંથા બનાવી, એમાંથી અગ્નિ પ્રગટાવવો, એના કેવી રીતે દક્ષિણાગ્નિ, આહ્વનીય અગ્નિ તથા ગાર્હપત્ય અગ્નિ એવા ત્રણ ભાગ કરવા, ને પછી કેવી રીતે હોમ કરવો તે બધું વિગતે સમજાવ્યું. એ પ્રમાણે કરતાં જ એને પાછી ઉર્વશી પ્રાપ્ત થઈ. પછી તો આયુ ઉપરાંત બીજા પાંચ પુત્રો પણ એમને થયા ને એમનાથી જ ત્રિવિધ અગ્નિની પ્રથા થઈ. દેવોનો અગ્નિ આમ અહીં ગૃહસ્થાશ્રમે સ્થપાયો.

આવી આ કથા છે. શતપથ બ્રાહ્મણના કાળ સુધી આ કથા કરુણાન્ત હશે; પછી સુખાન્ત થઈ. આ કથાની અસર ભારત-યુરોપની ભાષાઓ પર એવી ઊંડી ને વ્યાપક છે કે એનાં રૂપાંતરોનો કંઈ પાર નથી. આના અનુસંધાનમાં લગ્નમાં નિષેધો-(Taboo)ની ચર્ચા ફ્રેઝરે 'ધ ગોલ્ડન બાઉ'ના ત્રીજા ગ્રંથમાં 'Taboo and the perils of the Soul' એ મથાળે કરી છે. આ કથાનાં અનેક રૂપાન્તરોની વાત જે. એ. મૅક્ક્યૂલૉકે (J. A. Macculoch) એમના 'ચાઈલ્ડહૂડ ઑફ ફિક્શન'માં કરી છે. 'પેન્ટામૅરોન'માં બીજા દિવસની કથાનું નવમું રૂપાન્તર 'ધ પેડલૉક' પણ લગ્નમાં નિષેધને લગતું છે. 'ધ બ્યૂટી ઍન્ડ ધ બીસ્ટ', જીવરામ અજરામર ગોર સંપાદિત ઓઢા-હોથલની કથા, રસધાર-જમાં મેઘાણી સંપાદિત એ જ કથા, જર્મનીની 'શ્વાન મેઈડન', ફ્રાન્સની 'મેલુસીના', સ્કૉટલૅન્ડની 'ધ સીલ વુમન', જિપ્સી 'ધ વીન્ડ મેઈડન', મહાભારતની શાંતનુ-ગંગાકથા, રાજસ્થાનની ધાંધલની કથા, ગ્રીસની 'ક્યૂપિડ ઍંડ સાઈક'... યાદી બનાવવી હોય એણે જોવા જહૉન ગેરેટ ('અ ક્લાસિકલ ડિક્ષનરી...'), 'પ્રાચીન ચરિત્રકોશ', સિસ્ટર નિવેદિતા અને આનંદકુમાર સ્વામી-કૃત 'મિથ્સ ઑફ ધ હિન્દુઝ' (ત્યાં વેલે વળગીને ઝૂરતા વિયોગી પુરુરવાનું, ક્ષિતિબાબુનું ચિત્ર પણ જોવા જેવું છે), પૅન્ઝર (II પરિશિષ્ટ-૧), સ્ટિથ ટૉમ્સન, ડૉ. સત્યેન્દ્ર, પુષ્કરભાઈનું 'લોકવાર્તા', આપણી લોકકથાની વિગતે ચર્ચા કરતા કોઈ પણ ગ્રંથમાં આ કથા ન હોય એવું ભાગ્યે જ બનશે.

મૅક્સમૂલરે આ મિથને સમજાવતાં એમના કમ્પૅરેટિવ માયથૉલૉજીમાં લખ્યું છે : 'One of the myths of the Veda which expresses this correlation of the dawn and the Sun, this love between the mortal and the immortal, and the identity of the morning dawn and the evening twilight, is the story of Urvashi and Pururava. Urvashi was originally an appelation and meant dawn.' એમને મતે આ વેદકથા ઉષા ને સૂર્યના સંબંધની, અમર ને મર્ત્ય પ્રેમની, પ્રભાતની ને સાયંકાળની સંધ્યાની છે. ડૉ. ગોલ્ડસ્ટકર વળી ઉર્વશીને પ્રભાતનું ઝાકળ કહે છે; સૂર્ય ઊગે કે ઝાકળ જાય ! પુરુરવા જો દેખાય ઉર્વશી ઊડી જાય ! ફ્રેઝર એને પ્રકૃતિપૂજાની કથા - totemic ગણે છે. ગોત્રમાંનાં લગ્નને ગોત્ર બહારનાં લગ્ન - એની મથામણ આમાં જુએ છે. અરણિ-મંથા જાતીય સમાગમનાં પ્રતીકો છે. એ વિગત યજ્ઞાદિ વધ્યાં ત્યારે ઉમેરાઈ હશે. ગમે તેમ, કથા સ્વપ્નિલ, રહસ્યાત્મક, અર્થપ્રેરક તો છે જ. આનંદકુમાર સ્વામી (ઝીમરકૃત, જોસેફ કેમ્બેલ અનૂદિત 'મિથ્સ ઍન્ડ સિમ્બલ્સ...'માં

પૃ. ૯૦ની પાદટીપ) કમલિનીને 'પૃથ્વી પરનો ઉર્વશીનો અવતાર' ગણે છે ! આ સંખ્યાતીત રૂપાન્તરોમાંથી કોઈ એક જ પસંદ કરીને આની જોડે વિચારવું હોય તો જોવી જોઈએ કથા 'ક્યૂપિડ ઍન્ડ સાક'ની. જોઈએ :

ક્યૂપિડ અને સાઈક

Psyche ગ્રીક શબ્દ છે. શબ્દાર્થ થાય 'આત્મા' (Soul). સાઈકની પ્રચલિત કથા નથી પ્રાચીન કે નથી પુરાકલ્પનકાળની એમ અભ્યાસીઓ માને છે. પણ કથા છે મજાની, વિચારપ્રેરક છે :

સાઈક હતી એક સુંદર રાજકુંવરી. ખુદ એફ્રોડાઈટને એની ઈર્ષ્યા આવતી ! નહીં તો એફ્રોડાઈટ એટલે દેવાધિદેવ ઝ્યૂસ સહિત ઘણા દેવોનેય પોતાની સુંદરતાથી મોહિત કરનાર. એફ્રોડાઈટે એના પુત્ર, પાંખાળા સદા-કિશોર ઈરોઝ(Eros)ને સાઈકને પાંસરી કરવાનું કામ સોંપ્યું. પછી તો એક ભવિષ્યવેત્તાએ સાઈકના પિતાને ધમકી આપી : 'તમારી પુત્રીને પહાડની ટોચે રાક્ષસના બલિ માટે મૂકી દો. નહીં તો તમારું ધનોતપનોત નીકળી જશે.' બાપે તો એને એક શિલાએ બાંધી. ત્યાં એ પેલા રાક્ષસની રાહ જોતી હતી. ત્યાં કોઈએ એને જાણે હળવેકથી ઊંચકી હોય એમ લાગ્યું ! એ ઝેફાયરના બાહુમાં હતી ! એ એને એક મહેલમાં ઉપાડી ગયો.

ત્યાં રાત્રે એક ચમત્કાર થયો. કોઈક એની પડખે આવ્યું. વાણી-વર્તન પ્રેમભર્યાં હતાં. એનો પતિ જાણે એને મળ્યો ન હોય એવી અંતઃપ્રતીતિ એને થઈ ! પણ પ્રભાતના પ્રથમ કિરણની સાથે તો પેલો અલોપ ! એ ફરી ફરીને ફરકતો. પણ એણે સાઈક સાથે એક શરત કરી હતી : એનો ચહેરો જોવાનો પ્રયત્ન સાઈકે કદીયે ના કરવો. શરત એને મંજૂર હતી, કારણ કે પેલાનો પ્રેમ અનહદ હતો ને મહેલમાં કશાની ખામી નહોતી. ખામી માત્ર એટલી જ કે આખો દિવસ એને એના આ પ્રેમીની પ્રતીક્ષામાં વીતાવવો પડતો. ચકવીની માફક ? ચકવી-ચકવાને તો રાતે વિરહ; આને, એથી વિરુદ્ધ, દિવસે ! મધરાતે એ રોજ આવતો. સાઈકનું જીવન સુખમય હતું.

પણ સાઈકની બે બહેનોને એની ઈર્ષ્યા આવી. એમણે સાઈકના કાનમાં વિષ રેડ્યું : 'મોઢું જોવાની મનાઈ ?!' અને તેય તને જ ?! અરે બાઈ, નક્કી એ કુબડો જ હોવો જોઈએ. નહીં તો મોઢું જોવાની તે મનાઈ ક્યાંય સાંભળી છે ? જરૂર કોઈક ભયંકર બીકાળવો કુબડો રાક્ષસ હશે આ તો ! ચૂપચાપ ઊઠ, જો, અને છરો રાખજે ! ભોંકી દે !' આ વાત એવી રીતે અને એટલી બધી વાર એના કાનમાં રેડાઈ કે એમાંથી શંકા ઊગી ! એનાથી ન રહેવાયું. એક રાતે, છરા સાથે સજ્જ થઈ, એ ચૂપચાપ જાગી. ધીમેથી દીવો પ્રગટાવ્યો ને એના મુખ પર ધર્યો ! ત્યાં તો Eros (કામદેવ) પોતે જ ! રૂપરૂપનો અંબાર ! ને ઢોલિયા નીચે પડેલું એનું બાણ. લોભને કંઈ થોભ હોય ? એના મુખને વધુ નજીકથી નિહાળવા એ દીવાને જરાક નજીક લઈ ગઈ, કે એમાંથી તેલનું એક ટીપું પડ્યું ઈરોઝની ઉપર. એ સફાળો જાગી ઊઠ્યો. મૂરખ ! આ પ્રતિભાવ મારા પ્રેમનો ?! બીજી તો તને કંઈ સજા નથી કરતો; પણ હવે તારી આગળ ઢૂકે એય બીજો ! પ્રેમ ને શંકા એકસાથે ન રહી શકે.' બોલતોકને એ અલોપ ! એની સાથે જ મહેલ પણ ગુમ ! એ પેલી શિખર-ટોચે એકલી-અટૂલી. બહુ-બહુ ઝૂરી. નદીમાં પડતું મૂકી આપઘાતનો પ્રયત્ન પણ કર્યો; પરંતુ એને કોઈકે તારીને સામે પાર પહોંચાડી. ત્યારથી પછી એની પર એક પછી એક વધુ ને વધુ આકરી વિટંબણાઓ ને મુશ્કેલીઓની ઝડી પર ઝડી અવિરત પડતી જ રહી, ને એમાંથી કોઈક અણજાણ દિવ્યતત્ત્વ એને બચાવતું જ રહ્યું. ઈરોઝને યાદ કરતી એ ભટકી, રવડી, ઝૂરી, પણ પ્રેમ ન છૂટ્યો. એનો પશ્ચાત્તાપ જોઈને ઈરોઝ પણ પીગળ્યો. દેવાધિદેવને કરગર્યો. એમણે આખરે સાઈકને પણ અમરત્વ બક્ષીને, ઈરોઝ-સાઈકને મેળવી આપ્યાં !

કથા રૂપકાત્મક છે. પતંગિયા માટેનું બીજું નામ પણ ગ્રીકમાં 'સાઈક.' એ જ શબ્દનો બીજો અર્થ 'હૃદય' (Soul), 'આત્મા.' સૌંદર્ય ને અમરત્વ બંને એકસાથે ક્યાં વસે ? પ્રેમમાં. મિલ્ટને 'કોમસ....'માં ક્યૂપિડ-સાઈકની કથાને અંતે કહ્યું છે કે, જ્યાં હોય અમર-અચળ પ્રેમ ત્યાં જ જન્મે એક જોડકું યૌવન અને આનંદ નામનું ! એ દેવવચન છે :

"Two blissful twins are to be born,
Youth and Joy; so Jove hath sworn."
(- મિલ્ટન)

આ કથા, પ્રેમની જાણે અમર સ્તુતિ. પ્રેમ એક એવો વિશ્વદેવ છે જેને સૌ માને છે; છતાં નથી જેની કોઈ પ્રતિમા, નથી મંદિર ! ન પૂજા-પાઠ-બાધા-આખડી-ચમત્કાર ! ન સ્તુતિપાઠ, મંજીરાં, ધૂપદીપ ! આમ 'Ode to Psyche'માં કીટ્સ કહે છે :

"No voice, no lute, no pipe, no incense sweet,
From chain-swung censer teeming;
No shrine, no grove, no oracle, no heat
of pale-mouthed prophet dreaming."

પૃથ્વી પરનું આ એક એવું આકર્ષણ છે જેની કથાઓ ખૂટતી નથી, ને જે અપ્સરા/ગાંધર્વ/દેવ જેવા અમરને પણ અહીં ભૂતળે ખેંચી લાવે છે. એક માત્ર પ્રેમના તત્ત્વની વાત પર જ જો પ્રતિબંધ મૂકવામાં આવે તો પૃથ્વી કથા વિનાની જ થઈ જાય ! એમ T. K. Harvey, આ કથાના અનુસંધાનમાં કહે છે :

"And such the sweet
and solemn tale of her
The pilgrim heart, to whom
a dream was given,
That led her to the world,
— Love's worshipper,-
To Seek on earth for him
Whose home was heaven !"

અમરનેય પ્રેમની યાત્રાએ તો આ પૃથ્વીતીર્થે જ આવવું પડે.

બાયરન



અંગ્રેજી સાહિત્યનું આચમન

લેખક : મધુસૂદન પારેખ

બાયરને એની કવિ તરીકેની કારકિર્દીના આરંભમાં કાવ્યો રચવાનો થોડોઘણો વ્યાયામ કરેલો - 'અવર્સ ઑવ આઈડલનેસ' (૧૮૦૭) 'Hours of Idleness' જેવી કૃતિઓ દ્વારા; પણ એને ખરેખર તો ફળી ગ્રીસ, ઇટાલી, સ્પેન વગેરે દેશોની યાત્રા. એમાંથી જ એને કાવ્યરચના માટે મબલખ સામગ્રી મળી. એને નામના અપાવે તેવી 'ચાઈલ્ડ હેરોલ્ડ' (૧૮૧૨) એની ૧૮૦૯થી ૧૮૧૧ સુધીની બે વર્ષની વિદેશ યાત્રાના સુફળરૂપે ઊતરી આવી. એણે આરંભમાં તો સસંકોચ એના બે સર્ગ જ પ્રકાશિત કર્યા. એ કૃતિનો હીરો - નાયક ભલે ચાઈલ્ડ હેરોલ્ડ જણાતો હોય, પણ એ મહોરું પહેરીને વિહરતો, વિલોકતો, વિલપતો ખુદ બાયરન જ છે. એ કૃતિમાં કેટલાક ખંડો તો અંગ્રેજ પ્રજાને ખુશખુશાલ કરી મૂકે તેવા નવીન અને આસ્વાદ્ય બની રહ્યા. આલ્બેનિયા જેવા એ પ્રજાને માટે નવીન પ્રકારનાં ચિત્રાત્મક વર્ણનો મનહર નીવડ્યાં અને ગ્રીસ પાછળ તો બાયરન ઘેલો હતો. એની નષ્ટપ્રાય સંસ્કૃતિ વિશે, એની પ્રકૃતિ વિશેનાં વર્ણનોમાં બાયરનની કલમ કામયાબ બની રહી. બીજા સર્ગમાં એ વર્ણનો છે.

બે સર્ગ પછી એની કલમ ઊર્મિકાવ્યોના ક્ષેત્રે વળી અને ગ્રીસ, ઇટાલી જેવા દેશોની સૌંદર્યસમૃદ્ધિ તેણે વ્યક્ત કરી. તદુપરાંત સ્કૉટની રોમૅન્ટિક નવલકથાઓ ઉપરથી પ્રેરણા પામીને બાયરને પણ કેટલીક પદ્યકથાઓ 'ધ જિયાઓર' (૧૮૧૩) 'The Giaour' 'ધ બ્રાઈડ ઑફ એબીડોઝ (૧૮૧૩), 'The Bride of Abydos', 'ધ કોર્સેઈર' (૧૮૧૪), 'The Corsair', 'લારા' (૧૮૧૪) 'Lara', 'ધ સીજ ઑફ કોરિન્થ' (૧૮૧૬) 'The Siege of Corinth' વગેરે પ્રકાશિત કરી. અંગ્રેજી કવિતામાં એક નવા પ્રકારની ઊર્મિનો ઉછાળ આ પદ્યકથાઓને કારણે આવ્યો. પ્રેમ, ધિક્કાર વેદના વગેરે ભાવોનાં વર્ણનો વાચકના ચિત્તને તરત વશ કરી લે તેવાં આ પદ્યકથાઓમાં છે.

'ચાઈલ્ડ હેરોલ્ડ'નો ત્રીજો સર્ગ ૧૮૧૬માં અને ચોથો ૧૮૧૮માં પ્રકાશિત થયો. અહીંથી બાયરનનું મહોરું નીકળી જાય છે. ચોથા સર્ગમાં તો બાયરન પૂરી રીતે ચાઈલ્ડ હેરોલ્ડ તરીકે પ્રકાશમાં આવી જાય છે. આ સમયગાળામાં બાયરન એના અંગ્રેજી સમાજથી, એના ઉચ્ચ વર્ગથી બહિષ્કૃત થઈ ગયો અને પશ્ચાત્તાપ, આત્મપ્રતારણા, મનોમંથન એ સર્વ આ સર્ગોમાં વાચક અનુભવી શકે છે. પોતે કોઈને ચાહી શક્યો નહીં, કોઈનો પ્રીતિપાત્ર બની શક્યો નહીં તેની વેદના, આશા-નિરાશા, સુખ વિશેની તેની વિચારણા ત્રીજા સર્ગના સમાપનમાં પ્રગટ થાય છે.

I have not loved the world, nor the world me,
- But let us part fair boes; I do believe,
Though I have found them not, that there may be
Words which are things, hopes which will not decive,
And virtues which are merciful, nor we are
Snares for the failing; I would also dream b'er
ofhers' griets that some sincerely grieve; That
two, or one, are almost what they seem, That
goodness is no name, and happiness no dream.

ચોથા સર્ગમાં ઇટાલીની ભૂતકાલીન અને સાંપ્રત સ્થિતિનાં વર્ણનોમાં બાયરનની વાગ્મિતા છલકાય છે. વેનિસ વિશેના ખંડોમાં તેની આ શક્તિ સવિશેષ ખીલતી જણાય છે. પ્રકૃતિના સાન્નિધ્યમાં એકાંત વિશેની કે સમુદ્રને ઉદ્‌બોધન કરતી પંક્તિઓ બાયરનની પ્રસિદ્ધ થઈ ચૂકેલી પંક્તિઓ છે.

There is a pleasure in the pathless woods
There is a rapture on the lonely shore.
... ...
Roll on, thou deep and dark blue becan - roll !

આવી પંક્તિઓમાં બાયરનનું બીજા રોમૅન્ટિક કવિઓ સાથેનું 'સગપણ' જડી આવે. 'ચાઈલ્ડ હેરોલ્ડ'ના પાછળના સર્ગ પણ બાયરનનું રોમૅન્ટિક વલણ ક્યાં સુધી જઈ પહોંચે છે તેની પ્રતીતિ કરાવનારું છે.

આ 'ચાઈલ્ડ હેરોલ્ડ'માં બાયરનને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ, પણ હજી એની પ્રતિભાને અનુકૂળ નીવડે તેવું માધ્યમ મળવાની વેળા આવી નહોતી. એ 'ડૉન જુઆન'માં મળી. (૧૮૧૯-૧૮૨૪) અલબત્ત એ પહેલાં એની 'મેનફ્રેડ' (૧૮૧૭) 'Manfred' 'કેઈન' (૧૮૨૧) 'Cain' અને 'બેપ્પો' (૧૮૧૭) 'Beppo' જેવી ત્રણેક નાટ્યાત્મક પદ્યવાર્તાઓ પ્રગટ થઈ ચૂકી હતી. 'ડૉન જુઆન' 'Don Juan' - આ મહાકાવ્ય તરીકે ઓળખાવાયેલી યુરોપના ઉચ્ચ વર્ગીય સમાજના ફેશનેબલ જીવનને કટાક્ષનું નિશાન બનાવતી યાદગાર કૃતિ છે. બાયરને તેની રચના માટે પાંચ વર્ષ આપ્યાં હતાં. અહીં બાયરનનો નિજી અધિકૃત અવાજ સંભળાય છે.

એક સ્પેનિશ નાયકના રઝળપાટની આ કટાક્ષકથા સોળ

જેટલા સર્ગ સુધી વિસ્તરેલી છે. 'પિકારેસ્ક' (રખડુ નાયક વિષયક) Picareske નવલકથાનું સ્વરૂપ બાયરનને અહીં પૂરતું અનુકૂળ નીવડ્યું છે. એમાં એ નિરાંતે કટાક્ષકાર અને ભાવનાશાળી કવિ તરીકે પોતાનાં વિવિધ વિષયો અંગેનાં મંતવ્યોનો શંભુમેળો રજૂ કરી શક્યો છે. એની ઉપહાસવૃત્તિને, આલોચકવૃત્તિને પ્રગટ થવાનો સારો અવકાશ મળ્યો છે. એનાં નિરીક્ષણો, એની હૈયાવરાળો અહીં માતબર છે. કાવ્યમાં તેણે હળવાશ જાળવી છે તો પણ એમાં ઊંડે ઊંડે રોષ વિષાદયુક્ત ગાંભીર્ય વણાયેલું છે.

ડોન જુયાનની સાહસકથાના આરંભમાં ભરપૂર મનોરંજન છે. છતાં એમાં ગંભીર પ્રયોજન જોઈ શકાય તેમ છે.

બીજાથી ચોથા સર્ગમાં જુઆનનું વહાણ ખરાબે ચડે છે એ એક સુંદર, નિર્દોષ યુવતી 'હેઈડી' (Haidee) દ્વારા તેનો બચાવ થાય છે. એની સાથેનો પ્રેમસંબંધ એની નિર્દોષતા બાયરનની કલમની સ્વાદ્ય પ્રસાદી છે. બાયરન ઊર્મિલતામાંથી મજાકમાં કેવી રીતે અટકી શકે છે તેનું એમાં નિદર્શન છે.

Alas ! they were so young, so beautiful,
So lonely, so loving, helpless and the hour
was that in which the heart is always full
And having o'er itself no father power
Prompts deeds eternity can not annul,
But pays off moments in an endless shower
Of hell bire - all prepared for people giving
Pleasure or pain to one onother living.

જુઆન અને હેઈડીની પ્રેમકથા, હેઈડીનો ચાંચિયો પિતા અચાનક આવી ચડવાથી ખત્મ થઈ જાય છે. જુઆનને ગુલામ તરીકે તે વેચી દે છે અને પછીના સર્ગમાં તે કોન્સ્ટન્ટિનોપલમાં જોવા મળે છે. ત્યાંથી તે નાસી છૂટે છે. સાતમા, આઠમા સર્ગમાં એ રશિયન કેથેરાઈનનો કૃપાપાત્ર બનતો દેખાય છે. તે જુઆનને દૂતકાર્ય માટે ઇંગ્લૅન્ડ મોકલે છે અને અહીં બાયરનને એની સુપરિચિત માતૃભૂમિના અંગ્રેજી સમાજને ઝાટકવાની, એનાં કટાક્ષસભર ચિત્રો આલેખવાની તક મળી રહે છે, પણ ત્યાં કાવ્ય અણચિંતવ્યું ખંડિત થાય છે.

'ધ વિઝન ઑફ જજમેન્ટ' (૧૮૨૨)

બાયરનની બીજી એક કીર્તિદા કૃતિ 'ધ વિઝન ઓવ જજમેન્ટ' છે. ઇંગ્લૅન્ડના રાજા જ્યોર્જ ત્રીજાના અંગ્રેજી કવિ સધે (Southey) દ્વારા કરવામાં આવેલી અતિશય ભાટાઈએ બાયરનને આ કટાક્ષકૃતિ રચવાની ચાલના આપી. આશ્ચર્યની વાત એ છે કે, કવિ સધેની જ્યોર્જ ત્રીજા વિશેની પ્રશસ્તિ કવિતા ભુલાઈ ગઈ છે. પણ બાયરને એના પરથી રચેલી પેરડી 'ધ વિઝન ઑફ જજમેન્ટ' આજપર્યંત ટકી રહી છે. બાયરનનો કટાક્ષ એક સાથે બંને પર છે. રાજાને બાયરને આ રીતે વર્ણવ્યો છે -

this old, blind, mad, helpless, weak poor worm.

એ રાજા સ્વર્ગમાં પ્રવેશ માટે દ્વાર આગળ આવી ઊભો છે અને પોતાને વિશેના ચુકાદાની મૂંઝવણમાં મૂર્ખની જેમ રાહ જુએ છે. જુદાજુદા સાક્ષીઓની જુવાની ચાલે છે તે વખતે સેતાન સવિ સધેને લઈને ત્યાં આવે છે. એ એની કવિતા વાંચવા માંડે છે - એ વખતે સંત પીટર (Saint Peter) કવિને ઊંચકીને ફેંકે છે. એ સીધો પૃથ્વી પર એના તળાવમાં જઈને પડે છે. આ બધી ગરબડમાં રાજા જ્યોર્જ સ્વર્ગમાં સરકી જાય છે.

બાયરનની આ ત્રણ મહત્ત્વની કૃતિઓ, તેની પદ્યકથાઓ, તેનાં ઊર્મિકો વગેરેની તપાસ પછી બાયરનની ગણના એક મહાન નહીં તો ય સારા કવિ તરીકે કરવી પડે તેમ છે. અલબત્ત, અન્ય રોમૅન્ટિક કવિઓમાં એની મહત્તા વિશે વિવેચકો એકમત નથી. ઇંગ્લૅન્ડની બહારના યુરોપીય દેશોમાં બાયરન એની કવિતા દ્વારા જે કીર્તિ રળ્યો તેવી કીર્તિ ભાગ્યેજ કોઈ કવિ કમાયો હશે. પણ ઇંગ્લૅન્ડમાં એ સમર્થ કટાક્ષકાર તરીકે વિશેષ આદરપાત્ર છે, કવિ તરીકે એને ઉચ્ચ સ્થાનનો અધિકારી ગણવા અંગે મતભેદ છે. ❑

અનુસંધાન] સ્થાપત્યમાં પથ્થરનો વપરાશ [પૃ. ૩૫૨ પરથી

તેમાં ઉપયોગિતા વધુ મહત્ત્વની એ વધુ સાંદર્ભિક બની રહે છે. અશોકના શિલાસ્તંભો મનોરમ્યતા માટે નહીં પણ ચોક્કસ પ્રકારના સંદેશાના પ્રસાર તથા દૃઢીકરણ માટે બનાવાયેલા. કોઈ ઉદ્દેશ્ય ફળીભૂત કરવો તે તેની પૂર્વભૂમિકા હતી. આવા હેતુસર બનાવાયેલા શિલાસ્તંભોમાં ઉપયોગિતા જ મહત્ત્વની હતી. અશોકના સ્થપતિએ ક્યારેય આ શિલાસ્થંભોને બિનજરૂરી શણગારવાનો પ્રયત્ન નથી કર્યો. સંદેશાની રજૂઆત માટે તેને ધ્યાનાકર્ષક બનાવવા, તેમાં કંડરાયેલ સંદેશો લોકો વાંચવા પ્રેરાય તે માટેનો રસ જાગ્રત કરવો તથા આ સંદેશો ફરી ફરીથી યાદ આવ્યા કરે તે પ્રકારની રચના કરવી - શિલાસ્તંભોની આ મુખ્ય ભૂમિકા છે. આથી જ આ શિલાસ્તંભોને શિલ્પના નમૂના કરતાં સ્થાપત્યના નમૂના તરીકે લેખાય તે યોગ્ય છે.

સ્વતંત્ર ભારતની મુદ્રાના મૂળ સ્થાન સારનાથના શિલાસ્તંભ જેવા અન્ય શિલા-સ્તંભો ઉપરાંત મહાન અશોકના સામ્રાજ્યકાળમાં વિશાળ મહેલો, બૌદ્ધ વિહારો, વિશાળ સભાગૃહો વગેરે પણ બનાવાયેલાં. તે સમયના સભાગૃહોના અવશેષો આજે પણ બારાબાર પહાડી નજીક જોવા મળે છે. પર્સેપોલિસમાં તે સમયે હયાત સંખ્યાબંધ સ્તંભો પર ઊભેલા આચીમેનીડ રાજાના મહેલ જેવો વિશાળ અશોકનો મહેલ પણ પાટલીપુત્રની મધ્યમાં હતો જેના કોઈ અવશેષો આજે હયાત નથી. ❑

ભૂમધ્યને બે કાંઠે : ૩૬

ગાફસા અને સ્બેઈત્લા

પ્રીતિ સેનગુપ્તા

ટ્યુનિશિયાની અલ્જિરિયા સાથેની સરહદ સાથે સમાંતર જતા રસ્તે ઉત્તર તરફ, એટલે કે પાછા આધુનિક વિશ્વની દિશામાં, અમે જતાં હતાં. વચમાં ગાફસા ગામમાં રાત ગાળવાનાં હતાં. પર્વતમાળા અને રણ-પ્રસ્તારની વચ્ચે સર્જાયેલો એ પણ એક હરિયાળો રણદ્વીપ જ હતો. ઉપરાંત, ફોસ્ફરસની ઘણી ખાણ એ પરિસરમાં આવેલી હતી. આ વખતે વળી અમારી હોટેલ 'મામૂન' બરાબર ગામના કેન્દ્રમાં મુખ્ય રસ્તા પર જ હતી.

થોડીવાર પછી હું ચાલવા નીકળી. મસ્જિદ સુધી ગઈ. એ નવી ને સાધારણ દેખાવની હતી. વળી, બંધ પણ હતી. એક ઢોળાવ પર જતાં એક બજાર આવ્યું. ખાસ રસવાળું કશું હતું નહીં. સ્થાનિક લોકોની રોજની જરૂરિયાતોની ચીજો જ ત્યાં મળતી હતી. બીજો એક ધૂળિયો ઢાળ ગામના જાણીતા રોમન સ્નાનાગાર તરફ લઈ ગયો. ઇતિહાસનો સ્પર્શ તો થયો હતો ગાફસા ગામને. પછી તો એ મોટા જોડિયા હોજ સાર્વજનિક વપરાશમાં ફેરવી દેવામાં આવ્યા. અલબત્ત, વાપરવાની છૂટ તો છોકરાઓ અને પુરુષોને જ. સ્ત્રીઓને તો પર્દામાં રહેવાનું!

મેં જોયું ત્યારે થોડા છોકરાઓ પાણીની ઠંડક માણતા, મઝા કરી રહ્યા હતા. ત્યાં ઊગેલા બે ઊંચાં તાડમાંના એકની છેક ટોચ પર એક છોકરો ચડ્યો હતો. તે હવે કૂદ્યો, ને છેક નીચે પાણીમાં ખાબક્યો. ભયને એણે ક્યારનો મ્હાત કર્યો હતો.

ફરી હું મુખ્ય માર્ગ પર આવી, ને ટર્કિશ રાજ્યના સમયના, જૂના કિલ્લા તરફ ગઈ. આગળ-પાછળ થોડું ફર્યા પછી દીવાલોમાં બાકું જોયું, ને ડોકિયું કર્યું તો અંદર એક રંગમંચ બંધાઈ રહ્યો હતો. કશું જૂનું કે ઐતિહાસિક ત્યાં ન હતું. મેં સાંભળ્યું હતું કે, રણમાં વસેલા ઘણાં ગામ વારાફરતી સંગીત-નૃત્યના મહોત્સવો યોજતાં હોય છે. પ્રવાસીઓને ત્યાં જવાનું કારણ મળે, તે મુખ્ય પ્રયોજન. દૂઝમાં ૧૯૮૮માં આવો કાર્યક્રમ યોજાયો હતો, ને તઝરમાં ૧૯૮૯માં યોજાયો હતો. કદાચ હવે ગાફસાનો વારો હતો.

એ રાતે ઠંડક થઈ ગઈ હતી. સ્વચ્છ આકાશમાં ઊગેલો ચંદ્ર ઉજ્જ્વળ રજતવર્ણ પૂર્ણાકાર હતો. મારે બહાર જ બેસી રહેવું હતું. પણ સવારે સાડા છ વાગ્યે તો ગરમ દૂધ ને કૉફી પીને તરત નીકળી જવાનું હતું.

મીની-વાનમાંનાં અગિયારે મુસાફર ઊંઘના ઘેનને લીધે ઝોકાં ખાતાં રહ્યાં. બહાર દૃશ્યપટ વારંવાર બદલાતો રહ્યો - હમણાં સૂકો, પછી સુરેખ વાવેલાં ઑલિવનાં ઝાડવાળો, ક્યારેક ગોળ ભદ્દા ઢગલા જેવી ટેકરીઓ સાવ પાસે આવતી, તો ક્યારેક તદ્દન અલોપ થઈ જતી. એમ કરતાં કરતાં સ્બેઈત્લા આવી લાગ્યું.

ત્યાં કોઈ ગામ-બામ નથી. જોકે રસ્તાની ધારે બે-ચાર ઘર ને એક પેટ્રોલપંપ બાંધવામાં આવ્યાં હતાં. ઉત્તર આફ્રિકાના દેશોમાં જે મહોપસ્થિતિ ધરાવે છે તેવા એટલાસ પર્વતોની એક પંક્તિ દૂરની પશ્ચાદ્ભૂમાં છતી થયેલી હતી. અમે બસમાંથી ઊતર્યાં ત્યાં સૂકા, નિર્જન પરિસરમાં, અખંડ રહેલા ગૌરવવાળી એક સૌષ્ઠવમંડિત ઇમારત એકલીઅટૂલી ઊભી હતી. એક જમાનામાં એક રાજ્ય-નગરીનું એ પ્રવેશદ્વાર હતું.

સ્બેઈત્લા પહેલીથી ત્રીજી સદીમાં રોમન સામ્રાજ્યનું જાહોજલાલથી ભરપૂર એક નિવાસ-કેન્દ્ર હતું. હવે એ પશ્ચિમી પ્રવાસીઓમાં જાણીતા એવા 'રોમન ભગ્નાવશેષ' હતા. જાણે ભૂલમાં અખંડ રહી ગયેલા, હવે કરુણોપસ્થિતિના શાપવાળા, 'પ્રવેશદ્વાર'માં થઈને પેલી તરફ કાંકરાળા, ને તૂટેલા પથ્થરોના ટુકડાઓથી છવાયેલા, એ ભગ્નાતિભગ્ન 'રાજ્યપથ' પર થઈને એ સ્મૃતિશેષ નગરીના ઓજસ્‌ની કલ્પના કરતાં જવાનું હતું. હતાં ત્યાં કિલ્લા, બુરજો, રંગમંચ, પ્રાર્થના ગૃહો, સ્નાનાગાર અને લાક્ષણિક રોમન મંત્રણાલય - ફોરમ. ખંડેરો પોકારીને કહેતાં હતાં, 'જાહોજહાલી હતી, ગૌરવ હતું, સામ્રાજ્યનો તેજસ્વી કાળ હતો.' પ્રવાસીએ માની લેવાની હતી એ બધી વાતો, મૂકવાનો હતો વિશ્વાસ એ પોકારોમાં.

ક્યાંક પથ્થરમાં કોતરાયેલા રોમન અક્ષરો અને ક્રમાંકો નજરે ચડી જતા હતાં. ક્યાંક, તૂટી-ફૂટીને પડેલા કપચી-આકૃતિઓના ટુકડામાં હજી પણ રંગોની ઘેરાશ ને તાજગી દેખાતાં હતાં. એક સમયના શોભાન્વિત સ્તંભ હવે રખડતા, રવડતા ખંડ થઈને પડ્યા હતા. છેવટે, 'રાજ્ય-પથ'ને અંતે, બે સુંદર, લગભગ અખંડિત, સ્થાપત્ય-પ્રમાણ દેખાયાં. એમાં પહેલાં હતું ત્રણ કમાનોવાળું એક પ્રવેશદ્વાર. એક સમયે, એક નાના વિભાગને દીવાલોથી બદ્ધ કરી એમાં આ વધારે કારીગરીવાળું પ્રવેશદ્વાર મૂકવામાં આવ્યું હશે. આ માન્યતાની યથાર્થતાને સાબિત કરતાં હોય તે રીતે થોડે જ અંતરે ત્રણ લગભગ અખંડિત વિરચન છે, જે ત્રણ મંદિર હતાં તેમ કહેવાય છે. રોમન કાળની દેવત્રયી - જ્યુપિટર, જૂનો અને મિનરવા - માટેનાં આ પ્રસ્થાપન હતાં. મંદિરોના પ્રાંગણની જગ્યા છોડીને આસપાસ દીવાલો બાંધી દેવાઈ હશે. ઘાસ ને પથરાથી છવાયેલા પરિસરમાં આ બે સ્થાપત્યો કોઈ રીતેબચી ગયા હતાં, ને હજી પરિસર પર આધિપત્ય ધરાવતાં હતાં.

આવાં સૌષ્ઠવ, ગૌરવ અને અનિંદ્ય સ્થાપત્યો રચનાર પ્રજા કેવી હોય ? વીર ને ગૌરવશીલ જ માનીએને આપણે એને ? જે નગરીમાં સૈકાઓ પહેલાં, એવી તેજસ્વી પ્રજા ઐશ્વર્ય અને માનપૂર્ણ જીવન જીવતી હતી, ત્યાં હવે સામાન્ય, રીઢા પુરુષો બનાવટી સિક્કા અને નાનાં શિલ્પોને વેચવા પ્રવાસીઓની પાછળ પડે છે. કહે છે,

'રિઅલ' છે – એટલે કે, રોમનકાળનાં છે. ઇતિહાસની આ હાંસી છે, અપમાન છે. પણ જીવન આગળ ધપ્યા કરે એ જ તો વાસ્તવિક્તા છે.

સ્બેઈત્લા છોડીને હજી વધારે ઉત્તરે જતાં બે નદીઓ આવી. બંનેમાં વહેણ કરતાં વધારે તો કાદવ હતો, પણ બેઉ સાવ પાણી વગરની પણ ન હતી. આવી રીતે પાણી દેખાય તે સારું લાગતું હતું. જાણે એનાથી કશી આસાયેશ મળતી હતી. ખેતરોમાં કામ કરતી સ્રીઓનો પોપાક અહીં વળી કાંઈ જુદો જ હતો. પહેરવાની રીત લગભગ સરખી લાગે, પણ રંગો એકદમ ઘેરા હતા – કેસરી, ગળી જેવો ભૂરો, પોપટી લીલો. બધું ઢાંકી દેતાં આચ્છાદન ન હતાં. ફક્ત માથાં ઢંકાયેલાં હતાં. તે પણ કદાચ માથાને સૂર્યથી બચાવવા માટે જ હોય એમ પણ બને. નાનકડા દેશમાં પણ જુદાજુદા રીત-રિવાજોવાળા કેટલા બધા લોક-સમૂહો હતા ! ને જીવન જીવવાના કેટલા બધા પ્રકારો હતા ! હું તો એ બધું જોઈને અચંબો પામ્યા જ કરતી હતી.

રણ-પ્રદેશની ઘણી વિશિષ્ટતાઓની ઝલક પામ્યા પછી છેલ્લી એક જગ્યા જોવાની બાકી હતી. એ હતી કૈરુઆન નામની નગરી, ને એ પણ ઓછી વિશિષ્ટ ન હતી. એક તો ટ્યુનિશિયાનું પાંચમા નંબરનું એ શહેર હતું ને વસ્તી કેટલી ? એકાદ લાખની. બીજું, એ ત્યાં વણાતી અને વેચાતી જાજમો માટે વિખ્યાત હતું. ત્રીજું, એની આસપાસનો પ્રદેશ ફળદ્રુપ હોઈ ત્યાં ફળની અનેક વાડીઓ હતી. સૌથી વધારે ખ્યાતનામ હતી કૈરુઆનની ગ્રાન્ડ મોસ્ક એટલે કે મોટી મસ્જિદ. ટ્યુનિશિયાની સફરના છેલ્લા બે દિવસો આવા એક શહેરમાં વીતવાના હતા.

બપોરનું ખાણું પતાવ્યું એટલામાં તો બધા સ્પેનિશ પ્રવાસીઓ થાકી ગયા હતા. એમના દેશમાંની ટેવ પ્રમાણે એમને વામકુક્ષી માટે સમય જોઈતો હતો. તેથી બપોરે ચાર વાગ્યે અમે નીકળ્યા, ને જાજમોની એક દુકાનમાં જઈ પહોંચ્યા.

એક નાના ઓરડામાં વણાટ-કામ થઈ રહ્યું હતું. જરાક વાર તે બતાવી, બાજુના મોટા, વાતાનુકૂલ ઓરડામાં અમને દોરી જવામાં આવ્યાં. દુકાનના માલિકે 'મહેમાનો'ને આવકારના શબ્દો સરસ હાવભાવ સાથે, વિવેકપૂર્વક કહ્યા. દેશમાં લાક્ષણિક એ પ્રકારનું ચ્હાનું પાણી બધાંને આપવામાં આવ્યું. વ્યવસ્થિત રીતે ચાલીસેક જાજમો અમારી પસંદગી માટે ખોલવામાં આવી. ચારથી પાંચ યુવકો જાજમના વીંટા લાવવાનું, ફંગોળીને એમને ખોલવાનું કામ કરી રહ્યા હતા. પછી વારાફરતી દરેક જાજમને ઉપાડી, સરખી રીતે અમને બતાવતા. ત્યારે મોટા, વધારે અનુભવી સેલ્સમેન એનો ભાવ કહેતા, અને અમને બધાંને રસ પાડવા માટે પ્રોત્સાહિત કરતા. વધારે ગમેલી જાજમો ફરી સરખા ભાવ-તાલ કરવા માટે બાજુ પર મૂકી રખાતી.

ખરીદનાર તો એક જ વયસ્ક દંપત્તિ હતું. એમનાં કોઈ મિત્રોએ એક મંગાવેલી, કે એવું કંઈક કારણ હતું. મારે એક્કે ખરીદવી ન હતી. મને આખા એ વિધિમાં સમય બગડતો લાગતો હતો, પણ બધાંની વચ્ચેથી ઊઠી જઈને મારે ખોટી રીતે કોઈનું ધ્યાન ખેંચવું ન હતું. આમ તો જાજમો સારી હતી, ને બહુ મોંઘી પણ ના કહેવાય. છેવટે, એવી જ વ્યવસ્થિત રીતે એ બધી પાછી વીંટામાં વળાઈ ગઈ ત્યારે બીજાં કેટલાંકની સાથે હું ઊભી થઈ, ને બીજા ઓરડામાં 'કિલિમ' જોવા ગઈ. ત્યાંનો સેલ્સમેન અમેરિકન ડૉલર્સ, ક્રેડિટ કાર્ડ્ઝ, દસ ટકા વળતર વગેરેનો ઉલ્લેખ કરતો રહ્યો. મારી સાથે વાત કરતાં એણે જાણેલું કે હું ન્યૂયૉર્કમાં રહેતી હતી. થોડીવાર પછી જે માલિક હતો તેની મારા પર નજર ગઈ, ને એણે પેલા સેલ્સમેનને હું ક્યાંની હતી તે પૂછ્યું. પેલાએ 'ન્યૂયૉર્કની', એમ કહેલું. ખૂબ ટૂંકી, ને ધીમેથી થયેલી વાતચીત હતી, ને તે પણ અરબીમાં; પણ મારા સરવા કાને એ પકડી કાઢેલી, ખાસ કરીને ન્યૂયૉર્કના ઉલ્લેખથી. ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે ચાલીસેક મિનિટના એ નાટ્યાત્મક પ્રદર્શન દરમ્યાન માલિક-માણસે નહતું એકપણવાર મારી સામે જોયું, કે નહોતું મને પૂછ્યું – એક્કે ગમી કે નહીં. બીજા બધાંને તો ઘણાં પટાવવામાં આવેલાં. એ કોઈએ પણ કશું ખરીદ્યું નહોતું. પણ યુરોપનાં સફેદ નાગરિક હતાં ને !

કહેવાય છે કે, ટ્યુનિશિયામાં જાતિભેદ નથી, પણ રંગભેદથી લોકો સભાન છે એ તો સ્પષ્ટ થયું એ દુકાનમાં. એ દુકાનદાર માટે હું રૂપે-રંગે બરાબર એના ને એને ત્યાં કામ કરનારાં જેવી જ દેખાતી હતી, તેથી એનો મારા તરફનો વર્તાવ આદરપૂર્વક નહોતો. ન્યૂયૉર્કના ઉલ્લેખ, અને અમેરિકન ડૉલર્સનો સૂચિતાર્થથી પણ કશો ફેર ના પડ્યો; જોકે મારી ત્યાં હાજરી અંગેની એની ચિંતાનું થોડું શમન થયું હશે.

ત્રીજા વિશ્વની નાગરિકતાનાં ચિહ્ન ધારણ કરવાં, અને વિશ્વ-મૈત્રીની ભાવનાનું વહન કરવું, એટલે કઠિન પરિણામો પામતાં રહેવાં. ❑

કંકાવટી

કિરણ બેદી

કમલા પરીખ



કિરણ બેદીનું નામ તો ભારતવાસીઓથી અજાણ્યું નથી પણ પોતાનાં કાર્ય, અથાગ પ્રયત્નો, ધગશ, નીડરતા, સચ્ચાઈ, પ્રમાણિકતા અને માનવતાથી ઊભરાતાં કિરણ બેદી હવે તો ભારતનાં નહીં બલકે વિશ્વનાં હૈયે વસી ગયાં. એશિયાના સૌથી પ્રતિષ્ઠિત ઍવૉર્ડોમાંના એક ઍવૉર્ડ મેગસેસે ઍવૉર્ડના ૧૯૯૪ના વિજેતા તેઓ બન્યાં અને ત્યારે ભારતીય જનોની છાતી ગજગજ ફૂલી. આ ઍવૉર્ડ ફિલિપાઈન્સના દિવંગત રાષ્ટ્રપતિ રેમન મેગસેસેના નામથી ૧૯૫૯માં શરૂ કરવામાં આવેલો, જેમાં ૫૦,૦૦૦ ડૉલરનું પારિતોષિક આપવામાં આવે છે. કિરણ બેદીને આ સન્માન પ્રાપ્ત થયું તેથી સૌ-પ્રથમ તો આપણે તેમને અભિનંદન આપીએ.

આમ જુઓ તો નીચા કદનાં, ૪૫ વર્ષનાં અને અફગાન સૂટમાં સજ્જ કિરણ બેદી કદાચ પ્રથમ નજરે વ્યક્તિત્વની આભા આપણા મન પર ઉજ્પાવી ના શકે, પણ એમનામાં પડેલી ગજબની શક્તિ, શિસ્તબદ્ધતા, નીડરતા અને વેધક છતાં સ્નેહસભર આંખો એક અનોખી છાપ ઊભી કરી જાય છે. ફરજપરસ્ત, ક્યાંય ખોટી બાંધછોડ નહીં, દૃઢ નિશ્ચય અને છતાં માનવ પ્રત્યે માનવીય વર્તન - આવાં કાંઈ અજબગજબનાં મિશ્રણ જેવા પોલીસ અધિકારીને જ્યારે આવો શ્રેષ્ઠ ઍવૉર્ડ મળે ત્યારે તો આપોઆપ તેમની પ્રશસ્તિ થઈ જાય છે. ભ્રષ્ટાચારી આ સમાજમાં હીરાની જેમ ચમકતાં રહેવું એ કાંઈ નાનીસૂની વાત તો નથી જ. એમને મળેલા પ્રશસ્તિપત્રમાં રેમન મેગસેસે ફાઉન્ડેશને જણાવ્યું છે કે, એશિયામાં લોકો અને પોલીસ વચ્ચેનો સંબંધ વધુ તંગ છે. મોટાભાગના લોકો પોલીસને એક જરૂરી શેતાન ગણે છે. પણ, કિરણ બેદીએ આ સંબંધને પોતાની આગવી કાર્યપદ્ધતિથી ચાર ચાંદ લગાડી તેને ઉજ્જ્વલ બનાવવાના ભગીરથ પ્રયત્નો કર્યા છે અને તેમને તેમાં સફળતા પણ મળી છે.

કિરણ બેદી ભારતીય પોલીસ સેવામાં જોડાયાં તે પહેલાં તેઓ અનુસ્નાતક થયાં હતાં. એશિયા વિમેન્સ લોન ટેનિસના ૧૯૭૨માં તેઓ ચૅમ્પિયન થયાં. સૌપ્રથમ મહિલા આઈ.પી.એસ. અફસર થયાં પછી તો પોતાનાં હિંમતભર્યાં પગલાં ભરી અખબારોનાં પાનાં પર ચમકતાં રહ્યાં. જ્યારે તેમણે પોલીસ ચીફ ઑફિસર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી ત્યારે તેમનું જોમ અને જુસ્સો કંઈક જુદા પ્રકારનો હતો. બીજા અફસરો ગુન્હાઈત પ્રવૃત્તિઓને ડામવાની કામગીરી સિવાય બીજું કાંઈ કરતા નહીં ત્યારે આ સ્ત્રીએ ગુનેગારોને સુધારવાનું બીડું ઝડપ્યું. રવિશંકર મહારાજે ગુજરાતમાં બહારવટિયાને સુધારવાની જે પ્રવૃત્તિ કરી હતી તેવી જ ઝુંબેશ કિરણ બેદીએ ઉપાડી અને માણસાઈના દીવડા પ્રગટાવ્યા. દિલ્હીમાં ગેરકાયદે શરાબના વેચાણના ધીકતા ધંધાને ઝબ્બે કરવાનું કામ કાંઈ જેવુંતેવું નહોતું, પણ તેમણે નીડરતાથી અને અડગ નિર્ધારથી આ કામ ઉપાડી લીધું; અને આવા ધંધામાં સંડોવાયેલા લોકોને નવું જીવન શરૂ કરવા માટે મદદ કરવાનું કામ કર્યું. એમણે તો સુંદરમ્‌ની પેલી પંક્તિઓ જીવંત કરી બતાવી :

'હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં;
લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી.'

જોકે એમના આ કાર્યની મજાક તેમના સાથીઓ જ કરતા, જેમાંના કેટલાક તો આ ધંધો કરનારા બુટલેગરો સાથે સંકળાયેલા હતા. પણ કિરણ બેદી જેનું નામ. તે તો પીછેહઠ કરવાનું શીખ્યાં જ નહોતાંને ? તેમણે તો

તારી જો હાક સુણી કોઈ ના આવે તો
એકલો જાને રે'

એ ટાગોરની ભાવનાને પુરવાર કરી આપી. ૧૯૮૦માં જ્યારે અકાલી પ્રદર્શનો યોજાયાં ત્યારે ગુસ્સે થયેલા નિહંગો રસ્તા પર શસ્ત્રો લઈ નીકળી પડ્યા હતા. ત્યારે કિરણ બેદીએ નાનકડી લાકડી લઈ સામનો કર્યો હતો. અફસરો પોતાની નીચેના પોલીસોને હુલ્લડ શમાવવા ધકેલી દેતા ત્યારે આ નીડર નારી તોફાનો વચ્ચે કૂદી પડતાં. જ્યારે તેમને દિલ્હીના ટ્રાફિક ચીફની કામગીરી બજાવવા મૂક્યાં ત્યારે દિલ્હીના ટ્રાફિક પ્રશ્નોને હલ કરવા માટે કેવા સંનિષ્ઠ પ્રયત્નો તેમણે કર્યા હતા! ટ્રાફિક કન્ટ્રોલરની ફરજ વેળાએ તેઓ પત્રકારોને સાથે લઈ જતાં જેથી તેમની કામગીરી નજરોનજર નિહાળી શકે. પત્રકારો સાથે તેમના સંબંધો મીઠા હતા જે તેમને સહાયભૂત થતા. ક્રાઈમ રિપોર્ટરને તેઓ ખુલ્લા દિલથી માહિતી આપતાં. આમ, અખબારો સાથે કામ પાર પાડવાની કળા તેમણે હસ્તગત કરી હતી. ટ્રાફિક કંટ્રોલરની ફરજ બજાવતાં તેમણે ગેરકાયદે પાર્ક કરેલાં વાહનો ઊંચકીને લઈ જવાના કડક હુકમોનું પાલન કરાવ્યું. આવું પગલું કિરણ બેદી જ લઈ શકે, નહીં કોઈની શેહશરમ નહીં કોઈ લાગવગનું વળગણ. એટલે જ તો દિલ્હીના નાગરિકોએ તેમનું નામ 'ક્રેઈન બેદી' પાડ્યું હતું. એમનાં આવાં બીજાં અનેક કાર્યોથી તેઓ 'Fearless lady'નું ઉપનામ પણ

પામ્યાં છે.

જે જગા પર તેમની નિમણૂક થાય ત્યાં તે પ્રકાશ ન પાથરે તો કિરણ બેદી શાનાં ? જ્યારે તેમની બદલી નારકોટીક બ્યુરોમાં કરવામાં આવી ત્યારે પણ ટેબલવર્કમાં ગૂંથાયેલા હોવા છતાં સહકાર્યકરોમાં નવી ચેતના જગાડવાનું અનોખું કામ તેમણે કર્યું. દિલ્હીના પશ્ચિમ અને ઉત્તર જિલ્લાના નાયબ કમિશનરનો હોદ્દો તેમણે જ્યારે સંભાળ્યો ત્યારે ભીખ માંગનારાઓને તેમણે લોન અને સહાય મળે તેવી વ્યવસ્થા કરી, જેથી તેઓ કોઈ વ્યવસાય શરૂ કરી શકે. ડ્રગમાંથી મુક્તિ મેળવવાનાં કેન્દ્રો સ્થાપી માદક દ્રવ્ય વિરોધી અભિયાનમાં તેમણે સુંદર સહાય કરી.

પરંતુ આ બધાં કાર્યોના શિરમોર જેવી કામગીરી તેમણે તિહાર જેલનાં વડા તરીકે કરી. આ જેલ દેશના ખતરનાક કેદીઓથી ભરેલી હતી. આ કુખ્યાત જેલમાં ૯૦ ટકા કેદીઓ તો એવાં હતાં જેમની સામે ક્યારે ખટલો શરૂ થશે તેની રાહ જોવાતી હતી. પરિણામે કેદમાં પુરાઈ રહેવા સિવાય તેમનો છૂટકો જ નહોતો. ૧૯૯૩માં કિરણ બેદીની નિમણૂક ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પ્રીઝન્સ તરીકે થઈ ત્યારથી જાણે તિહાર જેલમાં સોનાનો સૂરજ ઊગ્યો. જેમના ખટલા માટે રાહ જોવાતી હતી તેવા કેદીઓ બીજા કેદીઓની સાથે કુછંદે ચઢીને રીઢા ગુનેગાર ન બની જાય તે માટે કિરણ બેદીએ ભગીરથ કાર્ય ઉપાડ્યું. કેદીઓનું જીવન સુધારવા માટે કેદખાનાને એક કાર્યરત શાળામાં પલટાવવાનું નક્કી કર્યું અને તેમના એ સંનિષ્ઠ પ્રયત્નોનું પરિણામ પ્રેરક પરિવર્તન લાવ્યું. જેલમાં મંજીરાં અને ઢોલકના તાલે કેદીઓની પ્રભાતફેરી શરૂ થઈ. પૂજા, અર્ચના, બંદગીને સ્થાન મળ્યું. યોગ, વ્યાયામની વ્યવસ્થા થઈ. ક્રિડાંગણ થયું, રમતગમતોનો પ્રબંધ થયો. સવાર-સાંજ પ્રાર્થના થવા લાગી. આનંદપ્રમોદનાં સાધનો દ્વારા કેદીઓને મનોરંજન પૂરું પાડવામાં આવ્યું. દરેક જાતિના તહેવારોની ઊજવણી કરવામાં આવતી. જેની જેવી આવડત અને રુચિ તેવું કામ તેમને સોંપવામાં આવ્યું. મહિલાઓ માટે સીવણ, ભરત, કાંતણ, ચિત્રકામ, એમ્બ્રોઈડરી, ગૂંથણ જેવી પ્રવૃત્તિઓથી તિહાર જેલ ધમધમવા લાગી. આમ, કિરણ બેદી કોઈનાં બહેન, કોઈનાં મા અને સહુનાં દોસ્ત બની ગયાં. જેલમાં પ્રૌઢશિક્ષણનો કાર્યક્રમ શરૂ થયો. પુસ્તકાલયની વ્યવસ્થા થઈ, અંગ્રેજી, ઉર્દૂ, હિંદીના વર્ગો શરુ થયા. શીખનાર અને શિખવાડનાર પણ કેદીઓ જ હતા. આ પ્રવૃત્તિનો હેતુ એ હતો કે આળસથી, કુવિચારોથી અને નઠોરતાથી બચી કેદીઓ ગુમાવેલું ગૌરવ પાછું મેળવે અને સમાજ તથા પરિવારની સેવા કરે. જેલમાં હરરોજ અખબાર વાંચી સંભળાવવામાં આવે છે. બાવીસ અખબારો જેલમાં મંગાવવામાં આવે છે. મહિલાઓના વૉર્ડમાં ઘણી સુવિધાઓ આપવામાં આવી છે. બાળકોની દેખભાળ પણ સરસ રીતે રાખવામાં આવે છે. તેમને માટે પિકનિક ગોઠવવામાં આવે છે. mobile dental clinic, કૉમ્પ્યૂટર સેન્ટર, વૉર્ડોની મહાપંચાયતની યોજના પણ કરવામાં આવી છે. આ બધી પ્રવૃત્તિઓની ભીતરમાં છે કિરણ બેદીના હૈયામાંથી વહેતું માનવતાનું ઝરણું. તેઓ માને છે કે કેદીઓ પ્રાણીસંગ્રહાલયનાં પ્રાણીઓ કે અજાયબ ઘરની અજાયબી નથી. તેઓ માનવી છે માટે જેલમાં રહેનાર દરેક વ્યક્તિને સન્માન મળવું જોઈએ. જેલના વાતાવરણમાં તેઓ નવી ચમકદમક લાવ્યાં છે. તેઓ કહે છે કે જેલ એ જ કેદીઓની સજા છે તો પછી જેલમાં તેમના પ્રત્યે નિર્દય અને અમાનવીય વર્તન કરી તેમને બેવડી સજા આપવાની શી જરૂર ? જેલમાં પ્રેસને, અન્ય જનોને આવવાની છૂટ છે. તેમણે તો કેદીઓ ઉપરાંત જેલના અધિકારી-કર્મચારીઓ માટે Family welfareનો પ્રસ્તાવ મૂક્યો, જેથી તેમના કુટુંબની બહેન, દીકરી Factory workshopની યોજનામાં જોડાઈ આર્થિક રીતે સદ્ધર બને અને ઈમાનદારીથી કામ કરી કુટુંબને મદદગાર થાય. નેહરુ રોજગાર યોજના અંતર્ગત સ્ત્રીઓ માટે ભરત-ગૂંથણ, cutting, એમ્બ્રોઈડરીની સગવડ કરવામાં આવી છે. તેમાં પુરાણા વિચારોમાંથી બહાર નીકળી જેલના કર્મચારીઓના કુટુંબની મહિલાઓ જોડાય તેવો આગ્રહ અને અભિગમ રાખ્યો છે. જેલ માટે તો આ મહિલાએ શું નથી કર્યું ? કેદીઓના ભોજનની ગુણવત્તા વધારી છે. જેલમાં જે ભોજનની બંધી હતી તે દૂર કરી સપ્તાહમાં બે વખત ખીર, ઈંડાં, ફરમાશ પ્રમાણે વાનગી આપવાનું શરૂ કર્યું છે. કેદીઓને લખતાંવાંચતાં કર્યાં છે. બોધપ્રદ કઠપૂતળીના ખેલ ગોઠવાવા લાગ્યા. જેલમાં બૅન્કની સેવા શરૂ થઈ. સળિયા પાછળની જિંદગીમાં જાણે નવું ચેતન પ્રવેશ્યું. કેટલાક કેદીઓએ સહકાર સમાજની કૉલેજમાંથી ઉચ્ચ ડિગ્રી મેળવી. કેટલાક કલાકાર કેદીઓ પોતાની કલાને જીવંત કરી શક્યા અને આ બધામાંથી થતું આર્થિક ઉપાર્જન તેઓ જેલની બૅન્કમાં જમા પણ કરાવી શક્યા છે. કેદીઓના જીવનને એક નવો વળાંક મળ્યો છે. કિરણ બેદીએ 'Worship to mankind is worship to God' એ સૂત્ર બરાબર પચાવ્યું લાગે છે. માણસનું માણસ તરીકેનું મૂલ્ય એક મહિલા પોલીસ અફસર આંકીને કુખ્યાત કેદીઓનાં દિલ જીતી લે ત્યારે એમનાં શાં શાં ગુણગાન કરવાં ? કેદીઓનાં દિલમાં ઉમદા ભાવનાની જ્યોત પ્રગટાવવા માટે જહેમત ઉઠાવી તેમણે પૂરવાર કરી આપ્યું કે :

'As one lamp lights up another
so nobleness enkindleth nobleness'

આ મહિલા પોલીસ અફસરે વિશેષ ગજું કાઢ્યું છે. વધુ પડતાં ઉત્સાહી અને મનનું ધાર્યું કરનાર આ નારીને સહન પણ

કરવું પડ્યું છે. એંશીના દાયકામાં ડાકુઓની ટોળી પર ગોળીબાર કરવાના તેમણે આપેલા હુકમથી એક છોકરીનું મૃત્યુ થયું ત્યારે વિરોધપક્ષો તેનના પર તૂટી પડેલા. તેમની દીકરીને મેડિકલ કૉલેજમાં પ્રવેશ મળ્યો ત્યારે પણ ધાંધલ મચી ગયેલી. સ્થાનિક વકીલને તેના હુકમોના કારણે હાથકડી પહેરાવી લઈ જવામાં આવ્યા ત્યારે બધા વકીલો તેમની સામે પડી ગયા હતા. આ બધા સંઘર્ષો સામે ઝઝૂમતી અને વિજયી બનતી આ સ્ત્રી માટે આવી બાબતો ગૌણ હતી. ફરજ પ્રત્યે નિષ્ઠા તથા ક્યાંય ખોટું ઝૂકવું નહીં એ તેમનો જીવનમંત્ર. કિરણ બેદીને તેમની નોકરી દરમિયાન ગુનાખોરીને અંકુશમાં રાખવા, કાયદાની પ્રતિભા સુધારવા, જેલમાં સુંદર પરિવર્તન લાવવા બદલ ૧૯૯૪નો મેગસેસે ઍવૉર્ડ પ્રદાન કરવામાં આવ્યો છે. જ્યારે આ સમાચાર તેમને પ્રાપ્ત થયા ત્યારે પ્રભુકૃપા માની તેઓ રોમાંચિત થઈ ગયાં અને પોતાનો આનંદ કેદીઓ, સ્ટાફના મિત્રો અને અધિકારીઓ સાથે વહેંચ્યો. પણ આ બધામાં કેદીઓનાં આનંદની તો કોઈ સીમા નહોતી. તેઓ તો ઢોલકના તાલે નાચ્યા, પુષ્પો અને ગીતોથી તેમની અધિષ્ઠાત્રી કિરણ બેદીને નવાજ્યાં. આ બતાવે છે કે તેઓ કેદીઓને પોતાનાં સ્વજન માનતાં હતાં. આ સમાચારનો પ્રતિભાવ આપતાં તેમણે કહ્યું કે, આ ઍવૉર્ડ જેલના હજારો કેદીઓનો અને બહારના લોકોનો એટલે કે મારી એકલીનો નહીં પણ અમારા બધાનો ઍવૉર્ડ છે.

ધગશના ધસમસતા ધોધ જેવાં, પ્રમાણિકતાના પ્રતિનિધિ, માનવતાના છલકાતાં મહેરામણ, સતત કાર્યશીલ, ભ્રષ્ટાચારના ભોરિંગ વચ્ચે પણ પોતાની આગવી છાપ ઊભી કરતાં કિરણ બેદી તમે જે કાર્યો કર્યાં છે તે માટે આજે સમગ્ર મહિલા જગતનું મસ્તક ઉન્નત થયું છે.

સૂર્યકિરણ જેવાં તમારાં કાર્યોથી તમે દેશને ઉજ્જવલ કર્યો છે અને ચાંદીનીનાં શીતળ કિરણો સમાન સહાનુભૂતિપૂર્ણ વર્તાવથી જેલમાં શીતળથા પાથરી છે. તમે તિહાર તુરંગને અનોખો આશ્રમ બનાવ્યો છે. તિહાર જેલના પાટિયાં ઊતરી ગયાં છે અને તેને સ્થાને તિહાર આશ્રમ એ શબ્દો ગોઠવાઈ ગયા છે. ધન્ય છે તમને, તમારાં કાર્યોને, તમારી હિંમતને અને તમારામાં ઊભરાતા માનવ પ્રત્યેના અભિગમને આવા ઍવૉર્ડ તમને પ્રાપ્ત થતા રહે એ અમારી સહુની શુભકામના છે. ❑

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃ. ૩૭૦ પરથી

ફુંક રહા હૈ જિગર
પડ રહા હૈ મગર મુસ્કરાના,
હાયે હાયે યે જાલિમ જમાના.

(૧. સ્થાયી-કાયમી, ૨. નવો ચન્દ્ર ૩. હાલત ૪. અત્યાચાર)

મજરુહે ગીતો પણ એવાં અવનવાં આપ્યાં જેમાં તેઓ જો દર્દ ન પરોવે તો કહેવું પડશે કે તો તે મજરુહ નહીં. 'અંદાઝ'માં...

'ઝૂમ ઝૂમ કે નાચો આજ, ગાઓ ખુશી કે ગીત' કહેનાર કવિ પાછા પોતાના અસલ દર્દના તાનમાં કેવા સરકી આવે છે !

'દેખો તો કિતના ખુશ હૈ જમાના,
દિલમેં ઉમંગે લબ પે તરાના.
દિલ જો દુખે આંસૂ ન બહાના,
યે તો યહાઁ કા ઢંગ પુરાના.

તેમજ સચીનદેવ બર્મને જેને સંગીતે મઢ્યું તે 'સુજાતા' ફિલ્મનું આ ગીત જેને તલતે ગાયું. ફિલ્મમાં સુનીલદત્ત ગાય છે અને સામે ટેલિફોન-રિસીવર પકડીને નૂતનને નિર્માતાએ કેવા અંદાઝથી રડતી બતાવી છે ! ગીત મજરુહે જ રચ્યું છે.

'જલતે હૈ જીસ કે દિયે
જીસકી આંખો કે લિયે,
ગીત લાયા હૂં વો હી
ગીત મૈં તેરે લિયે... જલતે હૈં...

છતાં આ શાયરે એ વાતનો સ્વીકાર તો કર્યો જ છે કે,

હમને હર તરહ કે ફૂલ
હાર મેં પિરો લિયે,
ચાંદની મિલી તો હમ
ચાંદની મેં સો લિયે.

આ શાયર ક્યારેક મોસ્કોવાદી બનેલા, પણ તેઓ જાણીતા તો ત્યારે અને આજેય કવિ મજરુહ સુલતાનપુરી તરીકે જ રહ્યા છે. અનેક ગઝલો સાથે મજરુહ સુલતાનપુરીએ ૪૦૦થી વધારે ફિલ્મોમાં ૨,૦૦૦થી વધારે ગીતો પણ લખ્યાં છે. શાહજહાં, અંદાઝ, સી.આઈ.ડી., પેઈંગ ગેસ્ટ, ચલતી કા નામ ગાડી, સુજાતા, કાલા પાની, બમ્બઈ કા બાબુ, મેરે સનમ જેવી અનેક ફિલ્મોમાં તેમણે ગીતો રચ્યાં અને આજેય ૭૫ વર્ષને વટાવી જનાર આ કવિ સદાબહાર બની અનેક ચૈતન્યમયી રચનાઓનો સરવાળો કર્યે જ જાય છે. દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ પૂર્વે આ કવિને ઈકબાલ ઍવૉર્ડ પણ અર્પણ કરવામાં આવેલો. આવા ટોચના કવિને જ્યારે ફિલ્મ સૃષ્ટિનો સર્વોચ્ચ પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો છે ત્યારે આપણે પણ તેમની આ પંક્તિઓ દ્વારા તેમને જ અભિનંદન આપીએ કે આવતીકાલ પણ આ ઉર્દૂ શાયરને કાયમી સંભારણું બનાવશે જ :

ન હમ હોંગે ન તુમ હોંગે
ન દિલ હોગા મગર ફિર ભી
હજારો મંજિલે હોંગી
હજારો કારવાં હોંગે.

૮૦૦મો અંક અને આપનું લવાજમ


આપનું લવાજમ જો જુલાઈ ઑગસ્ટ કે સપ્ટેમ્બરમાં પૂરું થતું હોય તો તે ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં મોકલી આપશો. ત્યાર પછી લવાજમ મોકલનારને ૮૦૦મો અંક સિલકમાં હશે તો જ મળશે.

કલાવાર્તા

ફોટો કલાકાર - પ્રાણલાલ પટેલ અને આનંદ પટેલ

'કુમાર'ના ત્રણેક દાયકા પહેલાંના વાચકોને ફોટો કલાકાર પ્રાણલાલ પટેલનું નામ અપરિચિત નથી. 'કુમાર'ના પ્રકાશન ઉપરાંત કુમાર કાર્યાલયમાં જે વિવિધપ્રવૃત્તિ ચાલતી હતી તેમાં બુધવારની કાવ્યસભાની જેમ એક 'કુમાર કૅમૅરા ક્લબ' પણ ચાલતી. દર શુક્રવારે તેના સભ્યો એકઠા થતા અને પોતાની નવી ફોટોકૃતિઓ તથા ફોટોગ્રાફીને






ફોટોકલાકાર પ્રાણલાલ પટેલ અને એમનું એક સુંદર ફોટોચિત્ર-સંયોજન

લગતા અવનવા અનુભવો અને પ્રશ્નો રજૂ કરતા. એ ફોટોચિત્રોનાં વિવિધ પાસાં અંગે ચર્ચાઓ થતી અને ફોટોગ્રાફી અંગેની બીજી અનેક અવનવી માહિતીઓની આપ-લે થતી. આગળ જતાં આ કૅમેરા ક્લબનું 'નિહારિકા' નામે રૂપાંતર થયું અને કાળાંતરે આ 'ધ સોસાયટી ઑફ ગુજરાત પિક્ટોરિઆલિસ્ટ્સ'નું મંડળ ફોટોગ્રાફીના ક્ષેત્રે દેશવિદેશમાં ખ્યાતિ પામ્યું. આ 'નિહારિકા'ના એક સભ્ય પ્રાણલાલ પટેલ પણ હતા.

ઈ.સ. ૧૯૧૦ની પહેલી જાન્યુઆરીના રોજ જામનગર જિલ્લાના કેશિયા ગામે એક ખેડૂત કુટુંબમાં એમનો જન્મ. બચપણમાં જ માતાની છત્રછાયા ખોઈ બેસતાં એમનો ઉછેર મોસાળમાં જ થયો. એ કાળની વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષા આપી રાજકોટની હંટર મેઈલ ટ્રેનિંગ કૉલેજમાંથી શિક્ષક તરીકેનું પ્રમાણપત્ર મેળવ્યું અને અમદાવાદમાં પ્રથમ મજૂર મહાજનની અને પછી મ્યુનિસિપાલિટીની ગુજરાતી શાળામાં કાયમી શિક્ષક બન્યા. રોજિંદાં કામકાજો ઉપરાંત જીવનમાં કંઈક વ્યાસંગ પણ કેળવવા એમણે સંગીતનો શૉખ વિકસાવવા વિચાર્યું. દિલરૂબા અને હાર્મોનિયમ વસાવી તેના પર હાથ બેસાડવા આરંભ કર્યો. એ જ અરસામાં એમણે મણિનગરમાં ઘર પણ ભાડે રાખ્યું. અહીંના વકીલ ઘરધણીના પુત્રને ફોટોગ્રાફીનો શૉખ. એ સમયવયસ્કની મૈત્રીમાં પ્રાણલાલને પણ ફોટોગ્રાફીમાં રસ પડ્યો. વાજાપેટી ને દિલરૂબા બાજુએ મૂકી એમણે એક પ્લેટ કૅમૅરા વસાવ્યો. પેલા મિત્રના કાર્ય અને માર્ગદર્શનમાં દિનબદિન ફોટોગ્રાફીમાં હાથ જમાવવા માંડ્યો. શિક્ષણકાર્યની ફરજ પછી બાકીનો સમય એ ફોટોગ્રાફી પાછળ જ મચી પડ્યા અને એમાંથી થોડી આવક પણ વધારી. કૅમૅરા એમનો હંમેશનો સાથી બની રહ્યો અને એથી એક દિવસ શાળામાં વર્ગમાં એમનો કૅમૅરા લટકતો જોઈને શાળાની મુલાકાતે આવેલા એડ્મિનિસ્ટ્રેટરે ટકોર કરી, અને બસ, પ્રાણલાલે માસ્તરગીરીને તિલાંજલિ આપી દીધી ને ફોટોગ્રાફીને જ અપનાવી લીધી. ધીરે ધીરે

જામી ગયેલી એટલે મૈસુર, વડોદરા, રાજકોટ, જસદણ વગેરેના રાજઘરાનામાં પણ લગ્નપ્રસંગોએ ખાસ આમંત્રણોથી એમણે ફોટોગ્રાફી કરી તેમાં સારાં માનપાન ને પુરસ્કારો મેળવ્યાં છે. જામનગરના ગોસ્વામી વ્રજભૂષણલાલજી મહારાજની આખી વ્રજયાત્રાને ફોટોબદ્ધ કરવાનું કામ એમણે કરેલું ને સારા માન સાથે પુરસ્કાર પામેલા. બીજી બાજુ દેશ-વિદેશનાં ફોટો-પ્રદર્શનો અને સ્પર્ધામાં પણ ભાગ લેતા રહી એમાંયે ઘણાં માનચાંદ મેળવ્યાં છે. વિદેશવાસી ફોટોરસિયા અનેક ગુજરાતી ઘરોમાં એમની કૃતિઓ સંઘરાયેલી છે. અમદાવાદમાં ગાંધી આશ્રમ, હવાઈ મથક, દૂરદર્શન, આકાશવાણી, રાજ્યના માહિતીખાતા અને પ્રવાસ નિગમનાં





ગોકુલના ગોર ● પ્રાણલાલનું એક જાણીતું ફોટોચિત્ર ● જમણી બાજુ : આનંદ પટેલ

તેમાં પ્રગતિ સાધવા સાથે સારી આવક પણ મેળવવા માંડી.

એમને ફોટોગ્રાફી તરફ વાળનાર પેલા મિત્ર એ જાણતા ફોટોકલાકાર બનનાર (સ્વ. મેજર) બલવંત ભટ્ટ. એમના થકી પ્રાણલાલ 'કુમાર' અને તેની કૅમેરા ક્લબના સંપર્કમાં પણ આવેલા. 'કુમાર'ની ફોટો-હરીફાઈમાં પણ ભાગ લેતા. તેમાં ઇનામો પણ લીધાં. 'કુમાર'નાં તેરમા વર્ષ આસપાસનો એ કાળ. આગળ જતાં 'કુમાર'માં એમના બીજાં ફોટોચિત્રો પણ પ્રકટ થતાં રહેલાં. 'ધરતીનો ધણી', 'જોડિયા' અને કાશ્મીરનાં એમણે લીધેલાં સુંદર દૃશ્યચિત્રો કદાચ ઘણાને યાદ હશે. લોકજીવનનાં વિવિધ પાસાંનાં ચિત્રોમાં એમને કંઈક વધુ રસ એ કાળથી જ રહેલો અને એવાં એમણે પુષ્કળ ચિત્રો સર્જ્યાં છે. પ્રવાસનાં પણ એ શૉખીન. દેશનો ઘણોખરો ભાગ એ ખૂંદી વળ્યા છે અને એ દરેક સ્થળનાં એમણે મબલખ સુંદર ફોટોચિત્રો ઉતાર્યાં છે.

ફોટોગ્રાફી-ક્ષેત્રે એમની નામના પણ દફતરો એમનાં વિશાળ સુંદર ફોટોચિત્રોથી આભૂષિત છે. દેશનાં અને વિદેશનાં અનેક અગ્રગણ્ય સામયિકોમાં પણ એમના ફોટો પ્રકટ થતા રહ્યા છે. રાજ્યની લલિતકલા અકાદમીએ પણ એમને સન્માન્યા છે. આજે એંશી ઉપરની વયે પણ તેઓ એટલા જ સક્રિય છે.

એમનાં પત્ની દમયંતીબહેને પણ ફોટોગ્રાફીમાં સારી સિદ્ધિ મેળવેલી છે. આગવી સૂઝ અને રુચિ પ્રમાણે આગવી રીતે એમણે પણ અનેક સુંદર અને






લજ્જા

[ફોટો : આનંદ પટેલ]

નીચે : વીતેલા કાળની સ્મૃતિ

કુતૂહલ



ભાવદર્શક ફોટોચિત્રો સરજીને ખ્યાતિ અને માનગૌરવ મેળવેલાં.

અને પુત્ર 'આનંદ ? એનો તો ઉછેર જ ફોટોગ્રાફી વચ્ચે થયો. દૃષ્ટિ અને પ્રતિભાવંત કોઈ પણ ફોટોગ્રાફર પ્રેરાય એવા બધા વિષયોમાં એણે પણ સુંદર ફોટોચિત્રો સરજીને દેશ-વિદેશમાં નામના અને પારિતોષિકો મેળવ્યાં છે. ગુજરાત સરકારે એમની પાસે ગુજરાતનાં સ્થાપત્યો અને તીર્થસ્થાનો ફોટોબદ્ધ કરાવ્યાં છે. સમગ્ર ભારત ઉપરાંત પૂર્વપશ્ચિમના અનેક દેશોમાં ઘૂમીને એમણે સુંદર ફોટોસર્જનો કર્યાં છે. ફોટોગ્રાફીની બધી પ્રક્રિયાઓ પણ એ જાતે જ કરે છે. મુંબઈમાં 'આગ્ફાલેબ'માં એમણે રંગીન ફોટોગ્રાફીની ટેક્નિકોની તાલીમ લીધી છે.

જર્મનીમાં આગ્ફાની એક વિશ્વસ્પર્ધામાં અને 'ફોટોનિકા'ની સ્પર્ધાઓમાં એમણે અવ્વલ સ્થાન પ્રાપ્ત કરેલાં છે. તેમજ જાપાનની નિકોન હરીફાઈમાં પણ અગ્ર રહ્યા છે.

અભ્યાસકાળમાં રાયફલના શૂટિંગમાં અચ્છા નિશાનબાજ રહેલા આનંદ પટેલ ફોટો-શૂટિંગમાં પણ એવી જ તીક્ષ્ણ દૃષ્ટિ ધરાવે છે અને પોતાની આગવી સૂઝબૂઝથી ઉમદા ફોટોસર્જન કરે છે. - **બ. દલાલ**

અનુસંધાન] શિકાકાઈ [પૃ. ૩૪૮ પરથી

લીંબોળીનો ભૂકો કે લીમડાનાં પાન ૨૫ ગ્રામ. આ બધું આખું-પાખું (અધકચરું-મોટું) ખાંડી ભૂકો ભરી લો. તેમાંથી ૨૫-૩૦ ગ્રામ ભૂકો ૭૫૦ ગ્રામ પાણીમાં નાખી ખૂબ ઉકાળો. ૫૦ ગ્રામ પાણી શેષ રહેથી તે કપડેથી ગાળી લો. આ ઉકાળાથી માથાના વાળ ધોવાથી વાળ એકદમ સ્વચ્છ, સુંદર, સુંવાળા અને તેજસ્વી કાળા બનશે. આધુનિક હેર શેમ્પુનો દીર્ઘ ઉપયોગ વાળને જલદી ખરબચડા, ટૂંકા અને રોગિષ્ટ બનાવે છે. તેથી વાળ જલ્દી ખરી જઈ શકે છે એ જલ્દી સફેદ પણ થઈ શકે છે. આ હર્બલ શેમ્પુ કે જે ભારતમાં હજારો વર્ષથી રીતે વપરાય છે તેના ઉપયોગથી કદી ઉપર કહી તેવી સમસ્યાઓ નહીં થાય અને વાળનું આરોગ્ય ઉત્તમ રીતે જળવાશે. ❑

દાદાસાહેબ ફાળકે ઍવોર્ડથી પુરસ્કૃત

મજરુહ સુલતાનપુરી

ડૉ. રજનીકાંત જોશી



પંજાબી કવિ અમરનાથ કૌસ્તુભે પોતાની કાવ્ય પ્રકૃતિ પરત્વે કહ્યું છે કે : 'બાત પૈ ચલા કિએ, લૌ લગે જલા કિએ' અને આ જ પ્રકારનો અભિગમ અપનાવ્યો છે ઉર્દૂ શાયર મજરુહ સુલતાનપુરીએ કે, 'જો ગુજરે વહી કહો' અર્થાત્ અભિવ્યક્તિ તો અનુભવ પરિપ્રેક્ષ્યની હોય તો જ કરવી, અન્યથા નહીં જ. આવાં જ કારણોને લઈને મજરુહ સુલતાનપુરી ઉર્દૂ સને હિન્દી કવિ-સૃષ્ટિમાં એક સશક્ત તથા ટોચના શાયર તરીકે વિગત પચાસેક વર્ષથી પોતાના કાવ્યારંભથી તે છેક આજ સુધી ખ્યાતિ પ્રાપ્ત કરતા રહ્યા છે. તેમને તાજેતરમાં ૧૯૯૩ના વર્ષના ૪૭મા રાષ્ટ્રિય ફિલ્મ પુરસ્કાર મહોત્સવમાં હિન્દી ફિલ્મોનો સર્વોચ્ચ સન્માન્ય એવો દાદાસાહેબ ફાળકે એવોર્ડ એનાયત થશે. પોતાનાં વિતેલાં વર્ષોને યાદ કરતાં તેઓ આજે કહે છે કે, 'મૈં અકેલા હી ચલા થા જાનિબે-મંજિલે મગર લોગ સાથ આતે ગયે ઔર કારવાઁ બનતા ગયા.'

આમ થવું સ્વાભાવિક પણ છે જ કે, જેમના જીવન અને સ્વભાવમાં સતત ગીતોની લયાત્મકતા ગુંજ્યા કરે એ સ્વરોનો સાથ કોણ છોડે ! છેક ૧૯૪૭-૪૮માં રચાયેલી મજરુહની આ રચના આજે પણ કોના હૈયાથી ખસી શકી છે ? સંગીતકાર નૌશાદે ગાયક મુકેશના કંઠમાં મૂકેલું આ ગીત આજેય ગુંજ્યા કરે છે :

તૂ કહે અગર મૈં જીવનભર ગીત સુનાતા જાઉં
મન બીન બજાતા જાઉં
ઔર આગમેં દિલ કી હર દિલમેં લગાતા જાઉં
દુઃખ દર્દ મિટાતા જાઉં

'અંદાઝ' ફિલ્મનાં બધાં જ ગીતો 'હમ આજ કહીં દિલ ખો બૈઠે, (ગાયક મુકેશ), 'ડર ના મોહબ્બત કર લે' (લતા, શમશાદ), 'કોઈ મેરે દિલમેં ખુશી બનકે આયા' (લતા), 'ટૂટે ના દિલ ટૂટે ના' (મુકેશ), 'ઝૂમ ઝૂમ કે નાચો આજ' (મુકેશ), 'યું તો આપસમેં બિગડતે હૈ (લતા, રફી), 'મેરી લાડલી રી બની હૈ, તારો કી તૂ રાની' (લતા), 'ઉઠાયે જા ઉનકે સિતમ' (લતા) અને 'તોડ દિયા દિલ મેરા તૂને અરે બેવફા (લતા)ને સંગીતકાર નૌશાદે એવાં તે સંગીતબદ્ધ કર્યા કે શાયર મજરુહ સુલતાનપુરીને આ ગીતોએ ટોચની ખ્યાતિ અપાવી તે આજ પર્યંત તેમનું સ્થાન લગીરે નીચું હઠ્યું નથી.

ઈ.સ. ૧૯૧૯ની ૧લી ઑક્ટોબરે યુક્ત પ્રાંતના સુલતાનપુરમાં પોલીસ કૉન્સ્ટેબલને ત્યાં જન્મેલા ઇસરાહુલ હુસૈનખાને પર્શિયન ભાષામાં શિક્ષણ મેળવ્યા પછી 'હકીમ' તરકેની કેળવણી પણ મેળવી, પરંતુ તેમને પ્રસિદ્ધિ તો મુંબઈના ફિલ્મજગતે જ અપાવી. તેમણે 'મજરુહ સુલતાનપુરી'ના તખલ્લુસથી ઉર્દૂમાં શેર-શાયરી, ગઝલો અને હિન્દીમાં ગીતો રચ્યાં.

ઉર્દૂ, ફારસી અને અરબીમાં શિક્ષણ મેળવી તેઓ 'મૌલવી', 'આસિમ' અને 'ફાઝિલ' જ ગઝલોને કારણે જ વધારે ધ્યાન ખેંચતી રહી છે. જેમ કે,

'અબ ખુલ કે કહૂઁગા હર ગમે દિલ
મજરુહ નહીં વો વક્ત કિ જબ
અશ્કોં મેં સુનાના થા મુઝકો,
આહોંમેં ગઝલ-ખ્વાં હોતા થા

કવિને વાસ્તવિક જીવનમાં સખત સંઘર્ષ કરવો પડ્યો છે, તેઓ કહે છે,

'બચા લિયા મુઝે તૂફાં કી મૌજને વર્ના
કિનારે વાલે સફીના મેરા ડૂબો દેતે'

અર્થાત્ સંઘર્ષે જ તેમને જીવન બક્ષ્યું, અન્યથા જીવનની નૌકા આગળ ધપત જ નહીં ને ! એટલે જ નૈરાશ્યને દફનાવીને આશાવાદી શાયર ગાઈ ઊઠે છે કે,

અબ જમીન ગાયેગી હલ કે સાજ પર નગ્મે
વાદિયોં મેં નાચેંગે, હર તરફ તરાને સે
યે રુકે-રુકે સે આંસું યે દબી-દબી સી આહેં
યું હી કબ તલક ખુદાયા ગામે-જિન્દગી નિવાહે
યાદ કર વો દિન જિસ દિન તેરી સખ્તગીરી પર
અશ્ક ભર કે ઊઠી થી મેરી બેગુનાહી ભી
વો તક રહે થે હમી, હંસ કે પી ગયે આંસૂ
વો સુન રહે થે, હમી કહ સકે ન અફસાને

અને છેક ૧૯૪૬માં નિર્માતા-નિર્દેશક એ.આર. કારદારે 'શાહજહાં' ફિલ્મ ઉતારેલી અને જેનું સંગીત નૌશાદે આપેલું એ ફિલ્મની મજરુહ રચિત આ ગઝલ આજેય કુંદનલાલ સાયગલના કંઠમાં સાંભળવા મળે છે ત્યારે દર્દની હલક ઘડીકભર તો કેવી હચમચાવી નાંખે છે તે જોઈએ :

'ગમ દિયે મુસ્તકિલ[1]
કિતના નાજુક હૈ દિલ, યે ન જાના
હાયે હાયે યે જાલિમ જમાના.
દે ઊઠે દાગ જો
ઊનસે તૂ માહે નૌ[2] - કહ સુનાના
હાયે હાયે યે જાલિમ જમાના.
દિલ કે હાથોં સે દામન છુડાકર
ગમ કી નજરોં નજરેં બચાકર
ઉઠકે વો ચલદીયે, કહતે હી રહ ગયે હમ ફસાના
હાયે હાયે યે જાલિમ જમાના.
કોઈ મેરી યે રુદાદ[3] દેખે
યે મુહબ્બત કી 'દાદ[4] દેખે,

(અનુસંધાન પૃ. ૩૬૪ પર)



વીજ હલેતી હીંચ ચગાવે
પવનપતાકા કામણની :
આ મસ્ત ઘટાઓ શ્રાવણની
અલમસ્ત છટા મહેરામણની.
વેણીભાઈ પુરોહિત

વ્રજલાલ દવેની વિદાય

'આ લે એય પાબ્લો નેરુદાના ભાઈ ! તને કામ લાગશે.'' ૧૯૮૧-૮૨ દરમિયાન ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટીના અમારા એમ.એ.ના વર્ગમાં પાશ્ચાત્ય સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો ભણાવવા માટે મુલાકાતી પ્રાધ્યાપક વ્રજલાલ દવે આવતા. એક દિવસ નાટકના રિહર્સલમાં વ્યસ્ત હોવાથી એમના પિરિયડમાં હું હાજર રહી શક્યો નહોતો. પિરિયડ પૂરો થતાં વર્ગ બહાર મળી જતાં એમણે ઉપરનું વાક્ય કહીને મને બોલાવ્યો અને એક ફૂલ્સકેપ કાગળ આપ્યો. એમાં મૅથ્યુ આર્નોલ્ડ વિશેની એમની વ્યાખ્યાન-નોંધ હતી. વળી કહ્યું, 'આજે આટલું વર્ગમાં ચાલ્યું છે. તારા માટે આટલું પૂરતું છે.' આગળના દિવસોમાં હું કાવ્યરચનાના અખતરાઓ કરું છું એ તેઓ જાણી ચૂકેલા એટલે મને પાબ્લો નેરુદાના ભાઈ તરીકે એમણે બોલાવેલો. સારું લાગેલું. એમના તા. ૧૮-૭-૧૯૪ના રોજ થયેલા અવસાનના સમાચાર સાંભળી જે પ્રસંગ યાદ આવે છે તે આ. પહેલા જ પરિચયથી તેઓ મને આત્મીય બનાવી ચૂક્યા.

પછી તો એમના વર્ગોમાં હું નિયમિતપણે હાજર રહેતો. વર્ગમાં એમની વાગ્ધારા મોટે ભાગે અસ્ખલિતપણે વહેતી જાય, વચ્ચે ક્યારેક ઉચિત શબ્દ માટે સહેજ અટકતા. વિષયાંતરો ન કરતા, ક્યારેક હસાવતા ખરા. એક વાર સર્જકના સમય વિશે વાત નીકળતાં કાલિદાસનું ઉદાહરણ આપીને તેમણે કહેલું, 'કાલિદાસની કૃતિઓ આપણી સામે છે, પછી એની જનમસાલનું આપણે શું કામ છે ? આપણે શું એનું શ્રાદ્ધ કરવું છે ?'



ત્યાર પછી તો વચ્ચે વરસોનાં વહાણાં વાઈ ગયાં. હમણાં ડિસેમ્બર '૯૩માં ફરી અમદાવાદ આવીને મેં 'બુધસભા'માં જવાનું શરૂ કર્યું. ત્યાં વળી એમનો ભેટો થઈ ગયો. વરસો પછી અમે મળ્યા તોય મને એટલા જ વહાલથી એમણે બોલાવેલો. છેલ્લા એકાદ વરસથી તેઓ 'બુધસભા'માં પુનઃ લગભગ નિયમિતપણે આવતા. અને મેં જોયું કે સહુ નવોદિત કવિમિત્રો માટે પણ તેઓ એટલા જ આત્મીય અને પ્રેરણારૂપ પણ હતા. તેમની રચનાઓનાં આકર્ષક તત્ત્વોને ઝીણી નજરે જોઈને મુક્ત મને વખાણતા.

'બુધસભા'માં તેઓ થોડા વહેલા આવતા અને અમારી સાથે વાતો કરતા. દેશ અને દુનિયાની, સાહિત્યિક અને રાજકીય ઈત્યાદિ અન્ય ગતિવિધિઓથી તેઓ વાકેફ રહેતા. તેમની વાતોમાં એ બધું આપોઆપ વહી આવતું. અમારી વચ્ચે ત્રણ-ચાર દાયકાનું વયનું અંતર હતું એ યાદ પણ આવતું નહીં. કેટલાક નવોદિત કવિમિત્રો એમને 'વજુદાદા' કહેતા એટલે એમણે એક વાર કહેલું, 'એમની કેટલીક બાબતોથી હું દૂર રહું એટલા માટે મારા બેટા મને 'દાદો' કહે છે.' 'બુધસભા'માં તેઓ નવી નવી કાવ્યરચનાઓ લઈ આવતા. અને કાવ્યના લાભાર્થે, નવોદિત કવિઓમાંથી કોઈએ સૂચન કર્યું હોય તો પણ સહજતાથી વધાવી લેતા.

અનેક પ્રતિકૂળ સંજોગો વચ્ચેથી તેમણે પોતાની ઉજ્જવળ કારકિર્દી ઘડી હતી અને સંઘર્ષપૂર્ણ જીવનમાંય તેમણે છેક સુધી હસમુખો સ્વભાવ જાળવી રાખ્યો હતો. રાજકોટ જિલ્લાના રામપુરમાં પ્રાથમિક શિક્ષક પિતા નાનજીભાઈ દવેને ત્યાં ઈ.સ.



છોલેલા સફરજનની છાલ ઉપર ઊડતા જીવડાનો આ ફોટો લાગે છે; પરન્તુ આ તો આફ્રિકાના સર્વોચ્ચ શિખર અને હવે શાંત પડી ગયેલા માઉન્ટ કિલિમાન્જારોના જ્વાળામુખીનું મુખ છે, જેના ઉપરથી બ્રિટનનું વલ્કન વિમાન પસાર થઈ રહ્યું છે.

૧૯૨૭ની ૨૬મી જાન્યુઆરીએ એમનો જન્મ. એક તો પ્રમાણમાં થોડી નબળી આર્થિક પરિસ્થિતિ વચ્ચે ઊછરવાનું અને એમાંય બાલપણમાં જ થયેલા માતાના અવસાનથી તેઓ માતૃસ્નેહથી વંચિત થયા. આવી વિપરીત પરિસ્થિતિમાંય તેઓ પોતાનો વિકાસ સાધતા રહ્યા. સૌરાષ્ટ્રની જુદી જુદી શાળાઓમાંથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવીને કમરીબાઈ હાઈસ્કૂલ, જેતપુરમાંથી તેમણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. ૧૯૪૨ની એ સાલ. એ વખતે મુંબઈ યુનિવર્સિટી દ્વારા લેવાતી એ પરીક્ષામાં તેઓ કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ઉત્તીર્ણ થયા હતા.

આગળ કૉલેજના અભ્યાસ અર્થે રાજકોટ જવા માટે નાણાકીય ભીડનો પ્રશ્ન મૂંઝવતો હતો. છેવટે ઘરમાંથી એક વાસણ વેચ્યું અને રાજકોટ પહોંચીને ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. કૉલેજમાં તેમને ફ્રીશિપ મળી અને કૈવલ્યધામ આશ્રમમાં વિના મૂલ્યે રહેવાની સગવડ પણ થઈ. ત્યાંથી ૧૯૪૭માં સંસ્કૃત વિષય સાથે બી.એ. થઈને તેઓ અમદાવાદ આવ્યા અને એ જ વર્ષે એચ. બી. કાપડિયા ન્યૂ હાઈ સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાઈને તેમણે પોતાની વ્યાવસાયિક કારકિર્દીનો આરંભ કર્યો.

વ્યવસાયના આરંભ સાથે તેમની અભ્યાસ-પ્રવૃત્તિમાં એક વિરામ આવ્યો, પરંતુ પછી તો બંને સાથે સાથે ચાલ્યાં અને ૧૯૫૪માં તેમણે બી.એડ.ની અને ૧૯૫૭માં એમ.એ.ની પદવીઓ પ્રાપ્ત કરી. એમ.એ.ની પરીક્ષામાં ગુજરાતી વિષય સાથે ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થવા બદલ તેમને સુવર્ણચંદ્રક પણ પ્રાપ્ત થયો હતો.

એમ.એ. થઈને ૧૯૫૭માં એ સમયે રામાનંદ કૉલેજ તરીકે ઓળખાતી અત્યારની હ.કા. આર્ટ્સ કૉલેજમાં તેઓ અધ્યાપક તરીકે જોડાયા અને ૧૯૬૦થી એ કૉલેજમાંથી સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજમાં જોડાઈ ગુજરાતીના અધ્યાપક તરીકે સેવાઓ આપતા રહ્યા હતા અને ત્યાંની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ સંભાળતા રહ્યા. વળી, એ કૉલેજમાં ચાલતી 'કાવ્યગોષ્ઠિ'ના તેઓ નિયમિત હાજરી આપનારા વડીલ પણ બની રહ્યા.

એમનો એક કાવ્યસંગ્રહ 'એકાન્તોની સોડમાં' ૧૯૭૬માં રૂપાલી પ્રકાશન, અમદાવાદ તરફથી પ્રસિદ્ધ થયેલ છે એ તો પછી જાણ્યું. એમનો કવિ તરીકેનો પરિચય પહેલાં તો જુદાં જુદાં સામયિકોમાં પ્રકટ થતી તેમની કાવ્યરચનાઓથી થયેલો, અને પછી 'બુધસભા'માં એમને સાંભળીને. એમનાં કાવ્યોમાં એમના નિજી સંવેદનવિશ્વને સુપેરે પામી શકાય છે. પ્રકૃતિ અને પ્રણયને યથાર્થપણે જ એમના કાવ્યગાનના મુખ્ય સૂરો ગણાવાય છે, પરંતુ 'મનુજ ચિત્તસારંગીના' અન્ય સૂરો પણ તેમણે ખીલવ્યા છે. 'એકાન્તોની સોડમાં'ની 'અંતઃ શિશુને', 'શહેરનું રસવૈવિધ્ય', 'સ્પુટનિક'ની શુનીને' જેવી રચનાઓ એ સંદર્ભમાં નોંધપાત્ર છે. આપણી મધ્યકાલીન કવિતા સાથે સીધું અનુસંધાન ધરાવતી 'લ્યા સાવ હરાયું ઢોર!' – શબ્દોથી શરૂ થતી રચના 'મનને' પણ એમાંથી જ એક છે.

'બુધસભા'માં હમણાં બે-ચાર મહિના પહેલાં એક રચના એમણે રજૂ કરી હતી – સ્કૂટર પર સરકતા યુગલ વિશેની. એમાંનું સંવેદન અમને સવિશેષ સ્પર્શી ગયેલું. કુટુંબના દાદા પોતાનાં પૌત્ર-પૌત્રીઓને કલ્લોલ કરતાં જે દૃષ્ટિએ જોતા હોય એવી દૃષ્ટિએ એમણે યુગલને જોયેલું. અમને એમાં જૂની પેઢીનો અમારી પેઢી તરફનો ભાવ પણ પ્રગટતો લાગેલો. હમણાં દોઢેક માસ પહેલાં 'ભલે આવી તું રાત' – એ પંક્તિ ધ્રુવપંક્તિની જેમ પુનરાવર્તન પામતી હોય એવી એક રચના એમણે વાંચેલી. એમાં અંતે આવતી 'તેં ફૂલોથી લાવા ઠાર્યો' – પંક્તિએ અમને ઘાયલ કરી દીધેલા.

આયુષ્યના અંત સુધી કાવ્યસર્જન કરવા સાથે તેમણે તાજગી પણ જાળવી રાખી હતી. ગઝલોમાં એમની સિદ્ધહસ્તતા પ્રતીત થતી હતી, પણ એ સિવાયના છાંદસ - અછાંદસ કાવ્યપ્રકારો અને ગીતોમાં એમની હથોટી અનુભવાય છે. તેઓ કાઠિયાવાડમાં ઊછરેલા અને સંસ્કૃતના અભ્યાસી હોવાથી તેમની રચનાઓમાં તળપદા કાઠિયાવાડી શબ્દો અને સંસ્કૃત તત્સમ શબ્દો અધિકારપૂર્વક પ્રયોજાયેલા જોવા મળે છે. એ બંને પ્રકારના અરૂઢ કે અલ્પ પરિચિત શબ્દો પણ ક્યારેક તેઓ યોજતા અને રસિકોના પ્રતિભાવો સ્વીકારીને તેમાં જરૂરી ફેરફારો પણ કરતા.

કાવ્યસર્જન કરવા ઉપરાંત તેમણે પુસ્તકોનાં અવલોકનો અને વિવેચન લેખો પણ લખ્યાં છે, જુદાં જુદાં સ્થળોએ સાહિત્ય વિશે વ્યાખ્યાનો પણ આપ્યાં છે. એ બધું વિવિધ સામયિકોમાં છપાયેલું પડ્યું છે, પુસ્તક રૂપે પ્રસિદ્ધ થવું બાકી છે. જે પ્રસિદ્ધ થયું છે તે છે રમણલાલ જોશીના સંપાદનમાં પ્રસિદ્ધ થતી 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'નો તેમનો એક લઘુગ્રંથ 'નરસિંહરાવ' (૧૯૮૭). એમ તો એમણે અંગ્રેજીમાંથી કરેલા કાવ્યાનુવાદો પણ ગ્રંથસ્થ થયા નથી.

તેઓ હ.કા. આર્ટ્સ કૉલેજમાં સેવાઓ આપતા હતા એ દરમિયાન 'બુદ્ધિપ્રકાશ'નું સંપાદન તેમણે કરેલું. 'વૈશાખી' સામયિકના સંપાદનની જવાબદારી પણ તેમણે સંભાળેલી. 'સવારના સૂરજને પૂછો' તથા 'કાવ્યસંચય' - ભાગ ૨ જેવા કાવ્યસંગ્રહોના સંપાદનકાર્યના તેઓ સહયોગી પણ હતા. તેમની વિવિધ કામગીરીઓમાં પાછલાં ઘણાં વર્ષો તેમણે 'જયહિન્દ' દૈનિકમાં ચલાવેલી લોકપ્રિય કટાર 'ચિત્ર અને રેખાઓ' ઉલ્લેખનીય છે.

ધીમે પગલે ચાલતા, મુક્તમને હસતા, વિસ્ફારિત નેત્રે ડોકું ધુણાવીને દાદ આપતા અમારા 'બુધસભા'ના વજુદાદ હવે તો સ્મરણોમાં જ રહેશે.

– જગદીશ વ્યાસ

કામ ભેળાં કરમ ઊગે, જેવાં કરમ એવાં સુખ;
પારકે સેઢે પરોણો થાય, એનાં જેવાં નંઈ દુઃખ.

હિન્દીના એક સુપ્રસિદ્ધ કવિનો આ પ્રસંગ છે. એક વાર તે પોતાના પ્રકાશકને ત્યાંથી ઘરે પાછા ફરી રહ્યા હતા. ત્યારે રસ્તા વચ્ચે એક ભીખારણે તેમને કહ્યું :

'દીકરા, આ ઘરડી ભૂખી સ્ત્રીને કૈં આપ.'

'ભીખ માગવાનું છોડી દેવા તમારે કેટલા પૈસા જોઈએ ?' કવિએ કહ્યું.

પેલી વૃદ્ધાએ જવાબ આપ્યો, 'શા માટે તમે મારી મશ્કરી કરો છો ?'

કવિ કહે, 'તમે દીકરો કહ્યો છો ને ? તો મારી મા કદી ભીખ ના માગે.' ને એમણે પ્રકાશકે આપેલા ત્રણ સો રૂપિયા પેલી ભીખારણના હાથમાં મૂકી ચાલતી પકડી. આ કવિ તે 'નિરાલાજી.'

હોમર અને સોક્રેટીસ જેવા મહાન સર્જકોએ એક લીટી સુધ્ધાં લખી નહોતી. એમની બધી રચનાઓ કંઠમાં પડી હતી; કારણકે બેમાંથી એકેયને લખતા-વાંચતા આવડતું નહોતું !

સાઉદી અરેબિયાના વહાબી સંપ્રદાયના સ્થાપક અબ્દુલ વહાબને કેવળ ૧૦ જ વર્ષની ઉમરે આખું કારાન કંઠસ્થ હતું.

ઈ.સ. ૧૮૧૬માં લૉર્ડ સેલિસબરીએ સર આઈઝેક ન્યૂટનનો એક દાંત ૭૩૦ પાઉન્ડમાં ખરીદ્યો હતો. હાલમાં એ દાંત વીંટીમાં જડવામાં આવ્યો છે.

વ્હેલ માછલી શ્વાસ લેવા માટે દર વીસ મિનિટે જળસપાટી પર આવે છે.

જાણો છો દુનિયાનું મોટામાં મોટું પુસ્તકાલય કયું છે ? એ પુસ્તકાલય છે 'લેનિન' અને તેમાં એક કરોડ દસ લાખ જેટલાં પુસ્તકો છે !

એક ભિક્ષુકે પોતાની પાસેથી પસાર થતા રાહદારીને કહ્યું, 'સાહેબ મુજ અંધને એક રૂપિયો આપોને.'

રાહદારી : 'તું અંધ છે તેની શી ખાતરી ?'

ભિક્ષુક : 'સાહેબ, સામે બે ઢોર ઊભાં છે તે આપને દેખાય છે ?'

રાહદારી : 'હા, દેખાય છે.'


ભિક્ષુક : 'મને તે દેખાતાં નથી.'

સૌથી નાના કદની ચલણી નોટ રોમાનિયામાં ઈ. ૧૯૧૭માં છપાઈ હતી. તેનું કદ ૩.૮ X ૨.૭ સે.મી. હતું.

જગતમાં પ્રાણીઓની જેટલી જાતો છે તો કરતાં ત્રણ ગણી વનસ્પતિની જાતો છે.

ચૂનાના પાણીથી કાચનાં વાસણ સાફ કરવાથી તે વધુ ચમકદાર બને છે.

વર્ષાઋતુમાં મંદાગ્નિને કારણે ગૅસ થાય છે. આ મટાડવા આદુ, લસણ, કોથમીર અને ફુદીનાનો ઉપયોગ અસરકારક પુરવાર થાય છે.




એક રાજસ્થાની ગ્રામ - આવાસ
(ફોટો : આનંદ પટેલ)


ગત વર્ષે એકલા અમેરિકામાં દુખાવાથી તાત્કાલિક રાહત મેળવવા માટે ત્રણ હજાર એસ્પિરીનની ગોળીઓ વપરાઈ હતી. એવો એક અંદાજ પ્રકટ થયો છે.

કલાકણિકા : અલંકરણની ઇપ્સાથી પ્રેરાઈને માનવી કેવાં કેવાં માધ્યમો ખોળી કાઢે છે ? પોતાના ઊંટની ચામડી પરની રુંવાટીમાં વિવિધ ભાત કોરીને રાજસ્થાની લોકો એને શણગારે છે. (ફોટો : આનંદ પટેલ)





ઘુડખર જંગલી ગધેડાંને નામે એ ઓળખાય છે, પણ ગધેડાંથી એ ભિન્ન પ્રાણી છે અને ભારતભરમાં માત્ર કચ્છના નાના રણમાં થાય છે. લાંબા કાન, ટૂંકી કેશવાળી, સફેદ પેટાળ, અને શરીરે ઘેરા કિરમજી ધાબાંવાળાં કુરંગ-રંગી ઘુડખર શરીર પરના પટ્ટાને બાદ કરતાં ઝીબ્રાને મળતાં ખડતલ વન્ય પ્રાણી છે. દોડવાની અતુલ શકિત એ ધરાવે છે.



તડકાની હૂંફ

બંને ફોટા : પ્રાણલાલ પટેલ